કુમાર

અંક ૨૮૫


સંસ્થાપક રવિશંકર રાવળ · સપ્ટેમ્બર '૪૭

આવતી કાલનાં નાગરિકો માટેનું

આજનાં ઘરોનું અદ્યતન માસિક




સારનાથનો અશોક-સ્તંભ (સિંહશીર્ષ) [illegible], જે સ્વતંત્ર ભારતની રાષ્ટ્રીય મહોર તરીકે નક્કી થયું છે. (વિશેષ [illegible] આ અંકના [illegible])



નાવલી નદીને તીરે (કાઠિયાવાડમાં સાવરકુંડલા ગામે આવેલી એ નદીનું દશ્ય) ચિત્રકાર · છગનલાલ જાદવ

આ નદીના લાંબા વહેણના ફોટોગ્રાફ સાથે તેને વિષેની અજબ હકીકતનો પરિચય આ અંકના પાછલા પૂઠાની અંદરની ચિત્રપ્લેટ ઉપર જુઓ.



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત.
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂા. ૭; પરદેશમાં રૂા. ૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિશિંગ કંપની,
મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ, અમદાવાદ.

'કુમાર'ના છેલ્લા ૮ અંકોમાં વિટામિન વિષે વિસ્તૃત માહિતી આવી ગઈ છે. તે સમગ્ર માહિતીને સ્પષ્ટ રીતે આવરી લેતો કોઠો અહીં આપ્યો છે. તેના પર ઝડપી નજર ફેરવનારને પણ કયા પદાર્થમાં કયું વિટામિન કેટલા પ્રમાણમાં આવેલું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

વિટામિનનો કોઠો

પદાર્થ	એ	બી-૧	બી-૨	સી	ડી	ઈ	કે	પી
દૂધ	૦૦	૦	૦૦	૦	૦૦	૦		
માખણ	૦૦૦				૦૦	૦		
ઘી	૦૦		૦		૦૦૦	૦		
કૉડલિવર ઑઈલ	૦૦૦૦				૦૦૦૦			
ઈંડાં	૦૦	૦૦	૦૦૦		૦			
ઘઉં	×	૦૦૦	૦					
ચોખા	×	૦	×					
બાજરી		૦૦	×					
જવ	×	૦૦	×					
મકાઈ	૦૦	૦૦	×					
તુવેરની દાળ	૦	૦૦	૦૦					
મગ	૦૦	૦૦	૦૦					
સોયાબીન	૦૦૦	૦૦૦	૦૦					
વટાણા		૦૦	૦			૦	૦	
ફણગાવાળાં કઠોળ	૦૦	૦૦	૦૦	૦૦૦		૦		
ગાજર	૦૦૦	૦	૦	×	૦૦		૦૦	
ડુંગળી	×	૦	૦	૦				
બટાટા		૦	૦	૦			૦	
મૂળા	×	૦		૦				
મેથીની ભાજી	૦૦૦	૦	૦	૦૦		૦૦	૦૦	
મૂળાની ભાજી	૦			૦૦		૦૦	૦૦	
પાલખની ભાજી	૦૦૦	૦	૦૦	૦૦		૦૦	૦૦	
કોબીજ	૦૦૦	૦	૦	૦૦		૦	૦૦	
મીઠો લીમડો	૦૦૦			૦૦				
કંકોડાં				૦૦૦૦				
સરગવો	૦૦૦	૦		૦૦૦				
ફ્લાવર	×	૦૦		૦૦૦				
કારેલાં	૦૦	૦	×	૦૦૦				
કોથમીર	૦૦૦		૦	૦૦				
ટમાટા	૦૦	૦૦	૦	૦૦			૦	
કાકડી	×	૦	૦	×		૦		
આમળાં				૦૦૦૦				
જમરૂખ	૦	૦	૦	૦૦૦				
પોપૈયાં	૦૦	×	૦	૦૦				
કેળાં	૦	૦	૦	૦				
લીંબુ				૦૦				
મોસંબી	૦	૦	૦	૦૦				૦
પાકી કેરી	૦૦	૦	૦	૦				
લીલાં મરચાં	૦૦			૦૦				
નાગરવેલનાં પાન	૦૦			૦				
મગફળી	૦	૦૦૦	૦૦					

કોઠાની સમજ: (૦૦૦૦)=ખૂબ સારા પ્રમાણમાં, (૦૦૦)=મોટા પ્રમાણમાં, (૦૦)=ઠીકઠીક પ્રમાણમાં, (૦)=ઘણું થોડું, (×)=નહિ જેવું.

રહસ્યઘન અંધકાર

નાની મારી કુટિર મહીં માટી તણી દીવડીનાં
આછાં તેજે મધુરપ લહી'તી બધી જિન્દગીની,
ને માન્યું'તું અધુરપ કશી યે નથી, હું પ્રપૂર્ણ.

ત્યાં લાગી કો જરીક સરખી ફૂંક, દીવી બુઝાઇ;
છાઇ મારાં સ્ફુરિત બનિયાં લોચને ધૂમ્રલેખા:
ને ઝીણી કો જલન સહ ત્યાંથી ઝરે અંધકાર.

એને સીમા નથી, અતલ ઊંડાણ એનાં કશાં રે!
દીવાતેજે નયન બનિયાં અંધ, તે અંધકારે
ન્યાળે છે કો નિરાળું અમિત કરુણાથી ભરેલું રહસ્ય.

રાજેન્દ્ર શાહ

જલદીપ

એક દીપ તણાયો જાય
જલમાં દીપ તણાયો જાય.
કમળ સમો ઘૂમે વમળોમાં
વાયુમાં વીંઝાય
જલમાં દીપ તણાયો જાય.

અંધારાંના અંચલ ભેદી
પંથ પાડતો જાય:
તરંગની ચંચલ અસવારી
કરી તેજ મલકાય
જલમાં દીપ તણાયો જાય.

ઘડીક નમણી જ્યોતિ નાજુક
સંપુટમાં જ સમાય:
ઘડી ભવ્ય ભૂગોળખગોળે
દીપશિખા લહરાય
જલમાં દીપ તણાયો જાય.

વાટ વણી ના, ના પેટાવ્યો
પોતે પરગટ થાય:
નહીં મેશ કે નહીં મોગરો
કેવલ જ્યોતિર્‌કાય
જલમાં દીપ તણાયો જાય.

બાલમુકુન્દ દવે



જવાન

· શાલિની ·

રસ્તા પાડે જે નવા તે જવાન,
ચીલેચીલે તો બધાથી ચલાય,
ખેંચી કાઢે આયખું તો બધાય,
જીવી જાણે જિંદગી તે જવાન.

સનાતન

વાંછા

[પૃથ્વી]

અમોઘ રવિ-ભર્ગ શા પ્રબલ ઓઘ ના માહરે
જગે વહવવા; ન વા વિધુ સમી સુધા-જ્યોતિનાં
અખંડ રસ-વર્ષણો વિતરવાં; ન કે વીજ શા
જ્વલંત ઝબકારથી જગત–નેત્ર આંજી જવાં;
અરે! દીપક યે થઈ ન ચહું ઘોર અંધારનાં
અભેદ્ય પડ ભેદવા; ફક્ત એક વાંછા ઉરે:
બનું ધૂપસળી, ખૂણે રહી જલી, ઢળી ખાખમાં,
પ્રસારૂં સુરભિ હું—શક્ય યદિ—સ્વલ્પ કાવ્યો તણી.

'શૈલાલિન્'

અવળી વાતું

જેની વાટ દેખીદેખી નેન થાક્યાં
એને અંતર કેમ ઉચાટ ન જાગે?
પાય પડ્યા જેને, વીનવ્યા આંસુથી,
હાય! એને કેમ કાંઇ ન લાગે?

આંહીં, અને, જેને પાટુએ મારીને
દૂર ખસેડ્યાં કુડાં અપમાને;
તો ય લળીલળી પાય પખાળતા
એહ ખસે ન કોઈ દિનમાને.

આજ 'ન જાવ, ન જાવ,' કહીકહી
રગરગી જેને કાળજું રોકે;
મુખ મરોડીને એ જ સિધાવતું
એક ઘડી નવ ફેર વિલોકે.

ને અહીં આતુર ચાતક નેણમાં
રોજ દીવા ઝગે આરતી કેરા;
એને કાજે અરે! દેવ હૃદાના
કઠોર બની થાય કેમ નમેરા!

આંખ કરે તપ, હોઠ પરે જપ
થાય જેના, એહ વેગળું જાતું
પાસ રહ્યું એની વાસના લેશ
હાય વિધાતાની અવળી વાતું.

મકરન્દ દવે

સ્વાધીનતા આપણા દેશમાં પ્રગટી છે પણ આપણા અંતરમાં પ્રગટ થવી હજી બાકી છે

— મનન —

આચાર્ય કૃપાલાનીજી વારંવાર કહેતા કે વ્યક્તિશઃ એક હિંદી એક અંગ્રેજથી કોઈ વાતે ઊતરતો નથી, પણ પાંચ હિંદી પાંચ અંગ્રેજથી અનેકરીતે ઊતરતા છે. એમના કથનનો એક અર્થ એ છે કે સાથે મળીને, વ્યવસ્થિત રીતે કામ કરીને, કામને દિપાવવાનો ગુણ એક પ્રજા તરીકે આપણે ખીલવ્યો નથી.

એમ તો આપણે પણ એક સમાજ છીએ અને ઘણા પ્રાચીન કાળથી આપણા સમાજજીવનનો અંકોડો અતૂટ રહ્યાનો ગર્વ પણ આપણે સહેજે ધરી શકીએ છીએ. કોઈક વાર દીર્ઘાયુષ્યને જ આપણે આપણી શ્રેષ્ઠતાનો પુરાવો માનીએ છીએ. જુઓને, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ આટલી બધી પ્રાચીન છે અને હજી સુધી લુપ્ત થઈ નથી એને એની મહત્તાનો પુરાવો ક્યાં નથી માનવામાં આવતો? હું એ મતનો પ્રતિવાદ કરવા માગતો નથી. અનેક સંસ્કૃતિઓ નામશેષ થઈ ગઈ હોવાના આટલા બધા પુરાવા મોજૂદ હોય ત્યારે ઇતિહાસના ઉષઃકાળથી આજ પર્યંત જીવી શકેલી જગતની એક મહાન સંસ્કૃતિની કોઈક પ્રકારની આંતરિક ગુણસમૃદ્ધિનો અસ્વીકાર પણ શી રીતે થઈ શકે?

પણ આપણી પ્રાચીનતા કે આપણી વિશિષ્ટ સંસ્કૃતિના દીર્ઘાયુને કારણે આપણે ભલે ગૌરવ ધરીએ, પણ ભૂલીએ નહિ કે એ જીવી ગઈ તેનું કારણ કેવળ પ્રજાનો પુરુષાર્થ નથી, પણ એના પર આક્રમણ કરનારાઓ છેક અસંસ્કૃત નહોતા એ ઈતિહાસનો અકસ્માત્ પણ છે. આપણે જીવ્યા છીએ તેનું એક કારણ એ પણ છે કે પ્રચંડ ઝંઝાવાતમાં તૃણ નમી જઈને જેમ જીવતદાન મેળવી લે છે તેમ આપણે–એટલે કે આપણા પૂર્વે આ દેશમાં વસીને સાંસ્કૃતિકદૃષ્ટિએ એકરસ બની ગયેલી અનેક પ્રજાઓની બનેલી આગલી પેઢીઓએ–નમીનમીને આફત નિવારી છે. પ્રચંડ ઝંઝામાં પણ ઝાડની જેમ ઊખડી જવાની સરતે ટટાર ઊભા રહ્યાની કોઈ દીર્ઘ પ્રજાકીય પરંપરા આપણે ઇતિહાસેથી શોધીને બતાવી શકીએ તેમ નથી.

આત્મનિંદા કરવાના હેતુથી આ નથી લખતો, પણ ખોટી આત્મસ્તુતિથી બચવું જ જોઈશે. આપણે જુદેજુદે પ્રસંગે અમુક અમુક રીતે જ કેમ વર્ત્યા તેનાં યે કારણો છે. એ કારણો ગૌરવભંગનું દુઃખ હળવું કરવા લાગે એમ છે. એ પૈકીનું સૌથી મોટું કારણ એ ગણાવી શકાશે કે સાંસ્કૃતિક એકત્વ સિદ્ધ કરવાને આપણા પૂર્વજો જેટલા પ્રયત્નશીલ હતા તેટલું રાષ્ટ્રીય એકત્વ સિદ્ધ કરવાને એ નહોતા. તે કાળનાં જૂનાં સાધનોની મદદથી, આજે કલ્પીએ છીએ તેવી રાષ્ટ્રીયતા આવડા વિશાળ ભૂમિખંડની પ્રજા સિદ્ધ કરી શકે એમ પણ નહોતું. સૌ પોતપોતાના પ્રદેશના કે રાજ્યના કે મર્યાદિત સમાજના શ્રેયની દૃષ્ટિથી જ વિચારતા. 'ગુજરાતનો નાથ'માં મુનશીનો કીર્તિદેવ આજની કલ્પનાના ઐક્યનું સ્વપ્ન સેવતો દેખાય છે. પણ એ કીર્તિદેવ તો કલ્પિત છે. આપણી વાસ્તવિકતા તો પોતપોતાની મઢૂલીઓ સંભાળનારા મુંજાલોએ જ રચી હતી. આપણા દેશ પર પરપ્રજાઓએ કરેલાં આક્રમણો યશસ્વી નીવડતાં એનું કારણ એ નથી કે ક્ષાત્રતેજનો અભાવ હતો; અભાવ વિશાળ દૃષ્ટિનો હતો, વિશાળ દૃષ્ટિએ પ્રેરેલા સપનો હતો.

અને છતાં મોટાંમોટાં સામ્રાજ્યોની રચના દ્વારા એક પ્રજાત્વની ભાવના ઊછરતી જતી હતી અવશ્ય. રાજ્યવહિવટની જરૂરતોને કારણે અંગ્રેજોએ એમાં જે કંઈ બાકી રહેલું તે પરિપૂર્ણ કરી આપ્યું. અંગ્રેજોના શાસન હેઠળ સમસ્ત હિંદની પ્રજાએ રાષ્ટ્રીય ઐક્યનો અદ્ભુત અનુભવ કર્યો રાષ્ટ્રીય મહાસભાની આખીયે કારકિર્દીએ એ અનુભવમાં સંકલ્પનું બળ ને ભાવનાનું તેજ પૂર્યું. અને તોપણ રાષ્ટ્રીયતા આપણને જેટલી 'ઈષ્ટ' લાગે છે તેટલા પ્રમાણમાં આપણા જીવનમાં તે હજી 'દૃઢમૂલ' થઈ નથી. જેટલે અંશે એ ઇષ્ટ છે એટલે અંશે એનાં ગીતો ગાવાં આપણને વહાલાં લાગે છે; પણ જેટલે અંશે એ આપણા પ્રમાદ પર આક્રમણ લાવે છે કે સ્વભાવમાં ઉચિત ફેરફાર માગે છે તેટલે અંશે આપણે તેનાથી દૂર ભાગીએ છીએ. રાષ્ટ્રીયતા આપણને પ્રિય છે; પણ પ્રમાદ તેથી પણ પ્રિય છે! આપણે સમૂહજીવન જીવવા માગીએ છીએ, પણ અત્યંત મર્યાદિત રૂપે. આખા રાષ્ટ્રના તાલે તાલે આપણી રગો નાચતી હોય છે, પણ તે માત્ર આપણી કલ્પનામાં, ને વખતોવખત આપણા નેતાઓનાં નિવેદનોમાં. જૂનો વારસો હજી યે આપણે જતનથી જાળવ્યો છે. ભતકાળનો ભાર હજી પણ આપણી કાંધેથી ઊતર્યે નથી. સાથે મળીને સંકલ્પો સિદ્ધ કરવા આપણે હજી શીખવાનું છે. આપણને મળ્યું છે તે આપણા પુરુષાર્થનું ફળ નથી; રાજા રામમોહનરાયથી માંડીને તે દાદાભાઈ ને ગોખલે તથા લોકમાન્યથી લઈ ગાંધીજી જવાહર ને વલ્લભભાઈ સુધીના, પ્રજાકલ્યાણને માટે પરમાર્થની ધૂણી અખંડ ધીખતી રાખનારા થોડાક પુરુષાર્થી લોકનાયકોની સંકલ્પશક્તિને જોરે આપણે ભેળેભેળે ઊંચા થવા માંડેલા, તેને જાગતિક પરિસ્થિતિનો એકાએક ટેકો મળી જતાં આપણે આજે ખંડિત સ્વાધીનતા પ્રાપ્ત કરી છે.

આમ, સ્વાધીનતા આપણા દેશમાં પ્રગટી છે, પણ આપણા અંતરમાં પ્રગટ થવી હજી બાકી છે. છેલ્લાં ૨૫ વર્ષ દરમ્યાનની આપણી અહિંસક કહેવાતી લડતોથી આપણે થોડા ઘડાયા-ટીપાયા હોઈશું, પણ ગુલામીની ઊંડી પડેલી જડ આપણામાંથી ઊખડી ગઈ નથી. આપણે આપણી જવાબદારીઓ પૂરી ભણી લીધા નથી. સ્વાધીન પ્રજાનાં લક્ષણો આપણે વિકસાવ્યાં નથી.

ત્યાં તો સ્વતંત્રતા અચાનક આવી પડી. ૧૫મી ઑગસ્ટે આપણે તેનું અપૂર્વ સ્વાગત કર્યું. આપણી ઉત્સવપ્રિય પ્રજાને ઇષ્ટ સ્થિતિનું સ્વાગત કરવું ખૂબ ભાવે છે. ઠેરઠેર પ્રજા હરખેલી બની. દીપોત્સવીની રોશની ઝાંખી પડે એવી રોશનીઓ થઈ. આઝાદીનો પ્રત્યક્ષ સ્પર્શ અનુભવવા માગતાં હોય તેમ નરનારીઓ ઘરની બહાર મ્હાલવા નીકળી પડયાં. રાજમાર્ગો પર છલોછલ લોકપૂર વહેતાં થયાં તેપણ એમાં સ્વાધીન પ્રજાને છાજતી તાલબદ્ધ ચાલ નહોતી, વ્યવસ્થા નહોતી. કેવળ બેતાલ અતંત્રતા હતી. ગુજરાતનું પાટનગર પણ એ ઊજવણીમાં પાછળ નહોતું. એની ઊજવણીમાં થયેલા અવિવેકનું થોડું દર્શન છાપાંએ કરાવ્યું છે. પણ એના મૂળમાં યે આપણી જૂની ટેવો જ હતી. એ ટેવોનાં બેએક દુઃખદ પ્રદર્શનો અહીં નોંધ્યા વિના રહેવાતું નથી.

તા. ૧૬મી ઑગસ્ટની રાતે પણ આઝાદીનાં ઉત્સવિયાંનો ઉત્સાહ થોડોક જ નરમ પડયો હતો. એ રાત્રે હિંદુમુસ્લિમોના ભાઈચારા અને એકદિલીના સંકેતરૂપ સરઘસો ઠેરઠેરથી નીકળવાનાં હતાં. હું એક મિત્રની સાથે રાયપુર ચકલામાંથી મગનભાઈની હવેલી તરફને રસ્તે જતો હતો. ત્યાં એકાએક સાઈકલસવારોનું એક મોટું સરઘસ હાથમાં મશાલો લઈને 'હિંદુ-મુસ્લિમ એક હૈ'નો સૂત્રપોકાર કરતું સામેથી આવી લાગ્યું.

એને જગ્યા કરી આપવા અમે રસ્તાની એક ધારે જઈને ઊભા રહ્યા. અર્ધુએક સરઘસ અમારી આગળ રહીને પસાર થયું હશે ત્યાં સરઘસમાંના એક સાઇકલસવારે પોતાના હાથમાંની સળગતી મશાલ રસ્તા વચ્ચોવચ્ચ જોરથી ફેંકી દીધી! સંભવતઃ જલતી મશાલને કારણે ગરમ થયેલું તેલ નીચે રેલાયું હશે ને એ ભાઇથી એ ખમવાનું નહિ હોય. મારે એ ભાઇના આઝાદી પરસ્તીના કે એના ઉત્સાહની ટીકા કરવી નથી. તેમ હાથ દાઝતો હોય તો પણ મશાલ પકડી રાખીને નવી આવેલી સ્વાધીનતા માટેની પોતાની લાયકાત પુરવાર કરી દેવાની તક એમણે ગુમાવી એમ પણ કહેવું નથી. પણ આટલું તો હું અવશ્ય કહીશ કે, મશાલ ભલે એમણે ફેંકતાં ફેંકી દીધી, પાડ પ્રભુનો કે કોઇને એથી નુકસાન થયું નહિ, પરંતુ ફેંકી દીધા પછી સાઇકલ પરથી ઊતરીને સળગતી મશાલ રસ્તાની એક કોરે લઈ જઇને બુઝાવી દેવાની તો જરૂર એની ફરજ હતી જ. એક નિમિષ માત્રમાં આ બધું બની ગયું. પાછળના સાઈકલસવારો રસ્તા વચ્ચે પડેલી જલતી મશાલ આગળથી આડા ફંટાઇને વહ્યા ગયા. આખરે મશાલ ફેંકી દેનાર ભાઇએ જે કર્તવ્ય ટાળ્યું હતું તે અમારા જેવા રાહદારીને બજાવવું પડ્યું.

એ ભાઇને અપવાદરૂપ ગણીને આશ્વાસન લેવાની મારામાં હામ નથી; કેમકે પોતાનો કચરો પારકાના આંગણામાં ઠાલવીને જે સ્વચ્છ થયાનો સંતોષ મેળવે છે, રસ્તા વચ્ચે જે થૂંકે છે, જાહેર સ્થાનોમાં ગંદકી કરે છે, ટોળે મળતાં જ ધાંટાધાંટ કરી મૂકે છે, દૈહિક સુખ (creature comforts) ભોગવતાં જેમને પોતાની માફક બીજાઓ પણ જીવે છે, પોતાના જેટલો જ જીવવાનો અને સગવડો ભોગવવાનો તેમનો પણ અધિકાર છે એ જાતનો વિચાર આવે છે જ ભાગ્યે, તેવી વ્યક્તિઓથી મોટે ભાગે રચાએલા આપણા સમાજનો તે એક પ્રતિનિધિ છે. જેવા પોતે છે તેવા જ બીજા પણ છે એ ખ્યાલમાંથી પ્રવર્તતો નાગરિક ધર્મ જ્યાં સુધી આપણા જીવનમાં દૃઢમૂલ નહિ થાય ત્યાં સુધી આવા દાખલાઓ બન્યે જ જવાના. ત્યાં સુધી ભેગા મળીને જીવવાનું, ભેગા મળીને કામ કરવાનું અને સંકલ્પો સિદ્ધ કરવાનું હૈવત આપણામાં પ્રગટી શકે જ નહિ.

બીજો દાખલો આનાથી પણ ભૂંડો છે. ૧૭મી ઑગસ્ટે રવિવાર હતો અને પ્રજા-જીવનમાં એકસામટી ત્રણ રજાઓ ભેગી આવી હોવાથી લોકો મોટી સંખ્યામાં ટહેલવા નીકળી પડ્યાં હોય એ સ્વાભાવિક હતું. ઉત્સવના ઉત્સાહનાં હવે વળતાં પાણી હતાં છતાં રસ્તા પરની અવરજવર રોજના કરતાં પ્રમાણમાં ઠીક વધારે હતી. મારે લાલ દરવાજાના બસ ટર્મિનસ પરથી બસ પકડવી હતી. ભીડ સખત હતી અને ઉતારૂઓ કતારમાં ઊભાં રહ્યાં નહોતાં. એવામાં એક બસ આવી ને ટોળાએ તેની પર ધસારો કર્યો. પણ પાછળથી તરત જ એક બીજી બસ આવી અને ટોળાનો એક ફાંટો નાનો પ્રવાહ એ તરફ વળ્યો. હું એમાં હતો, અને છએક માસના બાળક સાથે એક બહેન પણ એમાં જ હતી. અમારી બસ આગળ ભીડ ઓછી જોઇને પેલા ટોળામાંથી પણ ક્રમેક્રમે માણસો આ તરફ આવીને જમા થવા માંડ્યા હતા. બસમાંથી ઊતરનારાઓ ઊતરી રહ્યા હતા. પેલાં બહેન પ્રવેશની ઠીક નજીક હતાં છતાં ઉતારૂઓ ઊતરી રહ્યા પછી ધક્કો આવ્યા વિના રહેવાનો નહોતો એ નક્કી હતું. એટલે બસમાં કૂદી પડવાને ટાંપી રહેલા 'મરદો'ને મેં કહ્યું કે આ બહેનની સાથે આટલું નાનું બાળક છે તો આપણે ઘડીક ખમી ધસારો ખાળીને એમને પહેલાં જવા દેવાં. મારા પ્રસ્તાવના વાજબીપણા વિશે તો દલીલને અવકાશ જ નહોતો, એટલે તરત એ સ્વીકારાઈ ગયો. 'ખરી વાત છે, ખરી વાત છે, એમને પહેલાં ચઢવા દેજો.' એવા અવાજો સુદ્ધાં નીકળ્યા. પણ ત્રણેક ઊતરનારાઓ બાકી હશે ત્યાં તો ચઢવાવાળાઓની અધીરાઈ સ્પષ્ટ દેખાવા માંડી. એટલે મેં ચેતવણી દાખલ કહ્યું કે, 'આ બહેનને પહેલી ચઢવા દેજો.' મારી સાથે ઊભેલામાં જે ઊજળા પોશાકવાળા હતા તે ભણેલા પણ હશે એમ એમની સિકલ પરથી લાગતું હતું. છતાં બરાબર ચઢવા વખતે કરારનો ધરાર ભંગ કરતાં એ પણ બિલકુલ ખચકાયા નહિ. પેલી બહેનને એમણે હડસેલે બાજુએ કાઢી અને પાછળથી થએલા હેલારાને લીધે એ ભીંસાવા માંડી. એ બાપડીથી 'મારે નથી જવું, નથી જવું, મને નીકળી જવા દો' એવી ચીસ પડાઈ ગઈ અને હું, જે બસમાં એ પહેલી દાખલ થાય તે જોવાને ઉત્સુક હતો, તેને ભાગે, સ્વાધીન પ્રજાના મરદોનું આ શૂરાતન એના બાળકને કચરી ન નાખે ને એ સલામત બહાર નીકળી જાય એટલું જ કરવાનું બાકી રહ્યું!

એ બહેન એ ટોળામાંના કોઈની જેમ સગી નહોતી તેમ મારી સગી પણ નહોતી. પણ એ સ્ત્રી હતી, એટલે કે ધક્કા સામે જાતનું ને બાળકનું રક્ષણ કરવાનું એનામાં કાંડાબળ નહોતું, માટે જ કાંડાબળ ધરાવનારાઓએ એની સલામતીની જવાબદારી લેવાની હતી. એ ખ્યાલ એમના મનમાં સ્ફૂર્યો હોય પણ સ્ફુટ થયો ન હોય તો મેં સ્ફુટ કરી આપ્યો હતો; છતાં એને વશ વર્તવાની એમનામાં ધૃતિ નહોતી. ધૃતિ નહોતી, કેમકે 'આહીં એક બસ છે, હું છું, મારે એમાં બેસવું છે, મારે ઉતાવળ છે અથવા તો બસની રાહ જોઇને ઊભા રહેવાનો મને કંટાળો છે' એટલો જ ખ્યાલ એમના વર્તનને પ્રેરતો હતો. એથી વિશેષ નહિ. એ નાનું ટોળું આપણા આખા સમાજનું પ્રતિનિધિ હતું એમ કહું તો એ વધારેપડતું નહિ ગણાય એવી આશા છે. અને એ આખો પ્રસંગ આપણામાં વ્યવસ્થાનો અભાવ છે, આપણામાં અસંયમ ને સ્વાર્થપરાયણતા છે, તેનો સૂચક છે. દુનિયામાં બીજે બધે પણ દેવો નથી વસતા, આપણા જેવા ભૂલો કરનારા માનવીઓ જ વસે છે. છતાં વ્યક્તિ પોતે વ્યક્તિ મટીને સમૂહનો અંશ બને ત્યારે સરખી રીતે વર્તવાની એમણે ટેવ પાડી હોય છે. એ સઘળા સમૂહોનો અનુભવ છે. ખાનગી કરતાં જાહેર વર્તનમાં વધારે સંયમ અને શિષ્ટતા આપણે દાખવીએ છીએ. આપણો સમાજ પણ એમાં અપવાદરૂપ નથી. પણ એ ગુણ આપણે હજી વધારે ખીલવવો જોઇએ છે, એને સમાજધર્મ બનાવવો જોઇએ છે અને સંકલ્પમાં પ્રતિષ્ઠિત કરી આચારમાં ઉતારવો જોઇએ છે. 'તમે પેનીની સંભાળ રાખો એટલે પાઉન્ડ આપોઆપ પોતાની સંભાળ રાખશે' એવી એક જાણીતી અંગ્રેજી કહેતી છે. એનો ઉપયોગ કરીને કહું તો રોજના નાનાનાના પ્રસંગોમાં વ્યક્તિ પોતાની સ્વાધીનતા સંભાળે, એટલે કે સમાજધર્મને અનુસરતું સંયમપૂર્ણ, વ્યવસ્થિત, શિષ્ટ વર્તન રાખે તો રાષ્ટ્રની સ્વાધીનતા તો આપોઆપ સંભાળાઈ જશે.

સુબંધુ

સ્વતંત્રતા પોતાની સાથે જવાબદારીઓ ને બોજાઓ પણ લાવે જ છે: પરંતુ આપણે શક્તિ, વિશ્વાસ ને હિંદના ભાવિમાં શ્રદ્ધા સાથે તેનો સામનો કરીએ અને સંપૂર્ણ આશા રાખીએ છીએ કે દરેક હિંદી, તે ગમે ત્યાં હોય ને ગમે તે ક્ષેત્રમાં હોય તોપણ હિંદની સેવામાં પોતાનું સર્વોચ્ચ અર્પણ કરશે.

—જવાહરલાલ નહેરૂ—

હિંદના ક્રિકેટનો ગૌરવધ્વજ

આ માસની આખરમાં ઑસ્ટ્રેલિયા ખાતે રમવા જનારી હિંદી

વિજય મર્ચંટ



વિજય મરચન્ટ! નાનાં બાળકોથી માંડીને વૃદ્ધો પણ આજે એ નામથી પરિચિત છે. હિંદી ક્રિકેટ શોખીનોના આજ તે હૃદયરાજ છે. હિંદના વિજિગીષુ ક્રિકેટની રમતના એક માત્ર પ્રતીક, હિંદી ક્રિકેટના નાક વિજય મરચન્ટનું નામ દેશના સીમાડાઓ વટાવીને આજે જગતભરમાં પહોંચી ગયું છે. હિંદના આ 'બૅડમેન' હિંદી ક્રિકેટના ઇતિહાસમાં એક તેજસ્વી પ્રકરણ ઉમેર્યું છે. સ્કૂલમાં તે ભણતા હતા ત્યારથી જ ક્રિકેટ રમવાનું શરૂ કરીને તેમણે કૉલેજ ટીમ, ચતુરંગી મૅચો, રણજી ટ્રોફી એમ એકએક પગથિયું વધીને એવી તો સંગીન પ્રગતિ કરી છે કે આજે ઑસ્ટ્રેલિયા જતી હિંદી ટીમના તે કર્ણધાર (captain–કૅપ્ટન) નીમાયા છે. જગતના શ્રેષ્ઠ દરજ્જાના બૅટ્સમેનોમાં વિજય મરચન્ટનું સ્થાન ઘણું ઊંચું છે.

એવા, હિંદી ક્રિકેટના ગૌરવમુકુટ ગણાતા **શ્રી** વિજય માધવજી મરચન્ટનો જન્મ ઇ. ૧૯૧૧ની ૧૨મી ઑક્ટોબરે મુંબાઇમાં ગર્ભશ્રીમંત કુટુંબમાં થયો હતો. નાનપણથી જ તે ક્રિકેટ તરફ આકર્ષાએલા અને પોતાના બાલમિત્રો સાથે નાનકડી બૅટ અને બૉલ લઈ તેમણે ક્રિકેટ રમવાની શરૂઆત કરેલી. ઈ. ૧૯૧૮માં ભરડા ન્યૂ હાઇસ્કૂલમાં દાખલ થયા કે તરત જ તેમણે ત્યાંની 'C' ટીમમાં પોતાનું નામ નોંધાવ્યુ અને ક્રિકેટનો અભ્યાસ શરૂ કર્યો. ૧૯૨૩ માં તેમને 'જુનિયર' ટીમમા લેવામાં આવ્યા. શરૂઆતમાં જોકે તેમને સારી સફળતા ન મળી, પણ તેથી નિરાશ ન થતાં ધીરજ, હિંમત અને સતત અભ્યાસથી પોતાની રમત એવી તો સુધારી કે બીજે જ વર્ષે તેમને જુનિયર ટીમના કૅપ્ટન બનાવવામાં આવ્યા, એટલું જ નહિ પણ સીનિયર ટીમમાં પણ તેમને સ્થાન આપવામાં આવ્યું જુનિયર ટીમના કર્ણધાર તરીકેની તેમની કારકિર્દિ એટલી વિજયી હતી, કે જુનિયર ટીમોની આંતર–શાળા (Inter–school) હરીફાઈમા ૧૯૨૬માં તેમણે પોતાની શાળાને સર્વોપરિપદ (Championship) અપાવ્યું. વળી તે જ વર્ષમાં સીનિયર ટીમને પણ જે સર્વોપરિપદ મળ્યું તે પણ વિજય મરચન્ટને જ આભારી હતું. તેની છેલ્લી મૅચમાં તેમણે દરેક ઇનિંગમાં એકેક સદી નોંધાવેલી

આમ, શાળાની પોતાની જ્વલંત કારકિર્દી પૂર્ણ કરીને ૧૯૨૮માં સિડનહામ કૉલેજમાં તે દાખલ થતાં જ તે કૉલેજની ટીમના કર્ણધાર નીમાયા અને ત્રણ વર્ષ સુધી એ માન તેમણે ભોગવ્યું. ૧૯૩૧માં એ કૉલેજને આંતર-કૉલેજ હરીફાઇમાં સૌથી પહેલી વખત સર્વોપરિપદ મળ્યું તેમાં પણ શ્રી વિજયનો જ મોટો હિસ્સો હતો. તે વર્ષે તેમણે ૫૦૦ રન નોંધાવેલા, જે સરાસરી દર મૅચે ૮૪ પ્રમાણે થતા હતા; અને ખેલાડી દીઠ સરાસરી ૧૨ રન આપી ૨૯ ખેલાડીઓને એમણે રમતમાંથી બાતલ (આઉટ) કરેલા.

ક્રિકેટના ક્ષિતિજ પર ઊગતા આ તેજસ્વી સિતારાને બીજે જ વર્ષે ૧૯૨૯માં ચતુરંગી હરીફાઇ (Quadrangular Tournament) માટે ઝડપી લેવામાં આવ્યા અને એમણે પણ ત્યાં ઉત્તરોત્તર એવી આકર્ષક તથા સંગીન રમત જમાવી કે એ સ્થાન તેમણે કાયમનું કરી લીધું! ૧૯૪૩થી તો તે ત્યાં હિંદુઓની બાજુના કર્ણધાર રહ્યા છે.

૧૯૩૨માં ઇંગ્લંડ ગએલી હિંદી ટીમમાં તેમનું સ્થાન નિશ્ચિત હતું. પરંતુ મુંબાઇ પર મૂકવામાં આવેલા પ્રતિબંધને કારણે જ તે જઈ શક્યા નહિ. તેમની જ્વલંત રમતને કારણે હિંદની દરેક મહત્વની મૅચોમાં તો તેમનું સ્થાન લગભગ અનિવાર્ય જેવું થઇ ગયું હતું. ૧૯૩૩ માં જાર્ડિનના નેતૃત્વ નીચે આવેલી એમ સી. સી. ટીમ સામે 'કસોટી' (Test)ની મૅચો રમવા માટે જે હિંદી ટીમ ચુંટાઈ તેમાં તેમની પણ વરણી થઈ. એ કસાએલી અંગ્રેજ ટીમ સામે પણ તેમણે પોતાની રમતની ચમક બતાવી આપી. ત્રણે 'કસોટી' મૅચોમાં મળી તેમણે કુલ ૨૦૦ રન નોંધાવ્યા જે સરાસરી ૩૩ પ્રમાણે થયા ૧૯૩૫માં ઑસ્ટ્રેલિયાથી આવેલી માત્ર રાઇડર ટીમ સામે તે ખભાના દુખાવાને કારણે રમી શક્યા નહોતા.

૧૯૩૬માં વિજયનગરમના મહારાજાના નેતૃત્વ નીચે ઇંગ્લંડ ગએલી હિંદી ટીમમાં પણ વિજય મરચન્ટની ચૂંટણી વિનાસંકોચે થઈ ગઇ; અને પછી ઇંગ્લંડમાં તેમણે જે આલા દરજ્જાની રમત બતાવી તેણે તો તેમને વિશ્વખ્યાત કરી દીધા! ત્યાં વચ્ચે આંગળીએ ઈજા થવાને કારણે ૬ મૅચો તો તે નહિ રમી શકેલા; અને છતા તેમણે એ આખા પ્રવાસમાં મળી કુલ ૧૭૪૫ રન નોંધાવ્યા હતા જે સરાસરી દર મૅચે ૫૧ રન થતા હતા. તેમનો આ આંકડો આખા ઇંગ્લંડમાં તે વખતે ત્રીજે નંબરે આવતો હતો! અને માંચેસ્ટર ખાતેની કસોટી (ટેસ્ટ) મૅચમાં તેમણે તથા મુસ્તાકઅલીએ પહેલી જ વિકેટની ૨૦૩ રનની ભાગીદારીમાં દરેકે જે એકએક સદી નોંધાવી તેનાથી તો હિંદી-ક્રિકેટનું નામ જગતભરમાં ગાજી ઊઠયું. એ મૅચમાં લાગલાગટ સવા ચાર કલાક રમીને મરચન્ટે એક નવો જ વિક્રમ (Record) કર્યો! અને પ્રખ્યાત ક્રિકેટ-વિવેચક વિસ્ડન દર વર્ષે તે તે વર્ષના જગતના પાંચ શ્રેષ્ઠ ખેલાડીઓ પસંદ કરે છે તેણે તે વર્ષના પાંચ ખેલાડીઓમાં વિજય મરચન્ટને ચૂંટીને તેમનું બહુમાન કર્યું. મરચન્ટની આકર્ષક રમતથી મુગ્ધ થએલો વિસ્ડન લખે છે: '૫ ફુટ ૭ ઇંચ જેટલી ઓછી ઊંચાઇ હોવા છતાં તેમને રન મેળવવામાં જરા પણ મુશ્કેલી નથી પડતી (અનુસંધાન આગળ પાન ૨૫૮મે)

ફરકાવનાર બે ગુજરાતીઓ

ટીમમાં અગ્રણી એવા બે લોકલાડીલા ખેલાડીઓની જીવનરેખા

વિનુ માંકડ



ઑસ્ટ્રેલિયા જતી હિંદી ટીમમાં જો કોઇ સર્વશ્રેષ્ઠ 'ઑલ રાઉન્ડર' (બૅટ્સમૅન, બૉલર અને ફીલ્ડર) હોય તો તે વિનુ માંકડ. આજે તે જગતના પહેલા વર્ગના ડાબોડી સ્પિન બૉલર ગણાય છે. એટલું જ નહિ પણ હિંદી ટીમની રમતની શરૂઆત કરનારા બૅટ્સમૅનો (opening batsman)માંના તે એક છે. બૅટ્સમૅન અને બૉલર બન્ને રીતે ઊંચું સ્થાન ધરાવતા વિનુ માંકડનું સ્થાન હિંદી ટીમમાં અનોખું છે; અને ૧૯૪૬માં ઇંગ્લંડ ગએલી હિંદી ટીમમાં તેમણે ૧૦૦૦ રનનો જુમલો અને ૧૦૦ વિકેટ કબજે કરીને તો ક્રિકેટ જગતનું મોટું માન ગણાતું 'ક્રિકેટ–ડબલ' મેળવ્યું છે.

વિનુ માંકડનો જન્મ ૧૯૧૭ની ૧૨મી એપ્રિલે કાઠિયાવાડમાં ક્રિકેટકેસરી રણજીતસિંહ ને દુલિપસિંહના જામનગરમાં થયો હતો. નાનપણથી જ ક્રિકેટનો શોખ હોવાથી શાળામાં ભણતા હતા ત્યારથી જ ક્રિકેટ રમવાની શરૂઆત કરી અને રમતમાં તેમની પ્રવીણતાને કારણે નવાનગર હાઇસ્કૂલની ટીમમાં તેમને લેવામાં આવ્યા. કાઠિયાવાડ સ્કૂલ્સ શીલ્ડ ટૂર્નામેન્ટમાં તેમની શાળાને સર્વોપરિપદ મળ્યું તેમાં વિનુનો હિસ્સો નાનોસૂનો નહોતો.

શાળાની કારકિર્દી દરમ્યાન તેમણે જે સંગીન અને ઊંચી રમત બતાવી તેને કારણે નવાનગર ક્રિકેટ એસોસીએશનના અધિકારીઓનું ધ્યાન તેમના તરફ ખેંચાયું અને જામનગર ટીમમાં તેમની ચૂંટણી થઇ.

માંકડમાં રહેલી ગુપ્ત શક્તિઓને બહાર લાવવાનું તથા તેને કેળવવાનું માન પ્રિન્સ દુલીપસિંહજી અને ક્રિકેટ–નિષ્ણાત એ. એફ. વેન્સ્લી (Wensley)ને ફાળે જાય છે. તેમણે ક્રિકેટની રમતનું યોગ્ય શિક્ષણ તથા સૂચનો આપીને વિનુને અચ્છો ખેલાડી બનાવ્યો. તેમના હાથ નીચે વિનુએ કરેલી ઝડપી પ્રગતિને કારણે ૧૯૩૬માં રણજી ટ્રોફીમાં રમવા માટે નવાનગરની ટીમમાં વિન્સ્લીએ તેમને સ્થાન અપાવ્યું અને તે જ વર્ષમાં મુંબાઇની ચતુરંગી હરીફાઈમાં પણ તેમને હિંદુઓ તરફથી લેવામાં આવ્યા. રણજી ટ્રોફીમાં તે વર્ષે નવાનગરને પહેલી જ વખત સર્વોપરિપદ મળ્યું તેમાં વિનુ માંકડનો ફાળો મોટો હતો. બંગાળની સામે તેમણે ૧૮૫ રન નોંધાવીને પોતાની રમતની ચમક બતાવી આપી ત્યારથી એમણે પોતાનું સ્થાન આ બને ટૂર્નામેન્ટોમાં લગભગ કાયમનું જ કરી નાખ્યું છે. ચતુરંગી (પાછળથી પંચરંગી) મૅચોમાં ૧૯૪૪ સુધી તેમણે ૧૭ ઇનિંગ રમીને ૭૦૬ રન નોંધાવ્યા છે જે સરાસરી દર ઇનિંગે ૪૧ રન થાય. જોકે ચતુરંગી મૅચોમાં તે બૉલર તરીકે બહુ ચમકયા નથી. પણ તેનું કારણ એ છે કે તેમને વધારે વખત બૉલિંગ આપવામાં આવી જ નહોતી.

૧૯૩૭માં હિંદ આવેલી લૉર્ડ ટેનિસન ટીમ સામે કસોટી-(ટેસ્ટ)ની મૅચો રમવા માટે હિંદી ટીમમાંથી વિનુ માંકડની ચૂંટણી થઈ. અને. માત્ર ૨૦ વર્ષની ઉમરના એ ગભરૂ યુવાને એ કસાએલી અંગ્રેજ ટીમ સામેની ચાર ટેસ્ટોમાં પોતાનું પાણી બરાબર બતાવી દીધું. એમાં રમાએલી કુલ ૭ ઇનિંગમાં તેમણે ૩૭૬ રન નોંધાવ્યા જે સરાસરી દર ઇનિંગે ૬૨ રન થાય. (એક વખત તો ૧૧૩ રન કર્યા છતાં 'નોટ આઉટ' રહેલા.) બૉલિંગમાં પણ તેમણે સરાસરી દર વિકેટે માત્ર ૧૪ રન આપી ૧૫ વિકેટો કબજે કરેલી ! ફક્ત હિંદી ટીમમાં જ નહિ, પણ અંગ્રેજોની બાજુમાં પણ કોઇ ખેલાડીએ આવો સુંદર ફાળો આપ્યો નહોતો. ટેનિસન ટીમ જેવી મજબૂત ટીમ સામે આવું મહાન પરાક્રમ કરવું એ કંઈ જેવીતેવી વાત નથી. લૉર્ડ ટેનિસને જાતે તેમની શ્રેષ્ઠ રમત માટે વિનુને અભિનંદન આપ્યાં હતાં અને જણાવ્યું હતું કે માંકડ એ હિંદના પ્રથમ દરજ્જાના ખેલાડી છે ને 'ઑલ રાઉન્ડર' તરીકે તેમનું ભવિષ્ય ઘણું જ ઊજળું છે. જામનગરમાં અંગ્રેજ ટીમને જે ૩૪ રનની હાર મળી તેમાં વિનુનો જ મોટો ફાળો—બૅટ્સમૅન અને બૉલર બન્ને રીતે—હતો.

૧૯૩૮ના 'ક્રિકેટ સ્પ્રિંગ ઍન્યુઅલ'માં મિ. બાર્ડે (Barday) વિનુ વિષે લખે છે: 'હિંદનો ઉત્કૃષ્ટ ખેલાડી જો કોઈ હોય તો તે નિઃસંશય રીતે વિનુ માંકડ છે ઑલ રાઉન્ડર તરીકે તેમણે સર્વોચ્ચ કીર્તિ મેળવી છે. લૉર્ડ ટેનિસન ટીમ સામે બૅટ્સમૅન તરીકે તે એકે વખત નિષ્ફળ ગયા નથી. વળી તે ઘણા ચોક્કસ ડાબોડી બૉલર પણ છે. તે એક મહાન ખેલાડી છે.' રણજી ટ્રોફીની મૅચોમાં પણ આજ સુધી તેમણે બૉલર અને બૅટ્સમૅન બંને રીતે સારી નામના મેળવી છે. હાલ તો તેઓ ગુજરાત ટીમના કૅપ્ટન છે.

હરીફ ટીમના સર્વ ખેલાડીઓને પોતે એકલે હાથે આઉટ કરવાનું દરેક બૉલરનું સ્વપ્ન હોય છે, પણ ભાગ્યે જ કોઈની એ આશા પાર પડે છે. પણ આવું મહાપરાક્રમ કરવાનું ભાગ્ય વિનુ માંકડને સાંપડ્યું છે. મધ્યપ્રાંતોની ચતુરંગી મૅચોમાં તેમણે પારસીઓની દસેદસ વિકેટો માત્ર ૬૧ રનમાં ખેરવી નાખી હતી ! તે જ હરીફાઈમાં મુસ્લિમોની પણ ૮ વિકેટો તેમણે માત્ર ૧૦૦ રન આપીને જ કબજે કરી હતી.

૧૯૪૫માં ઑસ્ટ્રેલિયન સર્વિસિઝ ઇલેવન સામે 'કસોટી'ની મૅચો રમવામાં માંકડની વરણી થાય એ સ્વાભાવિક જ હતું. તે ટીમ સામે તે બે ટેસ્ટ મૅચો રમેલા ને કુલ ૧૬૨ રન નોંધાવ્યા હતા તથા ૨૫૩ રન આપી ૭ વિકેટ કબજે કરી હતી. કલકત્તાની 'કસોટી'ની મૅચમાં તેમણે ૭૮ રન નોંધાવેલા. માંકડની રમતથી ઑસ્ટ્રેલિયન

ટીમના કૅપ્ટન હૅરોલ્ડ ખૂબ જ પ્રભાવિત થયા હતા. તે કહે છે, 'માંકડ બૉલને સરસ રીતે 'સ્પિન' કરી શકે છે એટલું જ નહિ પણ 'લેંગ્થ' (Length) પણ સરસ જાળવી શકે છે. ઇંગ્લંડના હેડલી વેરાઈટીની પછી વિનુ માંકડ જેવો બીજો કોઈ સારો ડાબોડી બૉલર મળી શકે તેમ નથી.'

તે જ વર્ષે સીલોન ગયેલી હિંદી ટીમની સાથે માંકડ પણ ગયા હતા ત્યાં કોલંબોમાં રમાએલી 'ટેસ્ટ મેચ'માં તો માંકડની બૉલિંગે ભારે તરખાટ મચાવી દીધો હતો અને તેમણે માત્ર ૩૫ જ રનમાં ૮ ખેલાડીઓને ખેરવી નાખ્યા હતા! આખા પ્રવાસ દરમ્યાન તેમણે સરાસરી ૩૧ રન નોંધાવેલા જ્યારે ૩૧૬ રનમાં ૨૦ વિકેટ કબજે કરી હતી, જે સરાસરી દર વિકેટે ૧૫ જ રન થાય.

આમ બૅટ્સમૅન અને બૉલર બંને રીતે ખ્યાતિ મેળવી ૧૯૪૬માં એ જ્યારે હિંદી ટીમ સાથે ઇંગ્લંડ ગયા ત્યારે તેમને ભાગ્યે જ ખ્યાલ હતો કે ક્રિકેટનું સૌથી મોટું માન 'ક્રિકેટ-ડબલ' તેમને મળવાનું છે. ઇંગ્લંડમાં માંકડ અને અમરનાથ એ બેની ઉપર જ હિંદી ટીમની બૉલિંગનો બધો ભાર આવી પડ્યો હતો અને તે કામ તેમણે કાબીલ, એકધારી બૉલિંગથી બરાબર પાર પાડ્યું. વિનુ માંકડે સરાસરી દર વિકેટે ૨૦ રન આપીને ૧૩૪ પ્રથમ કક્ષાની અંગ્રેજ વિકેટો કબજે કરેલી. એમ.સી.સી. ટીમના ૭ ખેલાડીઓને તો માત્ર ૩૭ રનમાં જ એમણે ખેરવી નાખેલા! આખા પ્રવાસ દરમ્યાન ૧૧૨૦ રન નોંધાવીને તેમણે બૅટ્સમૅન તરીકે પણ પોતાની કીર્તિ કાયમ રાખી. તેમણે પોતાને ખાતે કુલ ત્રણ સદીઓ નોંધાવી હતી અને ઉપરાંત ૭ સદીઓની ભાગીદારીમાં ફાળો આપેલો; એટલું જ નહિ પણ તેમણે અને હજારેએ ૩૨૨ રનની ભાગીદારી નોંધાવીને તો આખા પ્રવાસનો મોટો વિક્રમ (record) કર્યો હતો! એ આખા પ્રવાસ દરમ્યાન પરદેશની આબોહવામાં પણ ૨૯ મૅચોમાંથી માત્ર એક જ મૅચ તે રમી શક્યા નહોતા, એ તેમનું આરોગ્ય કેવું ખડતલ છે તે બતાવે છે.



વિનુ માંકડ અને વિજય મરચન્ટ ઇંગ્લંડમાં

આવા સર્વશ્રેષ્ઠ ડાબોડી બૉલર, સરસ ઓપનિંગ બૅટ્સમૅન અને સર્વોત્તમ ફીલ્ડર તરીકે ખ્યાતનામા વિનુ માંકડની ઑસ્ટ્રેલિયા જતી હિંદી ટીમમાં પસંદગી થાય તેમાં શી નવાઈ?

વિનુને ક્રિકેટ વિષે ખૂબ જ મમત્વ છે અને તેને ખાતર પોતાની કોઇપણ સુખસગવડ નિછાવર કરી નાખવાને તત્પર હોય છે. તેમના વિષે નવાઈની વાત એ છે કે તે બૉલિંગ ડાબે હાથે નાખે છે, પણ બૅટિંગ તો જમણી બાજુથી જ કરે છે! ક્રિકેટ સિવાય બીજી કોઇ પણ રમતનો તેમને શોખ નથી તેમની ઉમર હજી તો માત્ર ૨૮ વર્ષની છે અને લગ્ન થયું હોઈ એક પુત્ર પણ છે. તે ચુસ્ત શાકાહારી છે, એટલું જ નહિ પણ સીગારેટ કે તંબાકુ સુદ્ધાંને અડતા નથી. માત્ર ચાના તે ખૂબ રસિયા છે અને દિવસના ૨૫થી ૩૦ કપ ચા મોજથી ઉડાવી શકે છે. મોટી મૅચોમાં રમવાનું હોય તે વખતે શાસ્ત્રીયરીતે ચંપી કરાવવાનો તેમને ખાસ શોખ છે. ૧૯૪૪થી ગુજરાત ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ સર ચિનુભાઇએ તેમને પોતાના પુત્રને ક્રિકેટનું શિક્ષણ આપવા રોકયા છે. સ્વભાવે તે ખૂબ જ આનંદી ને મળતાવડા છે.

વિનુ માંકડે ક્રિકેટ-જીવનની શરૂઆત તો જોકે બૅટ્સમૅન તરીકે કરી હતી, પણ આજે તો તે સર્વોત્તમ ડાબોડી સ્પિન બૉલર ગણાય છે. તેમની બૉલિંગ ધીમી હોવા છતાં તે સરસ 'સ્પિન' કરી શકે છે. તેમના 'લેગ-બ્રેક' એવા તો ઝડપી હોય છે કે બૅટ્સમૅનને તે મૂંઝવી નાખે છે. એ એકધારી ધીમી બૉલિંગમાં અચાનક વચ્ચે-વચ્ચે 'ફાસ્ટ' બોલ નાખીને તે બૅટ્સમૅનને પોતાની ઝડપનો ખ્યાલ આવવા દેતા નથી. બૅટ્સમૅન તરીકે પણ તેમનું સ્થાન ઊંચું છે. મેદાનની ચારે બાજુ તે વિવિધ પ્રકારના ફટકાઓ ખૂબ આસાનીથી મારી શકે છે. તેમની ફીલ્ડિંગ પણ ખૂબ ચપળ છે અને ઘણુંખરું 'સ્લિપ'માં જ તેમનું સ્થાન હોય છે.

ગરવી ગુજરાતના આ પ્રતિનિધિ ઇંગ્લંડની માફક ઑસ્ટ્રેલિયામાં પણ પોતાના નામનો ડંકો વગાડીને પાછા ફરે એમ આપણે ઇચ્છીએ.

વિજય મર્ચન્ટ (અનુસંધાન પાછળ પાન ૨૫૬થી)

પોતાની ઊંચાઇની ખોટ તે પોતાના પગની ચપળ ચિલઝડપ તથા સર્વગ્રાહી ચકોર નેત્રોથી ભરી કાઢે છે. જલદ ગોલંદાજી (Bowling)ને પણ તે ફટકાર્યા વગર છોડતા નથી. રનનો જુમલો વધારવા તે 'હૂક'નો સરસ ઉપયોગ કરી શકે છે. 'લેગ' તરફ બૉલને કૌશલ્યભરીરીતે વાળવાની તેમની કળા પર તો પ્રેક્ષકો વારી જાય છે. તેમની સંરક્ષણાત્મક સંગીન રમત (Defence) તેમનો ઊંડો અભ્યાસ તથા અનુભવ બતાવે છે.'

ઇંગ્લંડમાં તેમને મળેલી આ અસાધારણ સફળતાથી ૧૯૩૭માં

ઇગ્લંડથી હિંદ આવેલી લોર્ડ ટૅનિસનની ટીમ સામે હિંદી ટીમના કર્ણધાર તરીકે તેમની નિમણૂક થઇ. એ જવાબદારીના વધુ પડતા બોજાને કારણે હો કે તે વખતે તેમની રમતને 'ફૉર્મ' નહિ હોવાને કારણે હો પણ પોતે વ્યક્તિગતરીતે એ વખતે સારું રમીનહિ શકેલા; છતાં એ અંગ્રેજ ટીમને પણ બે વખત હરાવીને પોતાની કર્ણધાર તરીકેની શક્તિઓનો તો પરચો આપ્યો જ.

૧૯૪૪માં સીલોન ગએલી હિંદી ટીમના કર્ણધાર તરીકેની માળા પણ તેમને જ આરોપવામાં આવેલી. ત્યાં રમાએલી પાંચ મૅચોમાં હિંદે બે વાર જય મેળવ્યો જ્યારે બાકીની મૅચો પૂરી થઈ શકીનહોતી.

૧૯૪૫ માં હિંદ આવેલી 'ઑસ્ટ્રેલિયન સર્વિસિસ ઇલેવન' સામેની 'કસોટી'ની મૅચમાં હિંદની બાજુ સંભાળવા વિજય મરચન્ટ જ કર્ણધાર નીમાએલા. ત્રણ કસોટીની મૅચોમાં બે તો જોકે અનિર્ણિત રહી; પણ છેલ્લી મૅચમાં હિંદે ઑસ્ટ્રેલિયાને ૬ વિકેટની સજ્જડ હાર આપીને પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરી આપી. કલકત્તા ખાતેની મૅચમાં મરચન્ટ ૧૫૫ રન કર્યા છતાં નૉટઆઉટ રહેલા અને સરાસરી દરેક મૅચમાં ૬૦ રનનો મોટો ફાળો આપેલો. ઑસ્ટ્રેલિયન ટીમના કાર્યધાર એ. એલ. હૅસેટ તો મરચન્ટની રમત પર ખૂબ આફરીન હતા. તે લખે છે, 'વિજય મરચન્ટ માફક જોરદાર ફટકા મારનાર બૅટ્સમૅન (hard hitting batsman) મેં બહુ ઓછા જોયા છે. કોઇ પણ બૉલને તે જમીનથી ઊંચે ભાગ્યે જ ઉચકે છે. સરસ ફટકો મારવા માટે તે પગનો જે પેંતરો લે છે તે તો ખરેખર પ્રેક્ષણીય છે આગળ વધીને સંરક્ષણાત્મક રમત રમવાની એમની કળા, તથા ક્યા બૉલને કેવો ન્યાય આપવો તેનો યોગ્ય નિર્ણય કરવાની શક્તિ એ બે વસ્તુને કારણે તે પ્રથમ દરજ્જાના બૅટ્સમૅન બની શક્યા છે.'

૧૯૪૬માં ઈંગ્લંડમાં જે હિંદી ટીમ ગઈ હતી તે અનેક દૃષ્ટિથી મહત્વની છે. ઇંગ્લંડમાં લાંબો વખત રહેલા શ્રી પટૌડીના નવાબ તેના કર્ણધાર હતા, જ્યારે ઉપ-કર્ણધાર તરીકે આપણા વિજય મરચન્ટ હતા. ત્યાં હિંદી ટીમને કુલ ૩૩ મૅચોમાંથી ૧૫ મૅચોમાં જીત મળી અને માત્ર ૪ મૅચમાં હાર મળી (બાકીની મૅચો અધૂરી જ રહી હતી.) તેનું ઘણું શ્રેય શ્રી વિજય મરચન્ટને ફાળે જાય છે. ત્યાં તેમણે જે ચમકદાર રમત બતાવી તે અત્યારસુધીની તેમની જ્વલંત કારકીર્દીના કળશ રૂપ હતી. તેમણે ત્યાં આખા પ્રવાસમાં મળી કુલ ૨૬૩૦ રન નોંધાવ્યા જે સરાસરી દર મૅચે ૭૫ પ્રમાણે થાય! આ પ્રમાણુ આખા ઈંગ્લંડમાં બીજે નંબરે આવતું હતું. તેમણે કુલ ૮ સદીઓ નોંધાવી જેમાં એક તો બેવડી હતી! અને 'કસોટી'ની મૅચમાં સદી નોંધાવનાર તે એકલા જ હિંદી હતા. ઈંગ્લંડના ઇતિહાસમાં કદી નહોતી એવી ભેજવાળી (wet) આબોહવામાં આવી સંગીન રમત બતાવવી એ કંઇ નાનીસૂની વાત નથી. વળી કૅપ્ટન તરીકે પણ તેમનામાં કેવા ઉચ્ચ ગુણો છે તેની પ્રતીતિ તેમણે પટૌડીના નવાબની ગેરહાજરીમાં જે મૅચોની કૅપ્ટનશિપ ધારણ કરેલી તે મૅચોનું પરિણામ જ બતાવી આપે છે. આવી ૧૩ મૅચોના તે કર્ણધાર હતા તેમાંની ૮ મૅચો તે જીત્યા, ૫ અધૂરી જ રહી, જ્યારે હાર્યા તો એક પણ નહિ.

ઈંગ્લંડમાં વિજયે જે યાદગાર વિજય મેળવ્યો તથા પોતાના ઉચ્ચ ગુણોની સાબિતી આપી તેને કારણે આ માસ સપ્ટેમ્બર ૧૯૪૭માં ઑસ્ટ્રેલિયા જતી હિંદી ટીમના તે સર્વાનુમતે કર્ણધાર ચુંટાયા છે. ઑસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમ (જેણે ઇગ્લંડની કસાએલી ટીમને પણ ઘણી હાર ખવડાવી છે)નો સફળ સામનો વિજયની અનુભવી તથા તેજસ્વી નેતાગીરી જ કરી શકશે એમાં લેશમાત્ર શંકા નથી.

આજ સુધીના ક્રિકેટના ઈતિહાસમાં મરચંટનું સ્થાન અજોડ રહ્યું છે. તેમની પ્રેક્ષણીય રમત, તેમણે નોંધાવેલા વિક્રમો ઇત્યાદિને કોઈ આંટી શકે તેમ નથી. પચરંગી મૅચોમાં અત્યાર સુધી તેમણે ૧૬૦૦ રન નોંધાવ્યા છે, જે દર મૅચે સરાસરી ૯૦ રન થાય જેમાં તેમણે ૪ વખત તો બેવડી સદીઓ નોંધાવી છે. રણજી ટ્રોફીમાં તેમણે આજસુધી કુલ ૩૬૦૦ રન નોંધાવ્યા છે, જેની સરાસરી પણ દર મૅચે ૯૦ રન થાય છે. તેમાં ૧૬ તો સદીઓ છે, જે પૈકી એક ત્રેવડી સદી અને ત્રણ બેવડી સદીઓ છે! ૧૯૪૪માં તેમણે મહારાષ્ટ્ર સામે ૩૫૯ રન નોંધાવવા છતાં 'નૉટ આઉટ' રહી જે વિક્રમ કર્યો છે તે તો એમના જીવનનો તથા હિંદના શ્રેષ્ટ ક્રિકેટ જગતનો સર્વોચ્ચ આંક ગણાય છે અને તેને આજ સુધી કોઇ પણ હિંદી ખેલાડી આંટી શક્યો નથી. આ સિવાય તો તેમણે કેટલાયે વિક્રમો કરેલા છે તે સર્વ જો અહીં ગણાવા બેસીએ તો તેનું એક મોટું પુસ્તક થાય.

પણ મરચન્ટની મહત્તા કેવળ આંકડાઓથી માપી શકાય તેમ નથી. ક્રિકેટની રમતમાં આજે તે એક સંપૂર્ણ ખેલાડી ગણાય છે. દરેક જાતના ફટકા (stroke) પર તેમણે અસાધારણ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે. પણ તેમાંયે તેમની 'લેટ કટ' (Late cut) તો શ્રેષ્ઠ ગણાય છે. મેદાનની ચારે દિશામાં તે સુલભતાથી ફટકા મારી શકે છે. તે કદી પણ બૉલને જમીનથી ઊંચે ઊચકતા નથી, પણ તેમનો દરેક ફટકો જમીનને સમાંતર હોય છે. કલાકોના કલાકો સુધી તે જરા પણ થાકયા વગર એકધારી રમત રમી શકે છે. પોતાની સંગીન રમતમાં તે એક પણ 'ચાન્સ'ને સ્થાન આપતા નથી, એટલું જ નહિ પણ એક પણ ફટકો ખોટો કે અપૂર્ણ મારતા નથી. ગમે તેવી વિકટ પરિસ્થિતિ યા હવામાન હોય છતાં તેમાં તે જે ધીરજ, સ્વસ્થતા, આત્મવિશ્વાસ ને એકાગ્રતાથી રમે છે તે તો ખરેખર આશ્ચર્યકારક છે. હિંદના સર્વે ખેલાડીઓમાં તે જ સૌથી વધુ શિસ્તબદ્ધ ખેલાડી છે અને જગતના બહુ જ ઓછા ખેલાડીઓ તે બાબતમાં તેમની બરાબરી કરી શકે. એક વખત એ રમતમાં જામી ગયા પછી સદી કે બે સદી નોંધાવવા દીધા વગર તેમને ઉખેડવા એ તો એક મહાભારત કાર્ય છે. ક્રિકેટમાં તેમની આ આશ્ચર્યકારક પ્રગતિ એ તેમના સ્વ-પ્રયત્નનું જ ફળ છે.

ક્રિકેટ વિષે તેમણે ઘણું ઊંડું વાંચન કર્યું છે. જગતના શ્રેષ્ઠ ક્રિકેટરો વિષે તે જેટલી વિશાળ માહિતી ધરાવે છે તેટલી ભાગ્યે જ બીજો કોઇ ખેલાડી ધરાવતો હશે. કર્ણધાર તરીકે પણ તે અજોડ ગણાય છે. તેમની દૃઢતા, ચીવટ, ધીરજ, ગમે તેવા સંજોગોમાં પણ સ્વસ્થતાથી કામ લેવાની તેમની આવડત, ટીમના દરેક સભ્યના ગુણાવગુણ તથા શક્તિ–અશક્તિ વિષેનું તેમનું સંપૂર્ણ જ્ઞાન અને પોતાની સંગીન બૅટિંગ તથા રમત વિષેની અત્યંત સૂક્ષ્મ માહિતી ઈત્યાદિ ગુણોને કારણે હિંદી ટીમના કર્ણધાર તરીકે તેમના જેવી બીજી સમર્થ વ્યક્તિ ભાગ્યે જ મળે. એ દૃષ્ટિથી એક વિવેચકે જે એમ કહ્યું છે કે 'વિજય મરચન્ટ એકલા જ હિંદી ટીમનું અરધું બળ તો ધરાવે છે' એ ઉક્તિ તદ્દન સત્ય લાગે છે.

૩૫ વર્ષના આ તેજસ્વી ને કસાએલા ક્રિકેટર ચાહ, બીડી કે દારૂને અડતા પણ નથી ને હજુ સુધી અપરણિત છે. મુંબઇની ચાર કાપડની મિલોના મૅનેજિંગ એજન્ટ્સ મેસર્સ ઠાકરસી મૂળજી ઍન્ડ કંપનીના તે એક ભાગીદાર છે. ક્રિકેટ સિવાય તેમને બીજી કોઈ રમતનો ખાસ શોખ નથી; જોકે શારીરિક સ્વસ્થતા માટે કોઈક વાર ટૅનિસ રમે છે.

પેઢુમાં થતા દરદને કારણે વિજય મરચન્ટ ઑસ્ટ્રેલિયા જવાના નથી એ છેલ્લા ખબરે હિંદની ક્રિકેટ–શોખીન જનતાને હતોત્સાહ ને બેચેન બનાવી મૂકી છે. આપણે આશા રાખીએ કે ઑસ્ટ્રેલિયા જતાં પહેલાં તેમને સારું થઈ જશે.

રાજા કુંવરસિંહ



'૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધમાં જે તેજસ્વી નેતાઓની ઉજ્જ્વલ રેખા ચમકી ગઇ તેમાં રાજા કુંવરસિંહનું સ્થાન ઘણું જ ઊંચું છે. બિહારના શાહબાદ જિલ્લાના આ ૮૦ વર્ષના વૃદ્ધ રાજપુત રાજાએ યુવાનોને પણ શરમાવે તેવી સ્ફૂર્તિ તથા બહાદુરીથી ક્રાંતિકારી સૈન્યનું જે સફળ સંચાલન કર્યું તેની પ્રશંસા તો ખુદ અંગ્રેજોએ પણ કરી છે. એકબે નહિ પણ સાતસાત વાર તાલીમબદ્ધ અંગ્રેજ સેનાને તેણે જે હાર આપી, તેથી ભલભલા અંગ્રેજ સેનાપતિઓની પણ છાતી બેસી ગએલી. પાસે નહોતા સૈનિકો કે નહોતો તોપ આદિનો ભારે લશ્કરી સરંજામ, છતાં કેવળ અપૂર્વ યુદ્ધકૌશલથી તેણે અંગ્રેજોને જે સજ્જડ શિકસ્તો દીધી તે તેને જગતના પણ ઉચ્ચ સેનાપતિઓની હરોળમાં બેસાડે તેવી છે.

દિલ્હીમાં અનેક સલ્તનતો બદલાતી પણ બિહારમાંના એના પરાપૂર્વના રાજપુત રાજ્ય પર તરાપ મારવાની કોઈ હિંમત કરતું નહિ. પણ લૉર્ડ ડેલહાઉસીએ એ બહાદુરોનું રાજ્ય ઝૂંટવી લેવાની હિંમત કરી. ત્યારથી તેણે અંગ્રેજોને ઉખેડી નાખી ફરી સ્વરાજ્ય સ્થાપવાનો નિશ્ચય કર્યો અને નાનાસાહેબ પેશ્વા સાથે મસલતો શરૂ કરી.

નિશ્ચિત યોજના પ્રમાણે સત્તાવનનો દાવાનળ ફાટી નીકળ્યો કે તરત બિહારમાંની હિંદી પલટનો જગદીશપુરમાં રાજા કુંવરસિંહના નેતૃત્વ હેઠળ ભેગી થઈ. તેણે પ્રથમ તો જિલ્લાના મુખ્ય શહેર આરા ઉપર હુમલો કરી તે જીતી લીધું અને કિલ્લામાં ભરાઈ બેઠેલી અંગ્રેજ સેનાને ઘેરો ઘાલ્યો. એ ઘેરો ઉઠાવવા દાનપુરથી કૅપ્ટન ડનબારની સરદારી હેઠળ આવેલી સેનાને કુંવરસિંહે ગોરિલા પદ્ધતિથી એવી તો સજ્જડ હાર આપી કે માંડ ૫૦ માણસો જીવતા પાછા ફરી શક્યા. આથી મેજર આયર મોટી સેના લઇ ચડી આવ્યો. એ યુદ્ધમાં છેલ્લી ઘડીએ બાજી પલટાઈ જવાથી કુંવરસિંહે પાછા હઠીને પોતાની રાજધાની જગદીશપુર જઇ મોટી લડાઇની તૈયારીઓ કરવા માંડી. પણ એ તૈયારી પૂરી થાય તે પહેલાં જ આયર ચડી આવવાથી કુંવરસિંહને એક બે નાની લડાઇઓ પછી જગદીશપુર પણ છોડવું પડ્યું ને તેણે બિહારનાં જંગલોમાં પોતાનું થાણું નાખ્યું.

એવામાં એક અંગ્રેજ પલટન આઝમગઢથી અવધ જતી હતી તેને ભીડાવવા રાજાએ ચીલઝડપે અતરોલિયાના કિલ્લામાં જઈ પડાવ નાખ્યો. મિલમૅનની સરદારી નીચે અંગ્રેજ સૈન્યે કુંવરસિંહ પર હુમલો કર્યો. કુંવરસિંહે પીછેહઠનો દેખાવ કર્યો. આથી છેતરાઇ જઇ અંગ્રેજ સેના ભોજન કરવા બેઠી; પણ કોળિયો મોંમાં મૂકે તે પહેલાં તો કુંવરસિંહે પાછા ફરી સિંહની માફક તૂટી પડીને અંગ્રેજોને સજ્જડ હાર દીધી. તેનું વેર લેવા બનારસથી કર્નલ ડેમ્સ મોટા સૈન્ય સાથે ચડી આવ્યો, પણ તેની યે મિલમૅન જેવી જ ભૂંડી વલે થઇ.

હવે લખનૌ-કલકત્તાના રસ્તા પર આવેલા કાશી તરફ કુંવરસિંહે નેમ સાંધી. આથી ગવર્નર જનરલ લૉર્ડ કેનિંગ ગભરાયો અને તેણે કસાએલા સેનાપતિ માર્ક કરને મોકલ્યો. પણ માર્ક કરનેય હાર ખાઇને નાસી જવું પડ્યું એવામાં સેનાપતિ લગર્ડ જબ્બર સેના સાથે ચડી આવ્યો. ગંગાની જેમ બને તેમ નજીક જઈ કોઈ અનુકૂળ સ્થળે લડી શકે તે માટે કુંવરસિંહે એક યુક્તિ કરી. પોતાના સૈન્યના થોડા ચુનંદા સૈનિકોને લગર્ડના માર્ગમાં આવતી તાનુ નદી પરના પૂલ પર મોકલી લગર્ડને ત્યાં જ રોકી રાખી પોતે બાકીના મોટા ભાગના સૈન્ય સાથે ગંગા તરફ કૂચ કરી અને લગર્ડના સ્વાગત માટે તૈયાર થઈ ઊભો. લગર્ડ ને કુંવરસિંહ વચ્ચે જે યુદ્ધ થયું તેમાં પારો તોપખાનું હોવા છતાં લગર્ડનો સખત પરાજય થયો.

કુંવરસિંહને ગંગા પહોંચતો અટકાવવા હવે સેનાપતિ ડગલાસ ચડી આવ્યો પણ તેને ય હાર ખાવી પડી. ફરી ડગલાસે મોટું સૈન્ય લઈ હુમલો કરી કુંવરસિંહનો દારૂગોળો કબજે કર્યો. કુંવરસિંહે પોતાના સૈન્યને નાના વિભાગોમાં વહેંચી નાખી જુદેજુદે રસ્તે થઇને ગંગા તરફ મોકલ્યું. આથી ડગલાસ લેશમાત્ર પીછો પકડી ન શક્યો.

ગંગાએ પહોંચી કુંવરસિંહે પોતે બાલિયા આગળથી નદી પાર કરશે એવી અફવા ફેલાવી, અંગ્રેજ સૈન્યને ભુલાવામાં નાખી પોતે સૈન્ય સાથે શિવપુર ઘાટેથી હોડીમાં ગંગા પાર કરી. છેલ્લી હોડીમાં તે ગંગા પાર કરતો હતો ત્યાં અંગ્રેજ સેના આવી પહોંચી ને કિનારા પરથી ગોળીબાર કરવા લાગી. દુર્ભાગ્યે એક ગોળી કુંવરસિંહના કાંડામાં પેસી ગઈ. તેનું વિષ આખા શરીરમાં ફેલાઈ ન જાય તે માટે તે બહાદુર વીરે ઝટ પોતાની તલવાર કાઢી કોણી સુધીનો હાથ કાપી નાખી ગંગામાં ફેંકી દીધો અને ઘા પર પાટો વિંટાળી દીધો !

ગંગા પાર કરીને તેણે વીજળી વેગે પોતાની રાજધાની જગદીશપુર કબજે કરી. આ સાંભળતાં જ આરાથી લીગ્રાન્ડ મોટા તોપખાના સાથે ચડી આવ્યો. પોતાનું લશ્કર થાકેલું, રણસાહિત્ય અપૂરતું ને પોતે ઘવાએલો,—એવી સ્થિતિ છતાં તે કુશળ સેનાનીએ અંગ્રેજ સૈન્યને એવી તો સજ્જડ હાર આપી કે ખુદ અંગ્રેજોએ જ તેને સૌથી ભૂંડી હાર તરીકે કબૂલી છે. આમ, પૂરા આઠ માસ બાદ કુંવરસિંહે પોતાની પ્યારી માભોમને પરદેશી 'ફિરંગીઓ'ની એડી તળેથી મુક્ત કરી અને પોતાનો વિજયી ધ્વજ મહેલ પર ફરકાવ્યો. પણ એવામાં હાથનો ઘા વકરી જવાથી તે મહાન સેનાનાયક ૧૮૫૮ની ૨૬મી એપ્રિલે પોતાના વિજયી ધ્વજની છાયામાં જ મૃત્યુ પામ્યો.



પદ્મ વહુ

શ્રદ્ધાનો છેલ્લો બારીક તાંતણો હમેશાં કસોટીની અંતિમ પળે જ તૂટી જાય છે. એ ટકાવી રાખવાની માણસમાં તાકાત હોય . . .

શ્રી તારાશંકર બંદ્યોપાધ્યાયની મૂળ બંગાળી વાર્તા પરથી. અનુવાદક **રમણિક મેઘાણી**

એ ચંદ્રબાબુની પાઠશાળા હતી. શિયાળાની સવારે કૂચ ડા આંગણામાં પાથરેલી ચટાઈઓ પર વિદ્યાર્થીઓ બેઠા હતા. આંગણાના એક ખૂણામાં મોટું એવું લીમડાનું ઝાડ હતું. એ લીમડાને ફરતો ઓટલો એ જ ચંદ્રબાબુનું આસન. ત્યાં બેઠાંબેઠાં એ સંસ્કૃત ચોપડી વાંચતા હતા. કુરૂપ ચહેરો!—જોતાં જ ઘૃણા ઊઠીએ એવો. ક્યારેક જાણે મમતા પણ ઊપજતી અને વળી ગંદગીની નિર્મમતાએ એમના વિરૂપ કરેલા ચહેરા તરફ જોતાં ભય પણ લાગતો.

એમના આખા શરીરે રક્તપિત્તનાં ગજબનાં ચાઠાં હતાં. નાક ફૂલીને જાડું બની વક્ર થઇ ગયું હતું. આંખની નીચેની પાંપણો ન જાણે કઇ રીતે અવળી થઇ ગઈ હતી કે એની અંદરની ફિક્કી રતાશમાં સદાયે મેલ દેખાતો. આખું યે શરીર કંઈ પણ મેળ વિના ફૂલી ગયું હતું. ધોળાકાળા ડાઘથી શરીર આખું છવાઈ ગયું હતું. એવું વિરૂપ વદન જોઈ વિદ્યાર્થીઓ ભય અનુભવતા. બાળક કિશોરોને ત્રાસ ઊપજે એવું વિકૃત એમનું વદન હતું.

આમ છતાં એમની શાળા ચાલતી. એમની શિક્ષણ-પદ્ધતિ વખણાતી. એમનું જ્ઞાન અજબ હતું. એમનો આધાર હતો માત્ર આ શાળા, પુસ્તકો ને પત્ની. ઘર અને પાઠશાળાની બહાર એ ભાગ્યે જ નીકળતા. કોઈ આવતું તો મળતા ખરા, છતાં વાતો એવી રીતે કરતા કે જેમ જાણે પોતે મહાઅપરાધી ન હોય!

વિદ્યાર્થીઓ પોતપોતાના પાઠ પાકા કરતા હતા. એક જણ હૉં કરતો મોં ફાડીને કંઇક જોતો હતો. બાજુની તળાવડીના કાંઠા પરના શીમળાના ઝાડ પર ટીંટોડીઓનાં ટોળાં કૂદકા મારતાં ખેલતાં હતાં. પાટીની આડશે છોકરાઓ અંદરોઅંદર આંખમિચામણાં કરતા હતા. બે જણા સરવાળાની રમત રમતા હતા.

એવામાં આઠેક વર્ષનો એક છોકરો એકાએક એની બાજુના છોકરા પર કૂદ્યો અને તેને એક મુક્કી લગાવી એનું નાક લોહીઆળ કરી મૂક્યું! શાળાની શાન્તિ તૂટી. છોકરાઓ અધીર થઇ ઊઠયા. ચંદ્રમોશાય વાંચતા હતા તે ચોપડી એક બાજુ મૂકી લીમડાની સોટી ઉગામી બોલ્યા, 'મૂક, મૂક! અઈ ચારુ, મૂકી દે એને!'

એમનાં પત્ની રસોડામાં હતાં દોડતાં આવીને બંનેને એમણે જુદા પાડયા અને ખૂબ જ મૃદુ સાદે લાંબી લાજમાંથી કહ્યું, 'રે, લડો મા. ભણ્યા નથી કે 'ઝગડો કરવો ના કદી...'

માસ્તર-પત્નીનો સ્વભાવ જ આ હતો,—લાંબી લાજ ને મૃદુ સાદે વાત. એમનું મોઢું છોકરાઓએ પણ પૂરેપૂરું-સરખી રીતે કયારે ય જોયું નથી, કે કયારે યે એમને મોટે સાદે બોલતાં સાંભળ્યાં નથી. ચારુ રોષથી ફુલાતો હતો એ બોલ્યો, 'તે એણે શા માટે મને બાપ સામે ગાળ દીધી?'

ઘવાએલો નિશાકર માત્ર રડતો જ હતો, 'એં....એં....મારે નાકે... એં... એં... લોહી કા...'

માસ્તર-પત્ની બોલ્યાં, 'ચારુ, તારે કહેવું હતું ને? માર્યું શા માટે?'

'પણ મને બાપ સામે ગાળ શાનો દે એ?'

ચંદ્રમોશાય બોલ્યા, 'વિચારવા જેવી વાત છે, પદ્મવહુ. પિતૃ-ભક્તિનું તે ઈનામ આપવું કે સજા?'

માસ્તર-પત્ની એમની ટેવ મુજબ ધીરે સાદે બોલ્યાં, 'ચારુ, તું આજે બે વાગ્યા સુધી ઊભો રહેજે. અને નિશાકર, તું જા, ચારુના બાપુ પાસે. એમને બધી વાત કરી એમની માફી માગીને આવ, જા.'

ચંદ્રમોશાય બોલ્યા, 'બરાબર ન્યાય થયો, વાહ!' અને આમ કહી એ ફરી વાચનમાં પરોવાઈ ગયા. પત્નીએ પૂછયું, 'ફરી કેમ વાંચવામાં પડયા? છોકરાઓના પાઠ તપાસી એમને રજા આપી દો. પાણી ગરમ થઇ ગયું છે; નાહી લો.'

ઊંચે આકાશ તરફ જોઇ ચોપડી બાજુએ મૂકી એ બોલ્યા, 'હા, સાચું; વેળા ઘણી વીતી ગઈ છે.' ને પછી જરા હસીને,–'પણ છતાંયે આખર વેળા ન આવી પદ્મ વહુ; હવે તો નથી સહેવાતું!

પત્નીએ કંઈ જ જવાબ ન આપ્યો. નાનાં બાળકોને બોલાવીને કહ્યું, 'ચાલો તમારા પાઠ જોઇ જાઉં, આવો તો!'

માસ્તર–પત્ની શિક્ષિકા તરીકે પાસ થએલાં બાઇ છે. પતિની શાળામાં નાનાં છોકરાંઓને એ ભણાવે છે.

છોકરાંઓ એમને 'સેકેન માસ્ટર' કહે છે. ચંદ્રમોશાય એમના હેડ માસ્તર છે મોટા છોકરાઓ વારાફરતી ચંદ્રમોશાય પાસે જઇને પાટી ધરીને ઊભા રહ્યા. ચંદ્રમોશાયે એમની પાટી પર નજર ફેરવી જઈ કોઇને કહ્યુ 'રાઈટ'; કોઇને કહ્યું કે 'આટઆટલી ભૂલ છે.'

એ કોઈની ચોપડી, પાટી કે પેન–પેન્સિલ ને અડતા નહિ. દાખલો મોંઢેથી બતાવતા તે પણ લીમડા પર ઝુલતા પાટિયામાં કહેતા કે, 'સહુ પહેલા નાની ભાંજણીથી શરૂઆત કરવી જોઇએ.

માસ્તર–પત્ની નાના વિદ્યાર્થીઓને પૂછતાં 'કહે જોઇએ આપણે ત્યાં લીલા રંગની કઇકઈ ચીજ છે?' આમ અભ્યાસક્રમ ચાલતો.

શાળામાં રજા પડી ગઈ. રસ્તા ઉપરથી હજી બાળકોનો કલરવ સંભળાતો હતો. માસ્તર-પત્નીએ ઘૂમટો દૂર કર્યો. દેખાવમાં એ તદ્દન સામાન્ય સ્ત્રી લાગે છે. ઊલટું જરા શામળી કહેવાય. એ ઝાડુ લઇને આંગણું વાળવામાં પરોવાઈ. વાળતાંવાળતાં એ બોલી, 'એવુંએવું તમે શા માટે મને કહો છો?'

હાથમાં ચોપડી લઇ ઊભેલા ચંદ્રમોશાય બોલ્યા, 'શું કહ્યું મેં?'

એમની સામે તાકી રહી પદ્મ બોલી, 'કેમ, ન કહ્યુ કે વેળા...?'

ચંદ્રમોશાય વ્યથિત થઈ બોલ્યા, 'સાચે જ પદ્મ વહુ, હવે આ નથી સહેવાતું!'

પદ્મ વહુની આંખો છલકાઈ ઊઠી. એ મૂંગીમૂંગી જ આંગણું વાળવા લાગી. આંગણું વાળ્યા બાદ એક પાટલો, બાલદી વગેરે લાવી, લીમડાના તેલની શીશી ને એક અંગૂછો લાવી મૂક્યાં એ બોલી. 'લો તેલ ચોળો, માલિશ કરો.'

ચંદ્રમોશાય તેલ માલિશ કરવા બેઠા. પદ્મ વહુ લીમડાનાં પાંદડાં ઉકાળેલા ગરમ પાણીની હાંડી લઈ આવ્યાં. હાંડીના મોં આડો અંગૂછો રાખી એણે એક ટોપગાં પાણી ગાળ્યું; ને પછી હથેળી આગળ ધરી એણે પતિને કહ્યું. 'લાવો, જરાક વાંસો માલિશ કરી દઉં.'

'રહેવા દે, મેં માલિશ કર્યુ છે! પતિએ કહ્યું.

પદ્મ વહુ બોલી, 'આ જ તમારી ટેવ બૂરી છે. કપડાંને અડવા ન દેવી. શરીરે હાથ લગાડવા ન દેવો. જુઓ, અડયે જ રોગ થતો હોત તો તો જોઈતું'તું જ શું? એ તો ભાગ્યની વાત છે.

ચંદ્રમોશાયે કહ્યું, 'તને ખબર નથી પદ્મ વહુ. રહેવા દે. શું થશે એથી વળી? દવા તો ઘણી યે થઇ ગઇ!'

પદ્મ વહુ બોલી, 'રવિવારનું વ્રત તમે શા માટે મૂકી દીધું! રવિનું સ્તવન પણ હવે કેમ નથી કરતા, કહો તો?'

હવે ચંદ્રમોશાય બોલ્યા, 'એ બધું ખોટું છે, પદ્મ વહુ. કંઈ કરતાં કંઈ ફેર નથી પડતો. ઘણું યે કરી જોયું. બધું નકામું છે એ બધું.'

પદ્મ વહુ બોલી, 'ના, ના, ધર્મ તે કંઈ ખોટો હોતો હશે? જુઓ, ભગવાનના કોપ વિના આ ભયંકર રોગ થાય જ નહિ; ભગવાન પ્રસન્ન થતાં ફરી સારું થઈ જશે. ભગવાનને ભૂલશો મા.'

પદ્મ વહુ ઓશરીમાં ભોજનની તૈયારી કરી ભાણું કાઢવામાં પરોવાઇ. જમવાનું પતાવીને ચંદ્રમોશાય બોલ્યા. 'તને જોઈને ધર્મમાં માનવાનું મન થાય છે, પદ્મ વહુ. જાણે છે, ભગવાન પાસે હું શાની કામના કરું છું તે? હું માગુ છું કે એ તને સાજેનરવે શરીરે લાંબું આયખું આપે.'

પદ્મ વહુ સહેજ રોષ રતી બોલી ઊઠી. 'હું મારું કામ કરું છું. મારે માટે તમે ચિંતા ન કરશો. તમે તમારા પોતાના માટે જ ભગવાનને ભજો એ હું માગું છું.'

પણ આજથી દસ વર્ષ પર ચંદ્રમોશાયને આ દરદ જ્યારે પહેલવહેલું દેખાયું ત્યારે પદ્મવહુ ધ્રૂજી ઊઠી હતી. દરદનું નામ સાંભળીને જ એ રસોડાની ચાલીમાં ખૂંટી પકડીને પોતાના કમનસીબ વિષે વિચારમાં પડી ગઇ હતી. ચંદ્રમોશાય ત્યારે ઘરમાં દૂંટિયાં વાળીને ઊંધા પડ્યાપડ્યા રોતા હતા. પદ્મવહુને પોતાના ગામનો રક્તપિત્તને લીધે ગળી ગએલા અંગોવાળો ભિખારી યાદ આવ્યો હતો. કેવો કુરૂપ હતો એ, ને કેવી દુર્ગંધ આવતી હતી એના શરીરમાંથી? ને ટપ્ ટપ્ એની આંખમાંથી આંસુ સરી પડ્યાં હતાં, રસોઈ અર્ધી થઈ ગઈ હતી, પણ એ પૂરી ન થઇ. ચૂલે જ પૂરેપૂરી શેકાઇ ગઇ. ચંદ્રમોશાયે પણ તે દિવસ નહોતું ખાધું. આખો દિવસ એ એમ ને એમ પડ્યા રહેલા. સાંજટાણે ઊઠીને સરખા બેસીને એમણે સાદ પાડ્યો હતો કે 'પદ્મ વહુ!'

કોઇએ જવાબ ન આપ્યો. એમણે ફરી સાદ પાડ્યો, 'પદ્મ વહુ!'

સાંજના અંધારામાં માત્ર તમરાં બોલતાં હતા. માનવીનો સાદ ક્યાંયે સંભળાતો નહોતો. ત્યારે પદ્મ નાસી ગઈ હતી, ચાર ગાઉ દૂર એનું પિયર હતું ત્યાં. ત્યાં જઇ માના ખોળામાં માથું મૂકી એ ધ્રુસકે ધ્રુસકે રડતી હતી. એની મા પણ રડતી હતી.

પણ એના બાપ જુદી પ્રકૃતિનો માણસ હતો. એ બોલ્યો, 'તેં બહુ ખોટું કર્યું બેટા, ચાલ, આજે જ તને પાછી મૂકી આવું.'

ને પદ્મ ડુસકાં મૂકતી બોલી ઊઠી હતી કે, 'ના, ના, હું ત્યાં નહિ રહી શકું બાપુ. હું એ નહિ સહી શકું.'

ને પુત્રીને માથે હાથ ફેરવતાં પિતાએ કહ્યું હતું કે, 'બેટા, તું તો સમજે છે મારી દીકરી. રામાયણ, મહાભારત બધું યે તેં તો વાંચ્યું છે રક્તપિત્તીઆ પતિને વેશ્યાને ત્યાં લઈ જતી સતીની વાત તું તો જાણે છે ને બેટા!'

પદ્મ રડતી હતી. એણે માથું હલાવી વિરોધ દર્શાવ્યો, 'ના, ના, હું ત્યાં નહિ રહી શકું.' બાપે કહ્યું, 'પૂરેપૂરો કમનસીબ. પૂરવ જન્મનાં પાપ વિના આવો રોગ કોઇને યે ન થાય. પણ તું શામાટે આ જન્મમાં એવું પાપ કરે, બેટા? આવતા ભવનું ભાતું યે બાંધવું જ જોઇએ ને, બેટા? એના કુરૂપને જોઈ તું એનો–તારા પતિનો ત્યાગ કરે; ને પછી આવતા જન્મમાં. તને આવું જ દરદ નહિ ઉપડે એમ કોણ કહી શકે છે? આવતો જન્મ શા માટે, આ જન્મમાં પણ...'

ને આ વાતથી ત્રાસી જઇને પદ્મની મા બોલી ઊઠી, 'તમે પણ કેવી વાત કરો છો! આ બધી વાતો બહુ સારી છે કેમ?'

એ આખી રાત મનોમન સંગ્રામમાં મચ્યા રહીને વળતી સવારે પદ્મે પિતા પાસે જઇને કહ્યું હતું. 'બાપુ, ચાલો મને મૂકી જાઓ?'

ને ત્યારથી પિયરથી પાછા વળ્યા બાદ પદ્મે એટલી તો નિષ્ઠાપૂર્વક પતિસેવા આરંભી દીધી કે જેની તુલના ન થઈ શકે. ગામનો આબાલવૃદ્ધ નારીસમૂહ માત્ર વિસ્મય જ ન પામ્યો, એણે જે વિપુલ શ્રદ્ધાની અંજલિ પદ્મને આપી તે પણ અતુલનીય હતી.

પરંતુ પદ્મ તો એ તરફ જરા સરખી યે નજર પણ ન કરી.

એકાએક એમના જીવનમાં મહા પલટો આવ્યો. ચંદ્રમોશાયની શાળા પડી ભાંગી. મોટા ભાગના વિદ્યાર્થીઓએ શાળા છોડી દીધી. ન જાણે ક્યાંથી એક નવો પાસ (અનુસંધાન આગળ પાન ૨૭૧મે)


કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી લેખમાળા

સ્થાપત્ય

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ પરથી અનુવાદક સૌ. શ્રી અપર્ણાબેન ત્રિવેદી

૪-સ્થાપત્યકળા : સર્વ કળાઓની જનની

સ્થાપત્યકળા (architecture) બીજી બધી કળાઓની જનની છે. ગૃહનિર્માણ થયા વિના ચિત્ર ચીતરવાની જરૂર ઊભી થતી નથી. માણસે સૌ પ્રથમ ચિત્રો આલેખવાની શરૂઆત ઘરની ભીંતો પર કરી. આમ, ભીંતના ભૂષણ (decoration) રૂપે જ ચિત્રોના જન્મ થયા. ઘરની ભીંતો ન હોય તો મોટાં ફલકચિત્રો આલેખવાનું સ્થાન ન મળે. પૃથ્વી પરનાં સૌથી પ્રાચીન ચિત્રો પર્વતગુફાઓ (caves)ની ભીંતો પર જ આલેખાએલા છે (દાખલા તરીકે પારીનીઝ પર્વતની આલ્તામિરા ગુફામાંનું આદિમાનવે આલેખેલું આ નીચેનું ચિત્ર).



એ જ પ્રમાણે ખ્રિસ્તીયુગનું પ્રથમ ચિત્ર ભૂમિના પેટાળમાં ગુપ્તગૃહ (catacombs)ની ભીંત પર ચીતરાયું હતું. ઇટાલીની શ્રેષ્ઠ ચિત્રમાળા દેવળની દીવાલોના જ ભૂષણ રૂપે, ભક્ત અને ઉપાસકોના ભક્તિરસના ઉપાદાન રૂપે ચીતરાઇ હતી. એટલા માટે ભિત્તિચિત્ર (fresco-painting) એ ચિત્રકળાનું પ્રથમ રૂપ કહેવાય છે. ભારતવર્ષમાં પણ (આદિમ યુગની ચિત્રાવલિઓ પછી) અજંતાની ગુફાનાં ભીંતચિત્રો આજે સૌથી પ્રાચીન ગણાય છે. પ્રતિમા-શિલ્પમાં પણ એમ જ છે. એ કળા પણ સ્થાપત્યની અનુગામી છે. માણસના હાથે ઘડાએલી સૌથી પ્રાચીન શિલ્પ-પ્રતિમા (sculpture) સ્થાપત્યની સાથે જ સંકળાએલી છે. દેવતાની મૂર્તિનું રક્ષાગૃહ થયું મંદિર, દેવાલય અને ખ્રિસ્તી દેવળ. મૂર્તિનું સ્થાન મંદિરની અંદર તેમજ બહાર પણ ખરું. મૂર્તિ-શિલ્પ સ્વતંત્ર શિલ્પ તરીકે આચરાવા લાગ્યું તે પહેલાં તે મંદિર, મકાન તેમજ જુદાજુદા કીર્તિસ્તંભો (monuments) સાથે સંલગ્ન—જોડાએલું હતું. પ્રાથમિક અવસ્થામાં તો મૂર્તિ-શિલ્પ સ્થાપત્યની સાથે યુક્ત (architectural sculpture) જ હતું. અને આદિ યુગમાં તે સ્થાપત્યના અલંકાર તરીકે વપરાતું. એટલા જ માટે, શિલ્પી ઘણી વખત, આકૃતિ અને પ્રકૃતિમાં, તેમજ પ્રમાણ અને કલ્પનામાં સ્થાપત્યકળાની પ્રયોજનીયતાને વશ વર્તીને ચાલે છે. સ્થાપત્યના આ હક્કને લઈને તેની પોતાની સત્તા ઘટી જાય છે. આના ઘણા દાખલા મંદિર સાથે સંલગ્ન એવી શિલ્પ-પ્રતિમાઓમાં મળી આવે છે. દાખલા તરીકે શિલ્પ જ્યાં સુધી સ્થાપત્યની સાથે જોડાએલું હતું ત્યાં સુધી ચતુર્મુખ મૂર્તિશિલ્પ (એટલેકે જેને ચારે બાજુથી જોઇ શકાય એવી છૂટી પરિપૂર્ણ મૂર્તિ)ની કલ્પનાને અવકાશ જ ન હતો. મંદિરની અંદર ગોપાએલી મૂર્તિ પણ માત્ર સામેથી જ દર્શનીય હતી. આ અવસ્થામાં શિલ્પ સ્વતંત્ર ન હતું; માત્ર મકાનો કે મંદિરોના અંશવિશેષના અલંકારો તરીકે જ તેનું મૂલ્યાંકન થતું. વળી કોઇ રાજા, મહાપુરુષ કે સાધુસંતની પ્રતિમૂર્તિ (portrait) મૂકી હોય

તો તેને પણ કીર્તિસ્તંભ (monument) યા સમાધિની સાથે સંયુક્ત કરવાની જ પદ્ધતિ હતી. (એટલેકે પ્રથમ એ કીર્તિ-સમાધિનું સ્થાપત્ય રચાય અને પછી તેમાં મૂર્તિ જડાય) પ્રાચીન આસીરિયા, ગ્રીસ તેમજ યુરોપના ગૉથિકયુગની કળાઓમાં આ રીતે પ્રતિમા-શિલ્પ સ્થાપત્ય-કળાને અધીન રહ્યું હોવાનાં ઘણાં ઉદાહરણો છે.

વળી, માણસના નિત્ય વ્યવહારની કળામય વસ્તુઓનો પણ ઘણીખરીનો આધાર મકાનના સ્થાપત્યના ઉપર જ રહેલો છે. ઘરનાં ઉપસ્કરો, ખાટલા, આસન, ચટાઇ, ગાલીચા, ગાદી-તકિયા, ઘડા-ગાગર, વાડકા-પ્યાલા, પાનની પેટી આદિ અનેક ગૃહવાસ અને ગૃહસજાવટનાં ઉપકરણો સ્થાપત્યકળાની-વાસ્તુકળાની-સાથે જ જોડાએલાં છે. ગૃહ ન હોય તો ગૃહશોભા અને ગૃહવાસની એ બધી વસ્તુઓ અને ઉપકરણોની કાંઇપણ આવશ્યકતા કે મૂલ્ય નથી.

એટલે, જોઈ શકાય છે કે કલાશિલ્પ (painting and sculpture)અને કારુશિલ્પ (applied and industrial art-કારીગરી) એ બંને કલાઓ સ્થાપત્યની છાયામાં જ જીવે છે. એમનું સ્વતંત્ર અસ્તિત્વ નથી એમ કહીએ તો પણ અતિશયોક્તિ ન કહેવાય.

સ્થાપત્ય અથવા વાસ્તુકળાની બીજી એક વિશેષતા એ, કે તે માણસના સમાજ અને સામાજિક જીવનની સાથે બહુ નિકટપણે જોડાએલું છે. ઉત્સવગૃહો, સભામંડપો, નાટ્યશાળાઓ અને નાટ્યમંડપો વગેરે પ્રકારનાં સ્થાપત્યો અનેક માણસોનાં મિલન અને એકત્ર સમાગમ માટેનું એક આચ્છાદન રચે છે. આપણું એક ગૃહ અથવા વાસ્તુ, તે પણ એકાધિક માણસ અને તેમનાં પુત્રકલત્ર તથા સગાંવહાલાંના એકત્ર વસવાટ માટેની નિલયભૂમિ છે. સ્ત્રીને કેન્દ્રમાં રાખીને જ એકેએક ગૃહવાસ નિર્મિત થાયછે. માટે જ કહ્યું છે 'ગૃહિણી ગૃહમુચ્યતે.' એક એક ગૃહમાં એક એક પરિવાર વસીને સમાજને એક એક એકમ (unit) રચી આપે છે; અને આવા ઘણા પરિવારોની સમષ્ટિના સમાહારથી સમાજનું સંયોજન થાય છે. અમુક ઝૂંપડીઓની આવી સમષ્ટિથી એક એક ગામડું બને છે; અનેક જુદાં વાસ્તુગૃહોના સમાહારથી શહેરનો જન્મ થાય છે. ગામડાની ઝૂંપડીથી માંડીને શહેરની મકાનશ્રેણી સુધી સર્વનો આધાર સ્થપતિ અથવા વાસ્તુશિલ્પીના ઉપર રહેલો છે. વાસ્તુશિલ્પ બાદ કરીએ તો સમાજ ટકી જ સકે નહિ.

ગામડામાં કે શહેરમાં, માણસના સામાજિક જીવનની ટેવો (habit) અને રીતિપદ્ધતિ (mode of life) પ્રમાણે જ વાસ્તુશિલ્પની સંયોજના અને રૂપમાં પરિવર્તન થાય છે. માણસના ન્યાતસમૂહો કે ધંધાસમૂહો (community) જે પ્રમાણે જીવન વ્યતીત કરતા હોય, તેની પ્રયોજનીયતા અને રુચિ પ્રમાણે જ તેનું વાસ્તુશિલ્પ રૂપ અને મૂર્તિ ગ્રહણ કરે છે. આ રીતે માણસના જીવનની પ્રતિકૃતિ અથવા પ્રતિબિમ્બ તેના ગૃહવાસના રૂપ (form) અને નકશા (design)માં પ્રતિબિમ્બિત થાય છે. બંગાળની જીવન વ્યતીત કરવાની પ્રથા અને રીતિ-નીતિ બંગાળીના ઘરના ચોક, પૂજાનો ઓરડો, ઓટલો, ચોકને મળતી પરશાળ, શયનગૃહ, ગૌશાળા અને સ્નાનગૃહ આદિની વ્યવસ્થા તથા સંસ્થાનરીતિ (plan)માં પ્રતિફલિત થાય છે. જોકે છેલ્લાં ૨૫-૩૦ વર્ષમાં બંગાળના સામાજિક જીવનની રીતિપદ્ધતિમાં ઘણી જાતનાં પરિવર્તનો થયાં છે અને આ પરિવર્તન તેના આધુનિક ગૃહની વ્યવસ્થા તથા પદ્ધતિમાં



[યુરોપના આધુનિક પદ્ધતિના સ્થાપત્યનો નમૂનો]

પણ પ્રતિફલિત થાય છે. બીજા પ્રાંતોમાં પણ આ જ પ્રમાણે બન્યું છે.

આવી રીતે માણસના જીવનનો આદર્શ, તેના જીવન ગઠનની રીતિનીતિ અને પદ્ધતિ, તેના ગૃહ-નિર્માણનાં રૂપ અને વ્યવસ્થા, એ જ તેના સામાજિક તથા નૈતિક જીવનને પ્રભાવિત અને નિયન્ત્રિત કરે છે. કોઇ કોઇ પ્રકારનાં ગૃહ વળી માણસની સમાજબુદ્ધિને તથા તેની નીતિબુદ્ધિને પીડિત ને સંકુચિત પણ કરે છે. જો આપણે બૃહત્ આદર્શના સામાજિક જીવનની તથા ઉચ્ચ આદર્શના નૈતિક જીવનની અભિલાષા રાખતા હોઇએ તો આપણે તેને ઉપયોગી વાસગૃહ જ નિર્માણ કરવું પડશે. કારણકે, આપણા વાસગૃહની વ્યવસ્થા અને સ્થાપના આપણા સામાજિક અને નૈતિક જીવનનાં પથપ્રદર્શક બની રહે છે. આપણે એવું ગૃહ નિર્માણ કરવાની જરૂર છે કે જે ગૃહમાં આપણી સામાજિક બુદ્ધિ, નીતિબુદ્ધિ, ધર્મબુદ્ધિ, સૌન્દર્યબુદ્ધિ, સ્વાસ્થ્યબુદ્ધિ—ટૂંકમાં આપણા સંપૂર્ણ મનુષ્યત્વનો વિકાસ અને પ્રસાર સહેલાઇથી સંપન્ન થઇ શકે.

યુરોપમાં આધુનિક યુગમાં તેના નવા જીવનના આદર્શને અનુકૂળ અને આધુનિક સામાજિક (social) તથા બૌદ્ધિક (intelectual) જીવનને અનુરૂપ સ્થાપત્યનો ઉદ્ભવ થયો છે. ત્યાંની આ આધુનિક પદ્ધતિની (modernistic) ગૃહનિર્માણકળા મુખ્યત્વે ત્રણ કારણોને લીધે જન્મી છે: એક તો વિજ્ઞાન અને સ્વાસ્થ્યબુદ્ધિની—આરોગ્યની દૃષ્ટિએ, બીજું આર્થિક માંગ તથા જરૂરિયાતો મુજબ અને ત્રીજું નવાંનવાં શોધાતાં ગૃહનિર્માણનાં ઉપકરણો–સાધનો (material) ના ઉપયોગની નજરે. પહેલું તો એ, કે ગૃહનો એકેએક ખૂણોખાંચરો જલદીથી સાફ થઈ શકે તે માટે એ આધુનિક સ્થાપત્યમાંથી બધા જ પ્રકારનાં આભૂષણ–અલંકરણો અને જટિલતાનો નાશ કરવામાં આવ્યો છે. અલંકારબહુલ ગૃહ (ornamental architecture) ધૂળ અને રોગનાં બીજ તથા જંતુઓ (germs) ની આવાસભૂમિ થાય છે. અધિકતર પ્રકાશ તથા વાયુસંચાલન(મળ-લખ હવાઅજવાળું) મળી રહે તે માટે મોટામોટા ચતુષ્કોણ બારીઓ રાખીને પ્રાચીન પ્રથા તથા ઢબની બારીઓ કાઢી નાખવામાં આવી છે. ધર્મમાં શ્રદ્ધા હોવાનાં જુદાંજુદાં પ્રતીકો (symbols) અને પ્રતિમાઓનું તો વર્તમાન જીવનમા કાંઈ પ્રયોજન જ રહ્યું નથી, એટલે પ્રાચીન કાળમાં ધર્મશ્રદ્ધાનાં પ્રતીક (symbol) રૂપ જે બધાં આભૂષણો અને અલંકરણો જુદાંજુદાં સ્થાનો ઉપર અધિકાર કરતા તે બધાંનો તો હવે ધરમૂળમાંથી નાશ કરવામાં આવે છે.

વર્તમાન આદર્શ પ્રમાણેની જીવનપ્રણાલિથી તથા અર્થનીતિના સંઘર્ષને કારણે સગાવહાલાં સાથે એક જ ઘરમાં સંયુક્ત(અવિભક્ત) કુટુંબ તરીકે રહેવું હવે અશક્ય થઇ પડયું છે થોડા ખરચમાં, થોડી જગ્યામાં, કોઈ પણ જાતનાં શોભાશણગાર વગર અને સીધાસપાટ રેખા (straight line)મા રચાએલું તથા યોગ્ય પ્રમાણમાં હવા-અજવાળું આપતું ઘર યોજવાના આદર્શે આજે નવી રીતિના સ્થાપત્યને જન્મ આપ્યો છે. આ સ્થાપત્યનું નામ પડયું છે ચતુષ્કોણ-વાદી (cubistic) વાસ્તુરીતિ. એમાં વાંકી વળાંકાવાળી રેખાને તો ક્યાંયે સ્થાન જ નથી. એનું નિર્માણ સીધીસટ રેખાઓના જ સમાહારથી થાય છે. જીવનની બધી જટિલતા કાઢી નાખી, એને સહજ રસ્તે, સરળ રસ્તે, સ્વાસ્થ્યને રસ્તે, વિજ્ઞાનસંગત રસ્તે, થોડા ખર્ચને રસ્તે ચલાવવું, એ છે આ નવી રીતિના સ્થાપત્યનું મૂળ સૂત્ર. આ પદ્ધતિના સ્થાપત્યે પ્રાચીન પ્રણાલિની સ્થાપત્ય-રીતિ સાથેનો બધો જ સંબંધ તોડી નાખ્યો છે. જોકે અમુક અંશે આદિ યુગની વાસ અને લાકડાની બનાવટની સહજ સરળ સ્થાપત્ય-રીતિની અનુકૃતિ ગતાના રૂપમાં પાછા ફરવાનું લક્ષણ આ આધુનિક રીતિમાં નજરે પડે છે. આદિ જીવનની જટિલતાહીન સરળતા તરફ પ્રત્યાવર્તન કરવાની એક દુરાશા અને આકાંક્ષા આ પદ્ધતિમાં છુપાએલી છે. પણ જીવનમાં ખરેખર એવી સરલતા અને સત્યના રૂપને પ્રતિષ્ઠિત કરવા માટે તો વ્યક્તિગત અને સામાજિક બન્ને જીવનને બીનજરૂરી એવા ઠાઠમાઠ અને ઐશ્વર્યની ભોગબુદ્ધિમાંથી પહેલાં તો સંપૂર્ણપણે મુક્ત કરવાં પડશે. યુરોપમાં ઘણાં કારણોને લીધે જીવન-યાત્રાની રીતિ–પદ્ધતિ, વેશ–ભૂષા અને ઘરની ચીજે વસ્તુઓ અનાવશ્યક વ્યયસાધ્ય અને જટિલ થઈ ગઇ છે. તેમાંથી બચાવીને આ આધુનિક રીતિની સરળ વાસ્તુ-પદ્ધતિ તેમને કદાચ એક સહજ–સરળ, ભોગ-વિમુખ,સંયમી જીવનના આદર્શ તરફ ઇશારો કરતી હશે.

ભારતવર્ષની પ્રાચીન પદ્ધતિના સ્થાપત્યમાં ભારતના પ્રાચીન જીવનની રીતિપદ્ધતિ અને આદર્શ સાર્થક થયાં હતાં. પ્રાચીન ભારતનું વાસ્તુ-શિલ્પ ભારતના પ્રાચીન જીવનની સાધના અને સંસ્કૃતિનું શ્રેષ્ઠ ફળ હતું. હવે ભારતની આધુનિક સાધના અને ભવિષ્યની સંસ્કૃતિ ભાવી કાળના ભારતના વાસ્તુશિલ્પને કોઇ નવા રસ્તે, કોઈ નવા સૌન્દર્યના આદર્શમાં ઘડશે. તેનો ભાર અને કર્તવ્ય આધુનિક ભારતના ઉપર નિહિત છે. ભારતની પ્રાચીન સ્થાપત્યકીર્તિ આજ પણ આખી પૃથ્વીને વિસ્મય પમાડે છે. ભારતની ભવિષ્યની સ્થાપત્ય-કીર્તિ તેની પ્રાચીન કીર્તિની એ સાધના અને આદર્શનું અતિક્રમણ નહિ કરી શકે એમ કોણ કહી શકે ?

[આ લેખમાળા અહીં સંપૂર્ણ થાય છે. પરંતુ તેને અનુસંધાને આ માળામાં જ આજ સુધી પ્રતિપાદિત કરેલા કલાના સિદ્ધાંતો ઉપર, એ જ લેખકે કલકત્તા યુનિવર્સિટીના કલાના અભ્યાસક્રમની પરીક્ષાઓ માટે યોજેલા થોડા પ્રશ્નપત્રો હવે રજૂ કરાશે. જે વાચકોએ આ માળાનું રસપૂર્વક આજ સુધી વાચન-અધ્યયન કર્યું છે તેમને એ પ્રશ્નપત્રો પોતાના જ્ઞાનને કસવાનું એક અત્યંત ઉપયોગી સાધન બની રહેશે, એટલું જ નહિ પણ એ પ્રશ્નપત્રો ચિત્રમય હોવાથી તે એક સ્વતંત્ર કલાપાઠ રૂપ પણ બની રહેશે.]

બહારવટાને પંથે

આજથી એક દસકા પર 'કુમાર'ના ૧૪-૧૫મા વર્ષમાં જેમણે આ લેખકની 'મારી સફર'ની લેખમાળા વાંચી હશે તેમને એમની આ નવી આપકથાનો વિશેષ પરિચય આપવાનો નહિ રહે. એના મથાળા તથા આ પહેલા જ હપતાનાં અમુક સંદર્ભથી સમજાશે કે ગઈ માળામાં એમણે ક્રાંતિકારી દળમાં પોતે ભાગ લીધાનાં જે કેટલાંક ઈશારા રૂપ વર્ણનો કર્યાં હતાં તેની સવિસ્તર હકીકત, હવેના સંજોગોમાં વિશેષ ગોપન વિના આમાં ક્રમશઃ આવશે.

['મારી સફર'નો અંતર્ભાગ]

લેખક · જીવરામ જોષી

પ્રકૃતિના ગહન નિયમોને આપણે સમજી શકતા નથી. તેનાં પ્રત્યક્ષ પરિણામો કદી જાય છે કે એવું કંઈક છે જ. તેમાંની એક ગહનતા તે 'સંસ્કાર.' પુનર્જન્મ કે કર્મફળની પ્રચલિત માન્યતાને બાજુએ મૂકીએ તો યે આટલું તો લાગે છે કે સંસ્કારનાં બીજ સાથે લઈને જ માનવી જન્મે છે. અંતરમાં પડેલા દાણા સમાં તે જીવનમાં સંઘરાઈ રહે છે. યોગ્ય પોષણ મળતાં તે ઊગી નીકળે છે અને માનવજીવનનું મૂળ બની જીવન રૂપે ફાલેફૂલે છે.

મારો સ્વભાવ જ સંગ્રામપ્રિય. એને અનુકૂળ જે કંઈ આવે તે મને ગમે. ગામડાંનો વાસ. ભાગ્યે જ કોઈ ભણેલું હોય. હોય તો તે મહા સુધરેલો મનાય. કાઠિયાવાડનાં દેશીરાજ્યોમાં શિક્ષણ જેવું કશું મળે નહિ. સંવત ૧૯૭૧-૭૨નો સમય. સદ્ભાગ્યે મારુ ગામ નાનકડા તાલુકદાર દરબારનું. તેનો રાજકીય અંકુશ સરકારના 'એજન્સી' નામે ખાતાના હાથમાં. તેને લીધે બે ગાઉ દૂર પડોશના ગામે નિશાળ ઉઘડેલી. અમારે મન નજીકમાં ગંગા આવી ઊતર્યાં. ભણવું એ મોટામાં મોટી સિદ્ધિ લાગતું. એવી સિદ્ધિ પાડોશને આંગણે આવી ઊભે અને લાભ ન લઇએ તે કેમ બને? મારા ગામનાં દસ બ્રાહ્મણ કુટુંબમાં મારા પિતાજી જ એકલા ખભે ખડિયો લઇને ચલાલા નામના વીસ ગાઉ દૂરના ગામે પાઠશાળામાં પહોંચી ભણી આવેલા. એ રીતે ભણવામાં અમને ગૌરવ દેખાતું. એ ગૌરવ જાળવી રાખવાની બાળહોંશ લઇને હું દોડતો કૂદતો પેલે ગામ ભણવા જતો.

પહેલી ચોપડીમાં ગયો. વાચન સરસ. પહેલી ચોપડી વિના બીજી કોઇ ચોપડી વાંચવા મળે નહિ. ઘરમાં પિતાજીનાં બધાં જ પુસ્તકો સંસ્કૃતમાં. પરીક્ષા ગઈ. શિક્ષક નવી ચોપડીઓ લઈ આવ્યા. ઢગલો કરીને જેની તેની ચોપડી વહેંચવા બેઠા. નજીક બેસીને ધીમેથી મેં એક ચોપડી ઉઠાવી. તે ત્રીજી કે ચોથી ચોપડી હતી. ઉઘાડતાં જ કોઇ હાથમાં તલવાર લઇ ઘોડા પર કૂચ કરી જતો સવાર અને પાછળ સૈનિકો, એવું ચિત્ર જોયું. વીરમૂર્તિ એ ઘોડેસવારને અંતરનાં સંસ્કારનયનોએ ધરાઈધરાઇને નીરખ્યા. તૃપ્ત નયનોએ જિજ્ઞાસાને ઠેસ મારી. પાઠનું મથાળું વાંચતાં શ્રદ્ધા નમી પડી. મથાળુ હતું: 'શિવાજી'. શિવાજી? એ ચિત્રમાંનું વીરની છટાવાળું ચિત્ર શિવાજીનું? એ ચિત્ર ફરી જોયું અને શ્રદ્ધાએ નમન કીધું.

મારુ ગામ ચારણોનું. પણ માગણ ચારણ નહિ; ગામેતી ચારણ. અમને ત્યાં બોરાણા, જાંબુડા એવાં ચારણી ગામોએથી મહેમાનો આવે. એમાં ઘણા કવિ ને ઘણા વાર્તાકારો. બજારમાં બેઠક જામે અને એમાં અમે બાળકો રસલ્હાણ માણીએ. એવી એક બેઠકમાં સાંભળેલી 'શિવાજી ન હોત તો સુનત હોત સબકી' એવી એક છંદની છેલ્લી કડી સ્મરણમાં કોતરાઈ ગઈ હતી. શિવાજીના પરાક્રમની વાર્તા, ચારણી ઢબ અને વાર્તાપ્રિય બાળ માનસ. એને અનુકૂળ એવો સંસ્કારરસ. એ વાર્તા સાંભળ્યા પછી કેટલા યે દિવસો સૂતાં કે જાગતાં કલ્પનાએ ચઢું ત્યારે શિવાજીનો સૈનિક બની રણમાં ઝઝૂમતો હોઉં એવી પોતાની જાતને ઘડી કાઢતો રહ્યો.

આજ એ 'શિવાજી'નો પાઠ ને ચિત્ર જોતાં એ ઉદ્રેક ફરી તાજો થયો. એકીસપાટે વાંચી ગયો. શિક્ષકે મૂંગાંમૂંગાં એ જોઇ પ્રસન્ન થઈ, મારી વાચન દક્ષતાને નવાજવા પૂરતી એ ચોપડી મને વાંચવા દીધી. પણ સૌને ચોપડી વહેંચાઈ ગઈ ત્યારે છેવટે તેમણે મારા હાથમાંથી ચોપડી ખેંચી લીધી. એમાં છેલ્લો ફકરો વાંચવાનો રહી ગયો.

એ જ ચોપડીમાં કે પછી બીજીમાં વાંચ્યો મહારાણા પ્રતાપનો પાઠ. એ પણ વીર શિવાજીનાં જ ચારિત્ર્ય અને વીરતાથી ભરેલા. બંનેના સમાન શત્રુ વિદેશી યવન બાદશાહો. બંને સરખી રીતે તેમની સામે ઝઝૂમ્યા અને માતૃભૂમિની સ્વતંત્રતાના સંગ્રામનું મંગલાચરણ કર્યું. ભારતમાં એવો કોઈ રાજા હશે, જે વીર શિવાજીની પેઠે યવનો સામે લડતો હશે? લડતો હોય તો હું ત્યાં જઇને સૈનિક બનું. રાજકીય જ્ઞાનથી અબોધ હું એવીએવી કલ્પના કરતો.

પણ હવે તો એ યવનો જેર થઈ ગયા છે અને તેમના હાથમાંથી ભારતની સ્વાધીનતા અંગ્રેજોએ ઝૂંટવી લીધી છે, આપણા બધા ય રાજા અંગ્રેજ સરકારના દાસ બની ગયા છે એ જ્યારે જાણ્યું ત્યારે મારી આશાનો દોરો તૂટી ગયો. હવે અંગ્રેજ સામે લડે અને રાજ પાછું પડાવી લે એવો તો કોઇ રાજા હશે જ નહિ. તો મારે ક્યાં જઇને વિદ્રોહી સેનામાં ભરતી થવું? દેશની સ્વાધીનતાની લગની એ રીતે મૂળિયાં ઘાલી બેઠી એ હું ન સમજી શક્યો

સંસ્કારબીજને આ સામાન્ય પ્રસંગોએ પોષણ આપી ઉગાડી દીધું અને જીવનમાં તે ફાલીફૂલીને ઘટાટોપ બની ગયું. છેવટે દેશની સ્વાધીનતાના શત્રુઓ સામે સામી છાતીએ ગોળી ખેલવાની ઈચ્છા પણ પૂરી થઈ. કલ્પનાયે થીજી જાય એવા પ્રસંગો સાંપડયા. મહારાણા પ્રતાપની પેઠે શત્રુથી બચવા પહાડ, વનો ને નિર્જન પ્રદેશોમાં ભટકવાનો લહાવો મળ્યો. અકથ્ય યાતનાઓ સહી. ભારતના ક્રાંતિકારી દળમાં ગુજરાતના પછાત ભાગ કાઠિયાવાડના ગામડાનો હું એક તરુણ ગુજરાતી જોગ લઇને ઠેઠ બંગાળ પહોંચ્યો અને ક્રાંતિકારી દળમાં જોડાઈ મા ભારતીની સ્વાધીનતાના સંગ્રામનો એક નાનકડો સૈનિક બનીને લડી ચૂક્યો. કદાચ તે રીતનો હું પહેલો જ ગુજરાતી હોઇશ.

મારા ગામથી થોડે જ છેટેના ગામનો કાઠી રામવાળો બહારવટે ચડેલો ને છાતી ધડકાવે એવાં પરાક્રમો દાખવી વીર ગાથા રચી ગયો. એવો જ એક 'એકલિયો' થઈ ગયો. તે ય નજીકનો. એકલો જ રહેતો, પણ એકલેપંડે આખું ગામ લૂંટતો. કોઇ સંગીસાથી નહિ. છતાં બહારવટું ખેલતો. એમની વાર્તાઓ સાંભળતો ત્યારે ઘડીભર થઈ જતું કે ગામના સિપાઇની બંદૂક ઉઠાવી લેવી ને નાસી જવું. પણ પછી અંગ્રેજો ક્યાં હોય? એની સાથે લડવા ક્યાં જવું? એ તો અશક્ય જેવું લાગ્યું, અને રામવાળો બનવાની વાત જતી કરી.

આ ગડમથલમાં એક પ્રસંગ બની ગયો.

મલેકભાઇ નામે એક સિપાઈ અમારા ગામનો ચોકીદાર હતો. તેની પાસે દારૂ ભરીને ફોડી શકાતી એક બંદૂક હતી. મારી આંખમાં તે સમાઇ ગઈ. એ બંદૂક મળે તો? મળે તો શું કરૂં. એ વિચાર્યું નહિ. બે ઘડી હાથમાં રમાડી શકાય તો યે કેટલો આનંદ થાય! મારા બાળ સ્વભાવનું એ પ્રિય રમકડું બની ગયું.

સંધ્યા અને પ્રભાત

અહીં સંધ્યા ઊતરી આવી. સૂર્યદેવ ! કયા સમુદ્રપાર, કયા દેશમાં તમારું પ્રભાત થયું હશે ?

શયનગૃહના દ્વાર પાસે ઘૂંઘટભરી નવવધૂની જેમ અહીં અંધકારમાં રજનીગંધા ઝૂકી ઊઠે છે, ત્યારે કોણ જાણે ક્યાંક ભોર વેળાનું ચંપાનું ફૂલ ફૂટયું હશે.

અહીં કોઇ જાગ્યું. સંધ્યાએ જલાવેલો દીપ બુઝાવી દીધો. રાત્રે ગૂંથેલી ગુલાબની માળા ફેંકી દીધી.

અહીં દરેકને બારણે આગળા પડયા, ત્યારે પેલી પાર બારીઓ ખુલવા લાગી. અહીં નૌકા ઘાટે બંધાવા લાગી અને માછીમારો નીંદની તૈયારીમાં પડયા ત્યારે પેલી પાર શઢમાં પવન ભરાવા લાગ્યા.

પેલા લોકો ધર્મશાળામાંથી બહાર નીસર્યા છે. પૂર્વની બાજુ મોં ફેરવી ચાલ્યા જાય છે. એ લોકોને કપાળે પ્રભાતનું તેજ ચમકે છે. એમની મજલ હજુ પૂરી નથી થઇ. એમને રસ્તે બારીબારીએ કાળીભમ્મર આંખોભરી કરુણ કામના અનિમેષ દૃષ્ટિએ માટ માંડી રહી છે. એમને માટે રસ્તો પણ જાણે નિમંત્રણની લાલ પત્રિકા ખોલીને બેઠો છે: 'તમારે માટે આ બધું ય હાજર છે.' એ લોકોના હૃત્પિંડના રક્તના તાલેતાલે જયભેરી બેજી ઊઠી છે.

અહીં બધા ગોધૂલિ વેળાએ દિવસની શેષ નૌકામાં પાર થઈ ગયા.

ધર્મશાળાના આંગણામાં આ લોકો ગોદડીઓ બિછાવે છે. કોઇ એકલા તો કોઇ સંગાથે થાકયાપાકયા પડયા છે. રસ્તાની આગળ શું છે તે અંધકારમાં દેખાતું નથી. પાછળના રસ્તે શું હતું તેની અંદરઅંદર ઝીણીઝીણી વાતો ચાલે છે. વચમાં વાતો બંધ પડી જાય છે. ત્યાર બાદ શાંતિ છવાઈ રહે છે તે પછી આંગણામાંથી ઉપર જુએ છે તો દેખાય છે આકાશમાં સપ્તર્ષિ.

સૂર્યદેવ, તમારી ડાબી બાજુએ આ સંધ્યા; તમારી જમણી બાજુએ પેલું પ્રભાત. એ બંનેને તમે મેળવી આપો. આની છાયા અને પેલાના તેજને એક વાર તમારે ખોળે લઇ ચુંબન કરો.

આની પૂર્વી રાગિણીથી પેલાના પ્રકાશને તમે આશીર્વાદથી વધાવી દો.

(રવીન્દ્રનાથ ઠાકુરની 'લિપિકા'માંના મૂળ બંગાળી ઉપરથી) —**વિનોદ કોઠારી**

મલેક બાપુને બે દીકરા. મોટા સાથે ભાઈબંધી કરી. રાતે ને દિવસે તેને ઘેર જાઉં ભીંતે લટકતો જમૈયો, તલવાર ને ક્યારેક એ બંદૂક જોઇ હૃદય થડકા ખાય. બંદૂક મલેક બાપુ સાથે જ લઇને ફરે. તેમને ઘેર હું જાઉં. કોઈ ન હોય અને બંદૂક લઇને ક્યાંક સંતાડી દઉં ? સંતાડવા માટે મારા ઘરની એક ઓરડી પણ પસંદ કરેલી. તેમાં ગાયો માટે ઘાસ ભરી રાખતાં. દિવસે તો બંદૂક લઈ જવાય નહિ. રાતે જાઉં તો મલેક બાપુ બેઠા જ હોય નિરાશ થઈ ગયો.

એક દિવસે તાલ મળી ગયો. ગામથી દૂર મહાદેવનું મંદિર. નિર્જન શાંત જગ્યા. પાસે જ નાનકડી નદી વહે. મને એ નદી, એ શાંતિ ને પ્રાકૃતિક નિર્જનતા ઘણાં ગમે. આજ પણ એવી જ શાંતિ મને પ્રિય છે, એવાં જ સ્થાનો અતિઘણાં ગમે છે. તેથી જ હું ઘણો કાળ ગુપ્તવાસ ભોગવતાં આવાં નિર્જન સ્થાનોમાં ગાળી શક્યો.

દસેક વાગ્યા હશે. મંદિરે જઇ ચડયો. ઊંચા પગથાર પર જઈ જોઉં તો મલેક બાપુ નદીમાં કપડાં ધૂએ છે. ઘાટની પાળ પર કોરાં કપડાં ને બંદૂક પડયાં છે. આને હૈયું ફફડયું.

એમ જોઈ જ રહ્યો. થોડીવારે મલેક બાપુ કપડાં ધોતા ઊઠયા. સામે કિનારે કરેણનું ઝૂંડ હતું. ત્યાં આગંતુકોના સાધન માટે એક માટીનો લોટકો મુકાએલો. તે લઈ, પાણી ભરી બાપુ દિશાએ ગયા. સામે કિનારે નાનકડા કોતરમાં તેઓ અદીઠ થયા.

તરત હું ચાલી પડયો બંદૂક લઇને સંતાડી દઉં ! નાદાન હું, વિચારી ન શકયો કે બંદૂક સંતાડીને કરીશ શું ? સ્વાર્થને વિચાર કે આંખ હોતાં નથી. શકયતા કે ગંભીરતા સમજ્યા વિના ઝટઝટ ગયો તો ખરો, પણ નજીક જઈ બેસી જવાયું. લઉં કે ન લઉં એ વિમાસણ થઇ પડી. છેવટે દૃઢ મન કરી બંદૂક ઉપાડી. ઓહો ! એનું વજન ! જાણે કોઈ અમૂલા દ્રવ્યનો બોજો ! લોહી બમણા વેગથી દોડી રહ્યું. રૂંવાટાં ખડાં થઈ ગયાં. આજુબાજુનું બધું કાંપતું દેખાયું. લીધો બંદૂક છોડાય તો નહિ જ. લઇને બે ચારેક ડગલાં આગળ વધ્યો. ત્યાં તો—

'એલા, ઈ કોણ...?' મલેક બાપુનો ઘેરો બોલ ગરજતો સંભળાયો !

કિનારાની ઊંચી ભેખડ ચડીને ઉપર જવાનું હતું. ભેખડ આઠ દસ હાથ ઊંચી. અમે નહાવા ઊતરીએ ત્યારે આ ભેખડની ગોદમાં અમારાં કપડાં મૂકીએ. આ અનુભવે ઊગરવાનો માર્ગ કરી આપ્યો.

એકાએક આવી પડેલા સંકટ સમયે સંપૂર્ણ ધૈર્ય એ મારા સ્વભાવનું વિશેષ લક્ષણ છે. મોતનો ઘેરાયો પણ હું કદી થડકયો નથી. કોણ જાણે કેમ, પણ આવા પ્રસંગોએ મને ઉપાય પણ એવા જ કારગત સૂઝયા છે. આખું ઘર છૂપી પોલીસે ઘેરી લીધું હોવા છતાં ત્રીજે મજલેથી હું અણકલ્પ્યા માર્ગે નાસી છૂટયો છું એવા અનેક પ્રસંગોનો વિચાર કરું છું તો સમજાય છે કે તેનું કારણ એ માત્ર દૃઢ ધૈર્ય. ધીરજને લીધે અકસ્માત આવેલા સંકટથી ગભરાવું નથી રહેતું. ગભરાટ જ માનવીને મૂંઝવે છે. શાંત ચિત્ત યોગ્ય માર્ગ વિચારી શકે છે. અકસ્માત આવી પડેલા સંકટ સમયે સાહસ વડે જ સફળતા મેળવી શકાય. અને ધૈર્ય વિના સાહસ ઊગતું જ નથી.

મલેક બાપુનો બોલ સંભળાયો કે અટકીને મેં કહ્યું: 'મલેકબાપુ મારે નહાવા પડવું છે. છાંટા ઊડે તો બંદૂક પર પડે ને ? એટલે બંદૂક આ ભેખડના પેટાળમાં મૂકું છું.'

'ઊડયાં છાંટા ! મૂકી દે ત્યાં.' કહેતા મલેક બાપુ મને વઢવા માંડયા: 'માળા અનાડી ! ભરેલી બંદૂકને અડાય ?'

એ કહેતા રહ્યા અને મેં બંદૂક પાછી હતી ત્યાં મૂકી દીધી.

બાળવયના આ પ્રયત્નમાં ભવિષ્યનો કોઈ સંકેત સમાયો છે એ હું ક્યાંથી સમજું ? આજે વીત્યું સંભારું છું તો પ્રકૃતિના મહાન નિયમનું ભાન થાય છે. ગીતાના કર્મવાદનું આ જ રહસ્ય છે. (ચાલુ)

રોજિંદા જીવનમાં વિજ્ઞાન [૭]

પોટાશિયમના ક્ષારો

લેખક ડૉ. નરસિંહ મૂ. શાહ એમ.એસસી., પીએચ.ડી.

રાસાયનિક વર્ગીકરણમાં પોટાશિયમ અને સોડિયમ બંને ધાતુઓ એક જ વિભાગમાં આવે છે ને બંને 'આલ્કલી ધાતુઓ' તરીકે ઓળખાય છે, એ અગાઉ આવી ગયું. બંનેના ગુણધર્મ પણ લગભગ સરખા છે ને બંને વચ્ચે સામ્ય પણ ખૂબ છે. છતાં સોડિયમને મુકાબલે પોટાશિયમ કુદરતમાં ઓછું માલૂમ પડે છે. ભૂસ્તરીય શિલાઓ, વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ—પ્રકૃતિના એ ત્રણે મુખ્ય વિભાગોમાં પોટાશિયમના ક્ષારો ઓછાવત્તા પ્રમાણમાં મળી આવે છે.

પ્રાથમિક કાળની પ્રાચીન શિલાઓમાં પોટાશિયમ સિલિકેટ રહેલું હોય છે. ગ્રેનાઈટમાં ૧.૭ થી ૩.૧ ટકા સુધી પોટાશિયમ માલૂમ પડે છે. મુસ્કોવાઈટ અબરખમાં પણ પોટાશિયમ હોય છે.

વનસ્પતિમાં તો કેટલી યે કાર્બનિક તેજાબોના પોટાશિયમ ક્ષારો મળી આવે છે. દાખલા તરીકે સોરેલ અને કઢબાર્ણમાં ઍસિડ પોટાશિયમ ઑક્સાલેઇટ ને દ્રાક્ષમાં ઍસિડ પોટાશિયમ ટાર્ટરેઇટ હોય છે. સોરેલનો ક્ષાર કપડા પરથી શાહીના ડાઘ કાઢવામાં વપરાય છે. દ્રાક્ષનો ક્ષાર આરગોલ યા ટાર્ટર ક્રીમ તરીકે ઓળખાય છે.

આવી વનસ્પતિને બાળવાથી તેની ઉપરના ક્ષારોનું પોટાશિયમ કાર્બોનેઇટમાં પરિવર્તન થાય છે અને તે રાખમાંથી પોટાશિયમ કાર્બોનેઇટ કાઢી શકાય છે. એ વનસ્પતિના લાકડાની રાખને પાણી સાથે મેળવી, એ દ્રાવણને ઉકાળી, છેવટનો ભાગ લોઢાની સાંકડી કડાઇમાં ગરમ કરવાથી પોટાશિયમ કાર્બોનેઈટ બનાવવાની રીત પહેલી અસ્તિત્વમાં આવી અને હજી પણ આ જ રીત કેટલીક જગ્યાએ વપરાય છે. પોટાશિયમ કાર્બોનેઈટનું સામાન્ય નામ 'પોટાશ' પણ આ ઉપરથી જ આવ્યું લાગે છે: 'પૉટ' એટલે ઘડો અને 'ઍશ' એટલે રાખ, એ ઉપરથી પોટાશ એટલે ઘડાની રાખ.

વનસ્પતિને પોટાશિયમની ખાસ જરૂર પડે છે. તેમની વૃદ્ધિમાં એ મહત્ત્વનો ભાગ ભજવે છે. વૃક્ષોને દર વર્ષે (તેના ઑક્સાઇડના હિસાબે ગણતાં) એકર દીઠ સવા પૌંડ પોટાશિયમની જરૂર રહે છે. બીજી વનસ્પતિને એથી પણ વધારે જરૂર પડે છે. આ જરૂરિયાત જમીનમાં રહેલા પોટાશિયમ ક્ષારો પૂરી પાડે છે. પણ વારંવાર પાક ઉતારવાથી જમીનના પોટાશિયમ ક્ષારોનું પ્રમાણ ઘટતું જાય છે અને જમીન ફળદ્રુપતા ગુમાવે છે; એટલે જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવા પોટાશિયમના ક્ષારોવાળું ખાતર જમીનને આપવું જોઇએ. લાકડાં બાળવાથી પડતી રાખમાં આ ક્ષારો સારા પ્રમાણમાં હોય છે, એટલે જ રાખ એ ઉપયોગી ખાતર ગણાય છે.

સમુદ્રના પાણીમાં પણ પોટાશિયમના ક્ષારો હોય છે. તેમાંથી દરિયાઈ વનસ્પતિ પોતાની જરૂરિયાત અનુસાર તેને શોષે છે. બીટ સાકરના છોડ પોટાશિયમ ક્ષારો ખૂબ શોષે છે. સાકરની બનાવટમાં સાકર કાઢી લીધા પછી બીટનો જે કચરો રહે તેમાં આ પોટાશિયમ ક્ષારો એકઠા થાય છે. એને ગરમી આપી ઉકાળીને ચાસણી કરી બાળી નાખવામાં આવે છે, એટલે પોટાશિયમ કાર્બોનેટ પાછળ રહે છે.

ઘેટાંના પરસેવામાં સારા પ્રમાણમાં પોટાશિયમ ક્ષારો હોય છે. જો ઊન ઉતારીને તરત પાણી વડે ધોઇ, એ ધોવણ તપાસીએ તો ૧૦૦ ભાગ ઊનમાંથી પાંચ ભાગ પોટાશિયમ કાર્બોનેટ મળી આવે છે.

પ્રાણીઓના લોહીમાં પોટાશિયમ ને સોડિયમનું પ્રમાણ અનુક્રમે ૦.૦૨૨ ને ૦.૩૨ ટકા હોય છે. વનસ્પત્યાહારી પ્રાણીઓના દૂધમાં તેમજ મનુષ્યના દૂધમાં પોટાશિયમ વિશેષ પ્રમાણમાં આવેલું છે (૩.૫:૧). આપણા જીવનમાં પોટાશિયમની આવી મહત્તા છે.

પોટાશિયમના ક્ષારો જોકે કુદરતમાં સર્વત્ર વેરાએલા મળી આવે છે, છતાં તેનો ઉપયોગમાં લઈ શકાય એવો જથ્થો તો બહુ થોડી જગ્યાએ નીકળે છે. આવા ઉપયોગી જથ્થા—ભરાણો—માં જર્મનીનાં સ્ટાસફુર્ટનાં ભરાણોનો ખાસ ઉલ્લેખ કરવો જોઇએ. એ ભરાણો ૧૮૩૯માં મળી આવેલાં અને અત્યાર સુધી દુનિયાના લગભગ બધા દેશોને પોટાશિયમના ક્ષારો તેમાંથી જ પૂરા પડતા. ત્યાં પચાસ લાખ ટન પોટાશિયમ ક્ષારોની વાર્ષિક પેદાશ થાય છે! ભૂસ્તરીય કાળમાં કોઈ તળાવ સુકાઈ જવાથી આ ભરાણ અસ્તિત્વમાં આવ્યાં હશે એમ તેમની રચના પરથી લાગે છે તેમાં ભિન્ન-ભિન્ન ક્ષારોના ઉપરાઉપરી થરો આવેલા છે. આવા થરોમાં ૫૦–૧૩૦ ફુટ જાડો બેવડા ક્ષારનો બનેલો એક મોટો પટ્ટો આવેલો છે. આ બેવડા ક્ષારને કારનેલાઇટ કહેવામાં આવે છે અને તેમાં પોટાશિયમ અને મૅગ્નેશિયમ ક્લોરાઇડો સંયુક્ત દશામાં આવેલા છે. તેમાંથી પોટાશિયમ ક્લોરાઈડ જુદો પાડવામાં આવે છે કારનેલાઈટને ગરમી વડે થીજવવાથી લગભગ શુદ્ધ પોટાશિયમ ક્લોરાઇડ તેમાંથી જુદો પડે છે અને થીજેલો મૅગ્નેશિયમ ક્લોરાઇડ દ્રવશેષ તરીકે પાછળ રહે છે. પછી પોટાશિયમ ક્લોરાઇડને શુદ્ધ કરીને તેમાંથી પોટાશિયમના બીજા ક્ષારો બનાવવામાં આવે છે. હવે તો આલ્સેઇસનાં ભરાણો પણ પોટાશિયમના ક્ષારોનો મોટો ભાગ દુનિયાને પૂરો પાડે છે. વળી રશિયા, અમેરિકા અને કૅનેડાના અમુક પ્રદેશોમાં પણ પોટાશિયમના ક્ષારોનાં ભરાણો જડી આવ્યાં છે. પણ છતાં સ્ટાસફુર્ટનાં ભરાણોની મહત્તા ઓછી થઇ નથી.

મીઠામાંથી સોડા બનાવવાની લી બ્લાન્ક પદ્ધતિનો ઉલ્લેખ પહેલાં આવી ગયો. આ રીત અનુસાર પોટાશિયમ ક્લોરાઇડમાંથી પોટાશિયમ સલ્ફેટ અને પછી તેમાંથી પોટાશિયમ કાર્બોનેટ બનાવાય છે. પોટાશિયમ કાર્બોનેટ મોતીની રાખ (pearl-ash) તરીકે ઓળખાય છે. પોટાશિયમ કાર્બોનેટના સંતૃપ્ત દ્રાવણમાં કાર્બન ડાયૉક્સાઇડ વાયુ પસાર કરવાથી પોટાશિયમ બાઈ કાર્બોનેઇટ બને છે. આ પોટાશિયમ કાર્બોનેટને હવામાં રાખવાથી તે પાણી ચૂસે છે. કાચની બનાવટમાં તથા રંગાટમાં આ ક્ષાર ઉપયોગમાં આવે છે. આ પોટાશિયમના મિશ્રણવાળો કાચ 'સખત કાચ' તરીકે ઓળખાય છે.

કૉસ્ટિક સોડાની માફક કૉસ્ટિક પોટાશ પણ બનાવી શકાય છે અને 'સૉફ્ટ' (માખણ જેવા નરમ) સાબુની બનાવટમાં તેનો ઉપયોગ થાય છે. આપણા રોજિંદા ઉપયોગમાં વપરાતો સાબુ કૉસ્ટિક સોડામાંથી બનાવાય છે. કૉસ્ટિક પોટાશના દ્રાવણો કાચ પર અસર કરે છે, તેથી રૂપું, નીકલ યા લોઢાના વાસણમાં જ તેનું દ્રાવણ ઉકાળી શકાય. થીજેલો પોટાશ તો પ્લૅટિનમ જેવી ઉમદા ધાતુને પણ ખાઈ જાય છે.

દવામાં વપરાતા પોટાશિયમ બ્રોમાઇડ અને પોટાશિયમ આયોડાઇડ પણ ઉપયોગી ક્ષારો છે. બ્રોમાઈડ તો ફોટોગ્રાફીમાં પણ વપરાય છે. વળી પોટાશિયમ સલ્ફેટ ફટકડીની બનાવટમાં અને ખાસ કરીને તંબાકુની ખેતીમાં ખાતર તરીકે ઉપયોગમાં આવે છે.

પોટાશિયમના બધા ક્ષારોમાં પોટાશિયમ સાયેનાઈડ ખૂબ ઝેરી છે. તે સોનારૂપાના ખનિજ પત્થરોમાંથી એ કીમતી ધાતુઓ કાઢવાના ઉદ્યોગમાં વપરાય છે.

પોટાશિયમ કાર્બોનેટને ગંધક સાથે ગરમી વડે પીગળાવીને તૈયાર કરેલો પદાર્થ લીવર ઑવ સલ્ફર તરીકે ઓળખાય છે. બગીચાઓમાં ઝાડને નુકસાનકર્તા જીવજંતુઓનો નાશ કરવા માટે આ પદાર્થ છાંટવામાં આવે છે.

પોટાશિયમ ફૉસ્ફેટ ખાતરમાં વપરાય છે. હોમીયોપથી પદ્ધતિમાં આ પદાર્થ કાલી ફૉસના નામથી દવા તરીકે વપરાય છે.

પોટાશિયમ નાઇટ્રેટ અગર 'સૉલ્ટપીટર' તો આપણા દેશમાં ખૂબ બનાવાતું. પેશાબ અને મળ જેવા નાઇટ્રોજનવાળા કાર્બનિક પદાર્થોને ચૂના યા જૂની ભીંતો પરના ચૂનાના પ્લાસ્ટર સાથે મેળવીને કોહવા દેવાથી તેમાં રહેલા સૂક્ષ્મ જંતુઓ રાસાયનિક ક્રિયાઓ કરે છે અને તેમાંથી કૅલ્શિયમ નાઇટ્રેટ બને છે, જેને પોટાશિયમ કાર્બોનેટ સાથે ઉકાળવાથી સૉલ્ટપીટર તૈયાર થાય છે. આને નાઇટરનું વાવેતર (niter plantatumo) કહે છે. આ રીતે ૨૦ હજાર ટન સૉલ્ટપીટર આપણા દેશમાં બનાવાતું. આ પદાર્થ ઘણું જ ઉપયોગી ખાતર છે. યુદ્ધકાળમાં તેનો ઉપયોગ દારૂગોળાની બનાવટમાં પણ થાય છે. દવામાં પણ તે વપરાય છે.

કૉસ્ટિક પોટાશના દ્રાવણમાં ક્લોરિન વાયુ પસાર કરવાથી પોટાશિયમ ક્લોરેઈટ બને છે. આ પદાર્થ ૧૭૮૬માં શોધાયો હતો. દીવાસળીના ઉદ્યોગમાં, ફટાકડામાં, ફોટોગ્રાફીમાં વપરાતા ફ્લૅશ પાઉડરની તથા સ્ફોટક પદાર્થોની બનાવટમાં, એવા અનેકવિધ ઉપયોગમાં તે આવે છે. ગંધક યા ફૉસ્ફરસ સાથે આ ક્લોરેઈટને ઘસવાથી ખૂબ જોખમકારક ભડાકો થાય છે. તેના ઉપર ગંધકના તેજાબનું એક જ ટીપું નાખવાથી તેમાંથી ભડાકા સાથે તડતડીઆ અવાજે નીકળે છે, અને પીળો વાયુ વછૂટે છે. (ચેતવણી : પણ આ પ્રયોગો ખૂબ સાવધાનીપૂર્વક કરવા તેમાં મોટું જોખમ છે.)

પોટાશિયમ અને સોડિયમના ક્ષારો એકબીજાને ખૂબ મળતા હોઈ જરૂર પડયે પોટાશિયમને બદલે સોડિયમના ક્ષાર વાપરી શકાય. વળી સોડિયમ ક્ષારોને મુકાબલે પોટાશિયમના ક્ષારો મોંઘા પણ હોય છે. એટલે જ્યાં બની શકે ત્યાં પોટાશિયમના ક્ષારને બદલે સોડિયમ ક્ષાર વાપરવામાં આવે છે.

પોટાશિયમના લગભગ બધા સામાન્ય ક્ષારો સોડિયમ ક્ષારોની માફક પાણીમાં દ્રાવ્ય છે. બુન્સેન બર્નરની જ્યોતમાં પોટાશિયમ ક્ષારો વાદળી રંગ આપે છે. અને તેને વાદળી કાચમાંથી જોવાથી તે રાતા દેખાય છે.

પણ આ ઉપરાંત ઉદ્યોગોમાં ખાસ વપરાતા પોટાશિયમના બે અત્યન્ત ઉપયોગી ક્ષારો તો પોટાશિયમ ડાયક્રોમેટ અને પોટાશિયમ પરમૅન્ગેનેઈટ. એમના સંબંધે સવિસ્તર વર્ણન આવતા હપ્તામાં.

કસોટી

બુદ્ધિને કસતા થોડા પ્રશ્નો આ નીચે આપ્યા છે. પ્રયત્નને અંતે તમે ઉકેલી ન શકો તો ઉત્તરો નીચે જ અવળા છાપ્યા છે.

(૧) એક વિદ્યાર્થી બજારમાંથી ૧૦ આના ખર્ચીને એક ચોપડી, પેન્સિલ અને રબ્બર લાવ્યો. જો પેન્સિલની કિંમત રબ્બર કરતાં બે આના વધારે હોય અને ચોપડીની કિંમત પેન્સિલ અને રબ્બર એ બંને કરતાં ત્રણ ગણી હોય તો તેણે દરેકની શી કિંમત આપી હશે?

(૨) નીચે આપણી જાણીતી નવલકથાઓનાં અગ્રણી પાત્રો તથા તેના સર્જક લેખકોનાં નામો સેળભેળ આપ્યાં છે તેમાં કયું પાત્ર કોનું સર્જેલું છે તે તમે શોધી શકશો? (અનુસંધાન પાછલા પૂઠા સામે)

FREEDOM COME •

પંદરમી ઑગસ્ટે જે અનેક રાષ્ટ્રભાવનાઓને કલા અને ઉત્સવના રૂપમાં જન્મ આપ્યો છે તેમાં તરી આવતું કવિ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયનું આ કાવ્ય, ત્રણ સૂચક શોભનચિત્રો સાથે પુસ્તિકા રૂપે પ્રકટ થયું છે. દેશ-પરદેશના મિત્રોને હિંદની સ્વતંત્રતાની વધાઈ પહોંચાડવાને આ સર્વથા સુલભ ને ઉચિત ભેટ ગણાશે. સ્વાતંત્ર્યને સત્કારતા એમાં કવિએ ઉત્ફુલ્લ હૃદયે મહાત્માજીથી માંડીને અદના શહીદ સુધીનાને અંજલિ અર્પી છે ને સ્વાધીનતાનું સાચું મૂલ્યાંકન નિર્દેશ્યું છે. હિંદના ભાગલા વિષે એ લખે છે:


The mother is divided on the map,
She shall not be divided in our heart.
... ...
But we shall rise and reunite the mother,
Yea, we shall move together towards our goal;
Inseperable, brother one with brother,
One India, one nation and one soul.

પુસ્તિકામાંનાં કલાકાર કૃષ્ણ હેબ્બરનાં ત્રણે સુશોભનો ભાવના અને રેખાકૌશલના કેવા સુંદર નમૂના છે તેનું, એક માનાં સંતાનનું ભાઈની જોલડીનું બાજુએ દર્શાવેલું તેમાંનું ચિત્ર નિર્દેશક છે. **ર. મ. શા.**

(•નાલંદા પ્રકાશન, પોસ્ટ બૉક્સ ૧૩૫૩ મુંબાઇ, કિંમત ૦-૧૨-૦)



Our Friends Abroad જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ



[આ પત્ર મેળવનાર: રસિક મ. ગોઅલ, હ. મો. પબ્લિક સ્કૂલ, અંધેરી]

આ માસનો પત્ર: સીડનીથી મુંબાઈ

231 Bronte Road, WAVERLEY,
New South Wales, (Australia.)

પ્રિય મિત્ર રસિક,

હું તમને વહેલો જવાબ ન મોકલી શક્યો તે માટે મને માફ કરજો. અમારા 'ઇસ્ટર'ના તહેવારો હોવાથી હું રોકાએલો હતો

અમારી શિક્ષણ-પદ્ધતિ હિંદ કરતા ઘણી જુદી છે. અહીં બાળક ૫ વર્ષનું થાય કે તેને 'પબ્લિક કિંડરગાર્ટન'માં અગર ખાનગી શાળામાં ફરજિયાત બેસાડવું પડે છે. આ શાળામાં એક વર્ષ પસાર કર્યા પછી તેને પ્રાથમિક (primary) શાળામાં દાખલ કરવામાં આવે છે. પ્રાથમિક શાળા એ સરકાર તરફથી ચાલતી સાર્વજનિક (public) શાળા છે. તેમાં કુલ ૬ વર્ષનું શિક્ષણ હોય છે. પહેલાં બે વર્ષ સુધી છોકરા-છોકરીઓને સહ-શિક્ષણ આપવામાં આવે છે, પણ પછી તેમને જુદાજુદા વર્ગમાં બેસાડવામાં આવે છે. પ્રાથમિક શાળાની છ પરીક્ષાઓ પાસ કર્યા પછી વિદ્યાર્થીઓને તેમની બુદ્ધિ પ્રમાણે જુદીજુદી સરકારી માધ્યમિક શાળાઓમાં મોકલવામાં આવે છે. સૌથી હોશિયાર વિદ્યાર્થીઓને હાઇસ્કૂલમાં, તેથી ઓછા બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને ઈન્ટરમીજિયેટ હાઇસ્કૂલમાં અને સાવ મંદ વિદ્યાર્થીઓને ઔદ્યોગિક યંત્રવિદ્યાની શાળાઓમાં (Industrial Technical schools) મોકલવામાં આવે છે. છોકરીઓના પણ આ જ પ્રમાણે વિભાગ કરવામાં આવે છે; માત્ર તેમની શાળાઓ જુદી હોય છે.

હું અત્યારે સીડની હાઇસ્કૂલમાં ભણું છું તેથી હાઇસ્કૂલના શિક્ષણનો તમને સ્પષ્ટ ખ્યાલ આપી શકીશ. અમારી આ શાળા આખા ઑસ્ટ્રેલિયામાં જ નહિ, પણ પૃથ્વીના સમસ્ત દક્ષિણ ગોળાર્ધમાં મોટામાં મોટી ગણાય છે. અહીં ચીન, અમેરિકા અને યુરોપથી પણ વિદ્યાર્થીઓ ભણવા આવે છે! હાઇસ્કૂલમાં કુલ ૫ વર્ષનું શિક્ષણ હોય છે. પહેલાં ત્રણ વર્ષના તેના અભ્યાસક્રમમાં નીચેના વિષયો હોય છે: ટૅક્નિકલ ડ્રૉઇંગ અને વૂડક્રાફ્ટ (૧ કે ૨ વર્ષ), લૅટિન અથવા ભૂગોળ, ફ્રેન્ચ, ઇંગ્લિશ, ગણિત, ઇતિહાસ, ફીઝિક્સ-કેમિસ્ટ્રી, બિઝનેસ પ્રિન્સિપલ્સ અને સોશિયલ સ્ટડીઝ. આ વિષયોનો ત્રણ વર્ષ અભ્યાસ કર્યા પછી હાઇસ્કૂલની ઇન્ટરમીજિયેટ પરીક્ષામાં વિદ્યાર્થીને બેસવા દેવામાં આવે છે. જો તેમાં તે પાસ થાય અને જો તેની ઉંમર ૧૫ વર્ષની હોય (ન્યૂ સાઉથ વેલ્સ પ્રાંતમાં શાળા છોડતી વખતે ૧૫ વર્ષની ઉંમર હોવી જરૂરી છે) તો તેને સરસ નોકરી મળી શકે છે પણ જો તેની ઈચ્છા હોય તો તે આગળ પાંચ વર્ષનો અભ્યાસ પૂરો કરી શકે છે. હું અત્યારે ચોથા વર્ષમાં છું. છેલ્લાં બે વર્ષના અભ્યાસક્રમમાં નીચે મુજબ ૬ વિભાગો હોય છે. તે દરેકમાંથી એકએક વિષય પસંદ કરવાનો હોય છે, પણ તે એવી રીતે કે એક જ વિષય બે વખત ન આવે:

વિભાગ ૧ લો: અંગ્રેજી; વિભાગ ૨ જો: ફ્રેન્ચ, લૅટિન, ગ્રીક; વિભાગ ૩ જો: ગણિત–૧, સામાન્ય ગણિત; વિભાગ ૪ થો: ગણિત–૨, જર્મન, રશિયન, લૅટિન, ઇતિહાસ; વિભાગ ૫ મો: ભૌતિકશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, બંને સંયુક્ત; વિભાગ ૬ ઠ્ઠો: રસાયનશાસ્ત્ર, ઇતિહાસ, લૅટિન, રશિયન, ઇકોનૉમિક્સ, સમાજશાસ્ત્ર (સોશિયલ સ્ટડીઝ).

મેં આ વિષયો પસંદ કર્યા છે: અંગ્રેજી, ફ્રેન્ચ, ગણિત–૧, ગણિત–૨, ભૌતિકશાસ્ત્ર અને રસાયનશાસ્ત્ર. પાંચમા વર્ષને અંતે વિદ્યાર્થી મૅટ્રિકની પરીક્ષામાં બેસે છે. જો તેમાં તે પાસ થાય તો તેને સીડનીની યુનિવર્સિટીમાં પ્રવેશ મળે છે. ત્યાં તે પોતાની ઈચ્છા મુજબનો અભ્યાસક્રમ પસંદ કરે છે. હું વિજ્ઞાનનો અભ્યાસક્રમ લેવાનો છું. કૉલેજનો અભ્યાસક્રમ પૂરો કર્યા પછી જો વિદ્યાર્થી હોશિયાર હોય તો તેને રહોડ્ઝ સ્કૉલરશિપ મળે છે જેથી તે વધુ અભ્યાસ માટે ઇંગ્લંડ કે બીજા કોઈ દેશમાં જઈ શકે છે. હું ધારું છું આ ઉપરથી તમને અમારી શિક્ષણપદ્ધતિનો ખ્યાલ આવશે.

સાચું કહું તો હજુ સુધી મેં કોઈ હિંદી જોડે સંભાષણ કર્યું નથી. આજે મેં રસ્તા પર એક હિંદી દંપતીને તેમનાં બે બાળકો સાથે જતાં જોયા. પણ મને આશ્ચર્ય તો એ લાગ્યું કે પુરુષ સ્ત્રી તરફ બિલકુલ ધ્યાન આપ્યા વગર ઘણો આગળ ચાલતો હતો. અસ્તુ હિંદને સ્વાતંત્ર્ય મળે છે એ સાંભળીને મને ઘણો આનંદ થયો છે, પણ હિંદી લોકો એકબીજા તરફ ધર્મ અને નાતજાતના ભેદભાવ છોડી સાહધર્મ નહિ બને ત્યાં સુધી મળેલી આઝાદી સફળ નહિ થાય. અહીંનો જ દાખલો આપું. દર વખતે જ્યારે હિંદી વહાણ અહીંના બારામાં આવે છે કે તરત વહાણ ઉપર હિંદુ–મુસલમાનના ઝગડા શરૂ થાય છે. તમારી ૯૦ ટકા પ્રજા નિરક્ષર છે અને હું ધારું છું કે આઝાદીનો સાચો અર્થ તેઓ સમજતા પણ નહિ હોય.

તમે અંગ્રેજી ભાષા પર જે અસાધારણ કાબૂ મેળવ્યો છે તે માટે હું તમને અભિનંદન આપું છું. મોટા ભાગના ઑસ્ટ્રેલિયનો જે કક્ષાનું અંગ્રેજી બોલે છે તેથી તમારું અંગ્રેજી ખરેખર ઊંચું છે. ઑસ્ટ્રેલિયાના વિશિષ્ટ શબ્દ-પ્રયોગો (slang)-રૂઢિપ્રયોગો તમારે જાણવા છે?

તમારા શિક્ષક ખરેખર વિદ્વાન હોવા જોઈએ. તેમણે તમારા પત્ર નીચે જે વિચારપૂર્ણ નોંધ લખી છે તે માટે આભાર.

તમારા તરફથી ત્વરિત જવાબની આશા રાખતો,

હંમેશ તમારો જ, Ray.

ફરી એનું એ

'કુમાર' આવતી કાલનાં નાગરિકોમાં ઝિંદાદિલી, સત્ત્વશુદ્ધિ ઇત્યાદિ ગુણોનો પરિપોષ ચાહે છે. આથી 'કુમાર'ના ગયા અંકોમાં અમારે કેટલાક પત્રમિત્રોની અપ્રમાણિકતા તથા માનસિક અધોગતિ અત્યંત ગ્લાનિપૂર્વક પણ પ્રકાશમાં લાવવી પડી હતી. તેની તો તરત અમે કડક ખાનગી તપાસ હાથ ધરીએ છીએ અને ઘણાખરા બનાવોમાં ગુનેગારો પકડાઇ જઈને અગર શુદ્ધ પશ્ચાત્તાપ થવાથી જાતે જ બહાર આવીને ક્ષમા યાચે છે. તેવો જ એક વધુ બનાવ એક ભાઈ અમારી જાણ પર લાવ્યા છે. તે લખે છે, 'ઘણા દિવસ બહારગામ રહી ગઇ કાલે મારી દુકાને હું પાછો ફર્યો ત્યારે દુકાનમાં ૧૫૦ પત્રોનો ઢગલો જોઇ હું તો આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયો! પત્રો પર સરનામું જોયું તો 'કુ. ભાનુમતી આર. શુદ્ધ ઘી ભંડાર, સદર બજાર, હૈદ્રાબાદ' એમ લખેલું હતું. પછી ખબર પડી કે કોઈકે મારુ ખોટું નામ 'કુમાર'માં મોકલવાથી આમ બનવા પામ્યું છે.

(મારુ સાચું નામ ભાનુલાલ આર. ઠક્કર છે.) આ બાબત મેં મારા કસરતના વિદ્યાર્થીઓને પૂછતાં એક છોકરો બહાર આવ્યો અને પોતે જ એ અઘટિત કાર્ય કરેલું હોઈ તે માટે તેણે માફી માગી.'

અમારા ધ્યાન પર આવેલી એક બીજી વસ્તુ વિષે ડેરોલના એક ભાઈ લખે છે કે, 'આપે જે વાલીની સહી કરાવવાની નવી રીત કાઢી છે તેનો પણ ખોટો ઉપયોગ થાય છે. છોકરાઓ કાગળ લખી જરા બનાવટી અક્ષરે અથવા બીજા કોઈ પાસે પોતાના વાલીની સહી કરાવી મોકલે છે, આથી સહી કરાવવાનો કંઈ ઉદ્દેશ સરતો નથી.' આ વળી એક નવી માનસિક અધોગતિ છે. પોતાનું નામ છપાવવાના ક્ષુલ્લક મોહમાં ફસાઈને પોતાના જ પિતા કે ભાઈની બનાવટી સહી કરાવનારને પોતાના નૈતિક પતનનો ખ્યાલ નથી હોતો. જોકે અમે તો પુખ્ત વયના માણસોની સહી ઓળખી શકીએ છીએ.

ત્રીજા ભાઈ એવી સૂચના કરે છે કે, 'કુમાર'માં માત્ર છોકરાઓનાં જ સરનામાં પ્રસિદ્ધ કરો; છોકરીઓનાં સરનામાં પ્રસિદ્ધ ન કરશો' આ સૂચન ઉપર પહેલાં અમે વિચાર કર્યો હતો. પણ કેવળ થોડાક પાજી પત્રમિત્રો અઘટિત પત્રવ્યવહાર કરશે એ ભયે બહેનોને અન્યાય કરવો અમને ઠીક નથી લાગતો.

આ ક્ષુદ્ર મનોવૃત્તિઓ જોઈને એક ભાઈએ લખ્યું છે, 'હિંદી પત્રમિત્રોનો વિભાગ જ બંધ કરો તો સારું, કેમકે તેમાં કેવળ નામ છપાવવાના આશયથી જ મોટા ભાગના પત્રમિત્રો સરનામાં મોકલતા હોય છે. આવા પત્રમિત્રોને જ્યારે કાગળ લખીએ છીએ ત્યારે બહુ ઓછા જણ જવાબ આપે છે. (પરદેશનો તો દરેક મિત્ર જવાબ લખે છે.) આવા લોકોને જો પોતાનું નામ છપાવવું હશે તો બીજાં છાપાંઓમાં છપાવી શકશે, કારણ હવે ઘણાં છાપાંઓએ આવો વિભાગ શરૂ કર્યો છે. તેથી 'કુમાર'માં આ વિભાગ બંધ કરવાથી તેટલી જગ્યા બચશે અને તે જગ્યામાં કોઈ ઉપયોગી લેખમાળા શરૂ કરી શકાશે.'

પત્રમિત્રો શું પોતાની ક્ષુદ્ર મનોવૃત્તિવાળું આચરણ ચાલુ રાખી અમને આ છેલ્લા ભાઈએ સૂચવેલો માર્ગ લેવાની ફરજ પાડશે?

પરદેશનાં પત્રમિત્રોનાં સરનામાં

(1) Miss Reno Brown, 31 Newbattle, Calderbonkvy, Airdri Lan. (Scotland); (2) Evelyn Swords, 5748 Blackstone Ave., Chicago-37 (U.S.A.); (3) W. N. Agbok P. O. B. 1, Awunaza (Gold Coast–Africa); (4) Mrs. W. Wells, 64 Harcourt Ave, Toronto-6 (Canada); (5) Joe Ventura, St. Lewis, H Rue D'Agen Gzira (Malta); (6) Joan Hutchinson, 128 Garthland, Dr. Dennistoun, Glasgow (Scotland); (7) Eva U. Bailey, R. I. Dows. Iowa (U. S. A.); (8) Mrs. Raw Thomson, 6100 east, 13 street, Winfield, Kanasas (U. S. A.); (9) Bessie Bowers, Gainesboro, Verginia (U. S. A.); (10) Neil GunaseKera, 'Witayasevena' Paiyagala So. (Ceylon); (11) Art Hoffman, P. O. B. 47, Lockport, N. Y. (U. S. A.); (12) Ernest Q. Bigelow, R. I, Pelham, New Hampshire (U. S. A.); (13) Etta Ranch, R. 5, Estheville, Iowa (U. S. A.); (14) J. Sabhapat, 17 Edmonton Lane, Kirillapone, Nugegoda (Ceylon).
(ધીરેન્દ્રકુમાર દફતરી તરફથી આ સરનામાં મળ્યાનો ઉલ્લેખ કરવો.)

પત્રમિત્રોને સૂચના

વકુભાઈ બી. ગાંધી, વિજયકુંજ, જગનાથ રોડ, રાજકોટ, એ ભાઈ 'કુમાર'ના કોઈપણ વાચકને પોતાના સંગ્રહમાંથી ૧૨ થી ૧૫ ટિકિટો મફત આપવા ઈચ્છે છે. માગણી કરનારે સાથે પોતાના સરનામાવાળું પોસ્ટનું કવર મોકલવું.

પત્રમિત્ર વિભાગની કોઈપણ જાતની માહિતી અગર જવાબ મેળવવા જરૂરી પોસ્ટેજ સાથે મોકલવું આવશ્યક છે. પોસ્ટેજ વિનાના પત્રોના જવાબો આપવામાં આવતા નથી. પત્રમિત્ર તરીકે નામ નોંધાવવા ઈચ્છનારે એક પોસ્ટકાર્ડ ઉપર પોતાના જ હસ્તાક્ષરમાં પોતાનું પૂરું નામ, પૂરું ઘરનું સરનામું, ઉંમર અને શોખ જણાવી નીચે પોતાના વાલીની સહી તેમના હસ્તાક્ષરમાં લઈ પછી તે કાર્ડ અમારી ઉપર મોકલવું જરૂરી છે. ઉપર પૈકી કોઈપણ એક બાબત જણાવવી રહી ગઈ હશે તે પત્ર ઉપર ધ્યાન આપવામાં નહિ આવે.

નવા હિંદી પત્રમિત્રો

(૩૮૪) અતુલ શ્રોફ, શાહીબાગ, ૧૨મો રસ્તો, ખાર, મુંબાઈ-૧૨—૧૭, ટિકિટસંગ્રહ, સિનેમા; (૩૮૫) ચન્દ્રવદન અંબાશંકર ભટ્ટ, ૯૯૨ કૃષ્ણનગર, સર પટ્ટણી રોડ, ભાવનગર (કાઠિયાવાડ)—૧૯, ટિકિટસંગ્રહ, ક્રિકેટ, સંગીત; (૩૮૬) નિર્વાણકુમાર ર. વ્યાસ, ઠે. રેવન્યુ કમિશનર, મંગળભુવન, મોરબી (કાઠિયાવાડ)—૧૩, ટિકિટસંગ્રહ, ક્રિકેટ; (૩૮૭) વિનોદ ર. વ્યાસ, મંગળભુવન, મોરબી, —૧૫, તરવું, વાચન. (૩૮૮) હરિલાલ લધુભાઈ ચંદારાણા, કન્યાશાળા પાસે, બાલંભા, ધ્રોલ થઈને (કાઠિયાવાડ)—૨૦, ટિકિટસંગ્રહ; (૩૮૯) નટવર બ્રહ્મભટ્ટ, ઠે. જેઠાલાલ વૈદ્ય, પટવા શેરી, ગોમતીપુર, અમદાવાદ-૨—૧૮, પત્રકારત્વ; (૩૯૦) રમણિક વલ્લભદાસ માથવાણી, ઠે. હંસરાજ મોરારજી પબ્લિક સ્કૂલ, નવ ગુજરાત, અંધેરી, મુંબાઈ—૧૬, ટિકિટસંગ્રહ, તરવું; (૩૯૧) દિપક ભગવાનજી મહેતા, હરદાસ બીલ્ડિંગ, ખોલી નં. ૨૫/૨૬, એસાયલમ રોડ, રણછોડ લાઇનસ, કરાંચી-૧—૧૮, પત્રકારત્વ, અવતરણસંગ્રહ; (૩૯૨) રમણિક મોહનલાલ શાહ, ઠે. કેશવલાલ એન્ડ કું. ગોપાલજી કા રસ્તા, જયપુર સીટી—૧૯, ટિકિટસંગ્રહ; (૩૯૩) હસમુખ ન. પારેખ, પ્રેમજી લધા બીલ્ડિંગ, માટુંગા (જી.આઈ.પી.) મુંબાઇ—૧૬, ટિકિટસંગ્રહ, સંગીત, (૩૯૪) શાંતિલાલ આર. અમીન, સીનોર (વાયા મિયાગામ) વડોદરા રાજ્ય—૧૮, ક્રિકેટ, સંગીત; (૩૯૫) પ્રવીણચન્દ્ર મથુરદાસ મહેતા, નવાબની ખડકી, ચાચરીઆમાં, પાટણ (ઉ. ગુજરાત)—૧૬, સાહિત્ય; (૩૯૬) રજનીકાન્ત રણછોડલાલ જાની, સિદ્ધનાથ મહાદેવની પોળ, વિસનગર—૧૮, પ્રવાસ, વ્યાયામ, સાહિત્ય; (૩૯૭) રવજી દેવજી ઠે. દેવજી જાદવજી, દેવિકાબાઈ નિવાસ, આમનવાડા રોડ, મુંબાઈ-૧૯—૧૬, ટિકિટસંગ્રહ; (૩૯૮) નટવરલાલ પુ. મહેતા, ઠે. પુરૂષોત્તમ ચ. મહેતા, રણછોડ લાઈન્સ, એસાયલમ રોડ, કરાંચી-૧—૧૬, ટિકિટસંગ્રહ, ચરિત્રવાચન; (૩૯૯) ચિત્તરંજન મથુરદાસ મહેતા, નવાબની ખડકી, ચાચરીઆમાં, પાટણ (ઉ. ગુજરાત)—૧૪, ક્રિકેટ; (૪૦૦) હરિપ્રસાદ વી. શુક્લ, બજાર, ગોઝારીઆ, વાયા આંબલીઆસા (ઉ. ગુજરાત)—૧૯, સંગીત, ફોટોગ્રાફી, ચિત્રસંગ્રહ; (૪૦૧) મોહનલાલ સી. પારેખ, લક્ષ્મીભુવન, સૅંડહર્સ્ટ રોડ, મુંબાઈ-૪—૨૧, રાજકારણ, વાચન; (૪૦૨) બંસીધર છગનલાલ શુક્લ, ૯૯/૧ પુરાણીનિવાસ, મણિનગર, અમદાવાદ—૧૫, ચિત્રકામ, અજાયબ વસ્તુઓનો સંગ્રહ; (૪૦૩) બહર ઓ. પટેલ, પો. બૉ. નં. ૬૦૫, કોલંબો (સીલોન)—૨૧, સંગીત, સિક્કાસંગ્રહ, મહાપુરુષોના ફોટા-સંગ્રહ; ખાસ કરીને પારસીઓ સાથે પત્રવ્યવહાર ઇચ્છે છે; (૪૦૪) અન્વર એમ. અલીભાઈ, પો. બૉ. નં. ૧૭૦, દાર-એ-સલામ, (બી. ઇ. આફ્રિકા)—૧૮ સિક્કાસંગ્રહ, પોસ્ટકાર્ડસંગ્રહ; સરનામું અંગ્રેજીમાં.

 (અનુસંધાન પાછળ પાન ૨૬૨થી)

મંગેલો દાક્તર ગામમાં આવ્યો. ચંદ્રમોશાયને શાળામાં શિક્ષક રૂપે જોઈ એ ધ્રૂજી ઊઠયો. એણે જઈને મહાજનને ડેલે વાત મૂકી કે, 'આ તમે શું ચાલવા દો છો? આ બધાં નીરોગી સ્વસ્થ બાળકો! આ નાજુક ઉંમરે એમના શરીરમાં 'લેપ્રેસી'નો ચેપ લાગ્યે પછી કાંઈ ઈલાજ રહેશે શું? રક્તપિત્ત એ તો ગજબનો ચેપી રોગ છે.'

કો'ક બોલ્યું, 'પણ અમારા ચંદ્રમોશાય બહુ સચેત-જાગતા માણસ છે. છોકરાંઓને એ કદી યે સ્પર્શતા નથી. ચોપડી, પાટી, પેન, પેન્સિલ સુદ્ધાંને નહિ. એમનું લીમડા પર ઝુલતું પાટિયું પણ એમનાં પત્ની લૂછી આપે છે.'

દાક્તર બોલ્યો, 'અરે ભાઈ. એનો ચેપ તો શ્વાસોચ્છ્વાસથી યે લાગી જાય. આ દરદ સૌ પહેલું નાકમાંથી જ શરૂ થાય છે.'

કો'ક બોલ્યું, 'એ સાચું છે નાક જ પહેલું ફૂલવા માંડે છે, ભાઈ.'

ચંદ્રમોશાય ચૂપ જ રહ્યા. ન તો એમણે ઊંડો નિસાસો મૂકયો કે ન તો કંઈ દુઃખ દેખાડયું. પોતાના ભાવિ માટે એ ચિન્તામાં પડી ગયા હોય એવું પણ ન જણાયું.

જે થોડાક વિદ્યાર્થીઓ ત્યાં હાજર હતા તેમને એમણે કહ્યું, 'હવેથી આ શાળા બંધ થાય છે તમે પણ હવે અહીં આવશો મા.'

પણ માસ્તર-પત્ની પેલા દાક્તર પર રોષે ભરાઈ હતી ચંદ્રમોશાયે એને કહ્યું, 'એના પર રોષ કર્યે શું વળશે, પદ્મ? એણે એના જ્ઞાન મુજબ સાચું જ કહ્યું છે.'

પદ્મ બોલી, 'જોયો ન હોય તો જ્ઞાની! જ્ઞાન હોત તો આમ ન કહેત. હું આજ આટલા વરસથી નિરંતર તમારી સાથે રહું છું. એવું થતું હોય તો તો મને ઘણાં દિ' પહેલાં દરદ ઊપડવું જોઈતું હતું. છતાં હજુ યે નથી ઊપડયું.'

ચંદ્રમોશાય બોલ્યા, 'દુઃખ કે રોષ કરીશ મા, પદ્મ ભગવાનનું ભજન કર. તારો ભગવાન જ આજ આપણો ભરોસો છે.'

ને પદ્મ ફરી રડી પડી

ઘણી વાર સુધી રડ્યા બાદ આંખો લૂછી એ બોલી, ખરી વાત છે. 'તમે ધ્યાન રાખજો. એ આપણને કંઈ હેરાન નહિ કરે.'

ને ત્યાર પછી શરૂ થયો કપરો જીવનસંગ્રામ જીવનનિર્વાહ માટે પદ્મે ધાન લાવવાની ને ચોખા છડવાની મજૂરી કરવી શરૂ કરી. ચંદ્રમોશાય એ હાળજાતૂટ કઠોરમજૂરી કરતી પરિશ્રમપરાયણ પદ્મ તરફ જોઈ જ રહેતા; કંઈ જ બોલતા નહિ.

એ દિવસ પદ્મ એકાએક બહાર આવી ઓટલા પર લાંબી પડી.

ચંદ્રમોશાયે પૂછ્યું: 'આમ કેમ કરે છે, પદ્મ?'

હાંફતા હાંફતા પદ્મ બોલી, 'જીવ ગભરાય છે.'

'સ્વસ્થ થા પદ્મ ચિંતા ન કરતી; ભગવાન પાસે તારે માટે કંઈ ન માગતી, મારી જ મુક્તિની કામના કરજે?

પણ આજે પદ્મે એનો કંઈ વિરોધ ન કર્યો. એ માત્ર રડી.

સાંજ થતાંથતાંમાં પદ્મને થોડોક તાવ ચડયો. ને સવારે એ જ્યારે ઊઠી ત્યારે એનું શરીર એટલું તો દુર્બળ લાગતું હતું કે જાણે એ સાવ નંખાઈ જ ગઈ છે. ઘરમાં ચોખા હતા નહિ. ખૂબ વિચારી કરીને એ પાડોશી મુખુજ્જેને ઘેર ઉછીના ચોખા લેવા ચાલી.

મુખુજ્જેની પત્નીએ કહ્યું, 'આવો આવો, બેસો.'

પદ્મ બોલી, 'ના બહેન બેસીશ નહિ. કાલથી પાછો તાવ આવે છે. ઘરમાં ચોખા નહોતા, એથી...'

એ જ વખતે મંગળ-નાદ સહ પુત્રવધુઓ ઘરમાં પ્રવેશી. કોઈ કારણસર માનતા માનેલી તે આજે પૂરી કરીને વહુઓ પાછી ફરી હતી. મુખુજ્જે-પત્નીએ કહ્યું. 'અરે વહુ બેટા, માસ્તર-વહુને સેંથે સિંદૂર પૂરો. એ સાક્ષાત સતીલક્ષ્મી છે. એમને પાન આપો, સોપારી આપો; આપીને પ્રણામ કરો, ને એમની ચરણરજ લો.'

પ્રસાદની થાળી લઈ મોટી વહુ આગળ આવી. પદ્મે પોતાનો ઘુમટો દૂર કરી માથુ ઉઘાડું કર્યું. મોટી વહુએ એના સેંથામાં સિંદૂર પૂરી પાનસોપારી આપ્યાં.

મુખુજ્જે-પત્ની બોલી, 'રહેવા દે, તારા હાથમાં પ્રસાદનો થાળ છે તો મનોમન પ્રણામ કરી લેજે. એટલું બસ છે. અને ચારેક શેર જેટલા ચોખા આપજે પદ્મવહુને.'

મોટી વહુ ચાલી ગઈ મુખુજ્જે-પત્નીએ પદ્મને પૂછ્યું, 'આ તને કયારથી થયું, પદ્મવહુ?'

ચમકીને પદ્મે પૂછ્યુ, 'શું બહેન?'

'આ ભયંકર દરદ?'

પદ્મ ચમકીને મુખુજ્જે-પત્ની તરફ જોઈ જ રહી. એનું આખું શરીર થરથર ધ્રૂજી ઊઠયું.

મુખુજ્જે-પત્નીએ કહ્યું, 'જોઉં, તારા હાથપગ જોઉં, દેખાડ તો!'

પદ્મે ભય સહ બંને હાથ આગળ ધર્યા, અને એ પોતે પણ પોતાના હાથ તરફ જ જોઈ રહી. કોઈએ એની આંખમાં જાદુઈ આંજણ આંજી પ્રેતલોકનાં દ્વાર એની નજર સામે ઉઘાડી નાખ્યા એની ફૂલી ગએલી આંગળીઓ તડકામાં તેલ ચોપડયું હોય તેમ ચમકતી હતી પદ્મને થયું કે જાણે અગણિત કૃમિ-કીટ એને રૂંવાડે રૂંવાડે ખદબદી રહ્યા છે. ને પગ તરફ નજર કરવાની હિંમત જ એ ન કરી શકી.

ઘેર પાછી ફરી એ હવે એકાગ્ર ચિત્તે પોતાના પગ જોવા બેઠી. પગનાં આંગળાં પણ ફૂલી ગયાં હતાં. ટેરવે ટેરવું એણે દાબીને જોયું તો બધે ઊંડાઊંડા જાણે ઘારાં થયાં હોય તેમ જણાયું.

ને પોતાનું મોં જોવા એ ઝટપટ અરીસો લઈને નીચે બેઠી. પણ અરીસાનું ઢાંકણું ખોલ્યા ભેગું જ ભય સહ એણે એ બંધ કરી દીધું. ને પછી એકાએક એ ધરતીપર ફસકાઈ પડી. છતાં અજબ જેવી વાત હતી કે એની આંખમાં એક આંસુ પણ ન હતું. ચંદ્રમોશાય પ્રાતઃકર્મ પતાવવા બહાર ગયા હતા. પાછા આવી એમણે સાદ પાડ્યો, 'પદ્મ.'

પદ્મ માથા પરનો છેડો દૂર કરી પાગલની જેમ બોલી, 'જુઓ, જુઓ! થયું ને!' એનાં મોં તરફ જોઈ, એક ઊંડો નિસાસો મૂકી, માથું ઢાળી ચંદ્રમોશાય મૌન ઊભા રહ્યા.

એ આખો દિવસ પદ્મ ઊઠી નહિ. ચંદ્રમોશાયે પણ એને સાદ પાડ્યો નહિ. લીમડા તળે એક ચોપડી લઈ એ ચૂપચાપ બેઠા રહ્યા. સાંજે બહાર નીકળ્યા. બહાર નીકળતી વેળા બોલ્યા, 'પદ્મ, ઊઠ; ઊભી થા; હાથ મોં ધોઈને તાજી થા.'

એ પાછા ફર્યા ત્યારે પદ્મ દીવાબત્તી કરી અરીસો લઈને બેઠી-બેઠી એકાગ્રચિત્તે પોતાનું પ્રતિબિંબ જોઈ રહી હતી.

'પદ્મ!' ચંદ્રમોશાયે સાદ દીધો. અસ્વાભાવિક નજરે પતિ તરફ જોઈને પદ્મ બોલી, 'દૂર થાવ. કહું છું, દૂર થાવ મારી સામેથી.'

જેમતેમ થોડાક ભાખરા ફાકી ચંદ્રમોશાય ઓશરીમાં જ સૂઈ રહ્યા. પદ્મ ત્યારે પણ અરીસો લઈને જ બેસ રહી હતી. એની પાસે બળતું ફાનસ મોટી વાટે બળતું હોઈ લાલલાલ થઈ ગયું હતું. પદ્મે વાટને વધુ ઊંચે ચડાવી.

અધરાતે ઝન...ઝન ..એવા અવાજ સાંભળી ચંદ્રમોશાયની ઊંઘ ઉડી ગઈ. રાત ગાઢ અંધારી હતી. સામે બળતા ફાનસનો કાચ ભાંગી ગયો હતો ને એમાં બળતી વાટનો મશાલ જેવો થોડોક લાલ પ્રકાશ

દેખાતો હતો. પદ્મ ત્યાં નહોતી. ચંદ્રમોશાયે ઊભા થઈ ચારે બાજુ ધારીધારીને જોયું. ઘરમાંથી ફરી અવાજ આવ્યો, 'ઝન,ઝન,ઝન...'

ચંદ્રમોશાયે ઘરમાં જઇને જોયું તો પદ્મ નિર્મમ રોષથી ભીંત પરની દેવી-દેવતાઓની છબીઓને તોડી ફોડી રહી હતી. કાચના ટુકડાઓથી ઘર છવાઈ ગયું હતું. પદ્મનું મોં લોહીઆળ હતું.

એમણે ભય સહ સાદ પાડ્યો, 'પદ્મ ! પદ્મ !'

પણ પદ્મે એમના તરફ જોયું નહિ. એણે ફરી એક છબી પર ઘા કર્યો, ચંદ્રમોશાયે હવે એનો હાથ ઝાલી સાદ દીધો, 'પદ્મ, પદ્મ વહુ !'

પદ્મ એકટશે થોડી વાર પતિ તરફ જોઈ રહી ને પછી 'હૂ હૂ' કરતી રડી ઊઠી ને સમતોલતા ગુમાવતાં નીચે ધરતી પર પડતી જડ પ્રતિમાની જેમ ધબ દઈને ઢળી પડી.

ને એ મૂર્છા ફરી ન વળી.

થોડી વાર એકાગ્રચિત્તે એને તપાસીને દાક્તર બોલ્યા, 'પોષણને અભાવે આને બેરીબેરી* થયો હતો.'

*બેરીબેરી=પોષણને અભાવે થતું એક દરદ, જેમાં ખાસ કરીને હાથ પગ ફુલી જાય છે ને કીટાણુઓ અંદરથી જીવનસત્ત્વ ચૂસ્યા કરે છે.

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા **'આપણી વનસ્પતિ'**નો સાતમો હપતો

પીળો ચંપો

લેખક · **જયંતીલાલ દેવશંકર ઓઝા** એમ. એસસી.

'ચંપા તુજમેં તીન ગુન, રૂપ રંગ ઓર વાસ;
એક અવગુન એસો ભયે, ભ્રમર ન આવે પાસ.

એવું જાણીતું કવિવચન જે ચંપા માટે બોલાયું છે તે આ પીળો ચંપો; ધોળો નહિ. આપણામાં સામાન્ય રીતે 'ચંપા'ના નામથી જે વૃક્ષ ઓળખાય છે તે પણ આ જ પીળો ચંપો અને તે જ સાચો ચંપો છે. તેને રાયચંપો પણ કહે છે. સંસ્કૃતમાં તેને 'ચંપક' અથવા 'સુવર્ણચંપક' કહે છે અને મરાઠીમાં 'સોનચાફા' યા 'પીવળા ચાફા' કહે છે. એનાં ફૂલોની સુવાસ એટલી તો ઉગ્ર હોય છે કે ભમરો તેની પાસે જઇ શકતો નથી ને તેથી જ કવિએ ઉપર કહેલી ઉક્તિ ગાઈ છે. સંસ્કૃત તથા હિંદી સાહિત્યકારોએ તો ચંપા ઉપર અનેક સુંદર કવિતાઓ રચી જ છે; પરંતુ એની સુવાસ અંગ્રેજી સાહિત્ય સુધી પણ પહોંચી છે. કવિ શેલીએ ગાયું છે:

"The Champaca odours fail
Like sweet thoughts in a dream."

ચંપાનું શાસ્ત્રીય નામ મિચેલીઆ ચંપક. (Michelia Champaca, Linn).

ચંપાનું મૂળ ઉત્પત્તિસ્થાન નેપાળથી પૂર્વે સમશીતોષ્ણ હિમાલયનાં જંગલો, આસામ, તથા બ્રહ્મદેશમાં પેગુ ને તેનાસરીમ સુધી, ને આપણી તરફ દક્ષિણ હિંદ, નીલગિરિ અને ત્રાવણકોર સુધી. જાવામાં પણ તે થાય છે. હિંદમાં બાગબગીચાઓ અને મંદિરોમાં તો સર્વત્ર આ વૃક્ષ તેનાં ફૂલોની દિલચસ્પ સુવાસ માટે ઉગાડવામાં આવે છે.

ચંપાનું ઝાડ દેખાવમાં યે સુંદર હોય છે. તે ૧૧૦ ફીટ કે તેથી યે વધુ સીધું ઊંચું ઊગે છે. તેની છાલ ભૂરા રંગની ને લીસી તથા તેની શાખાઓ ઊંચે ચડતી અને આસપાસ ફેલાએલી હોય છે. શાખાઓ પર પાન આંતરે આવેલાં હોય છે અને તે ૭ થી ૧૦ ઇંચ લાંબાં, ૨ થી ૪ ઇંચ પહોળાં, ટોચે અણીવાળાં અને ઉપરની બાજુએ ચળકાટવાળાં તથા નીચેની બાજુએ ફિક્કાશ પડતાં હોય છે. પાનની દાંડી ૦।। થી ૧ ઇંચ લાંબી હોય છે.

એનાં ફૂલોનો ઉદ્ભવકાળ એપ્રિલથી સપ્ટેમ્બર માસ સુધી. હમણાં એની ખરી બહારનો સમય ચાલે છે. શાખાઓ ઉપર નાની ને સ્હેજ જાડી દાંડી ઉપર એકેક કરીને ફૂલો ગોઠવાએલાં હોય છે અને વ્યાસમાં તે ૨ થી ૨।। ઇંચ હોય છે. શરૂઆતમાં તો ફૂલો પર ભૂરી પીળી પાંખડીઓ આવરણ રૂપે હોય છે, પણ તે થોડા સમયમાંજ ખરી પડે છે અને અંદરથી ઘેરા પીળા કે નારંગી રંગનું સુંદર ફૂલ પ્રકટ થાય છે. ચોમાસામાં તો ફૂલો ખૂબ હોય છે. એના રૂપ જેટલી જ સુંદર ને માદક એની વાસ એટલી તો ઉગ્ર હોય છે કે આપમેળે હવામાં ચોમેર પ્રસરી રહે છે. રૂપ, રંગ અને વાસનો એનામાં સુયોગ હોવાથી સ્ત્રીપુરુષોને એ ફૂલ ખૂબ મુગ્ધ કરે છે.

ચંપાનું ફળ ઘેરું ભૂરું અને ઉપર નાનાં સફેદ છાંટણાંવાળું હોય છે. તેની અંદર ૧ થી ૧૨ લીસાં, લાલચટક બી હોય છે, જે પાછળથી ભૂરાં થાય છે. ચંપાનાં બી શિયાળે પાકે છે. ઝાડ પરથી એ બીને એકઠાં કર્યાં પછી જેમ બને તેમ જલ્દી વાવવાં જોઇએ, નહિતર તેની ઊગવાની શક્તિ નાશ પામે છે. આ વૃક્ષને સારીરીતે ઉગાડવા માટે મધ્યમ પ્રકાશ, ભિનાશવાળી હવા ને ભેજવાળી ઊંડી જમીનની જરૂર રહે છે.

માદક મધુર વાસ આપતાં ચંપાનાં ફૂલનો ઉપયોગ સ્ત્રીઓની વેણી અને શોખીનોના ગળાના હાર ઉપરાંત ધાર્મિક ક્રિયાઓમાં પણ થાય છે. મલાયામાં તો લોકો ચંપાનાં સુકાઈ ગએલાં ફૂલો કાયમી સુગંધ માટે કપડાંમાં મૂકી રાખે છે ફૂલોમાંથી એક જાતનું ઊડણ તેલ મળે છે. સીઆમમાં તો ચંપાનાં ફૂલોમાંથી કાઢેલું અત્તર નાહ્યા પછી લોકો વાપરે છે. ઉપરાંત ફૂલોને ઉકાળીને તેમાંથી પીળો રંગ કાઢવામાં આવે છે, જે રંગવાના કામમાં વપરાય છે. ચંપાનાં ફૂલ, પાન, બી તેમજ છાલ બધાં ઔષધ તરીકે પણ વપરાય છે. ચંપાનું બહારનું લાકડું આછું બદામી ભૂરું હોય છે ને તે ટકાઉ હોઇ ફર્નિચર તેમજ બાંધકામ માટે ઉપયોગી ગણાય છે; પરંતુ ચંપો પવિત્ર વૃક્ષ મનાતું હોઈ તેને ભાગ્યેજ કાપવામાં આવે છે. સીલોનમાં દેવળોમાં પધરાવવા માટેની બુદ્ધની મૂર્તિઓ ચંપક-કાષ્ટમાંથી કોતરવામાં આવે છે.



પીળા ચંપાનાં પાન
કળી, ફૂલ અને ફળ

અભિનય

(૧–આંગિકાભિનય)

લેખક · યોગેન્દ્ર પ્રિયદર્શી

પોતે જોએલી વસ્તુનું અનુકરણ કરવું કે અનુભવેલા ભાવને સામા પાસે પ્રત્યક્ષ કરવા તે અભિનય. તે ચાર પ્રકારનો છે: આંગિક, વાચિક, સાત્ત્વિક અને આહાર્યરૂપ.

અંગજન્ય કે શરીરના હલનચલનથી દર્શાવવામાં આવતો અભિનય તે આંગિક. વાચાજન્ય કે વાણીના અમુક અનુકરણથી દર્શાવવામાં આવતો અભિનય તે વાચિક; આત્મજન્ય અથવા ચિત્તની અમુક વૃત્તિથી દર્શાવવામાં આવતો અભિનય તે સાત્ત્વિક; અને ભૂષણજન્ય અથવા વેષાલંકારના અનુકરણથી દર્શાવવામાં આવતો અભિનય તે આહાર્યરૂપ. આ ચારે અભિનય સામાન્યરીતે આંગિકાભિનય, વાચિકાભિનય, સાત્ત્વિકાભિનય અને આહાર્યાભિનયના નામે ઓળખાય છે. એ પૈકી પ્રથમ આપણે આંગિકાભિનય લઈએ.

અંગ–ઉપાંગ

શરીરના જુદાજુદા અવયવો 'અંગ' અને 'ઉપાંગ' એવા બે ભાગમાં વહેંચાએલા છે. મસ્તક, હસ્ત, ઉરા (છાતી), પાર્શ્વ (પડખાં), કટિ (કેડ), પાદ (પગ) વગેરે શરીરના 'અંગો' ગણાય છે. જ્યારે નેત્ર, ભ્રૂકુટિ, નાસા (નાક), ઓષ્ઠ (નીચલો હોઠ), કપોલ (ગાલ), ચિબુક (દાઢી) વગેરે 'ઉપાંગો' ગણાય છે.

વિવિધ હાવભાવ અને અભિનય દર્શાવવામાં આખા શરીરમાં મુખ્ય સાધન મુખ છે; એટલે આપણે પ્રથમ આંખ, નાક, ભ્રૂકુટિ વગેરે ઉપાંગોનાં નાનાવિધ હલનચલન વિષે અને વિવિધ અભિનયમાં તેનો જે વિનિયોગ કરવામાં આવે છે તેને વિષે જાણીએ, જોઈએ.

તારાકર્મ: એટલે આંખની કીકીઓનાં જુદાંજુદાં ચલન. એવાં ચલન નવ છે. તે આ પ્રમાણે: (૧) ભ્રમણમ્, (૨) વલનમ્, (૩) પાતનમ્, (૪) ચલનમ્, (૫) પ્રવેશનમ્, (૬) નિવર્તનમ્, (૭) સમુદ્‌વૃત્તમ્, (૮) નિષ્કામમ્, (૯) પ્રાકૃતમ્.

ભ્રમણમ્: બંને નેત્રપુટ (પોપચાં)ની અંદર રહીને કૃષ્ણમણિ (કીકી) ગોળાકારે ભ્રમણ કરે તે ભ્રમણમ્.
વલનમ્: કીકી ઉપરના ખૂણેથી સામેના નીચેના ખૂણે જાય તે.
પાતનમ્: કીકી ઉપરથી નીચે જાય તે.
ચલનમ્: કીકી વારાફરતી બંને તરફ જાય તે.
પ્રવેશનમ્: કીકી અંતર્ભાગમાં પ્રવેશે તે.
નિવર્તનમ્: એક ખૂણે કટાક્ષ દૃષ્ટિથી જોવું તે.
સમુદ્‌વૃત્તમ્: નેત્રવિસ્તાર થવો તે.
નિષ્કામમ્: ડોળા બહાર ધકેલાવા તે.
પ્રાકૃતમ્: સ્વાભાવિક સ્થિતિ.

ઉપરનાં નવ ચલનોના વિનિયોગ (અભિનયમાં તેનું પ્રયોજન) આ પ્રમાણે છે:
ભ્રમણમ્ અને ચલનમ્–વીર રસમાં.
વલનમ્ અને નિષ્કામમ્–ભયાનકમાં.
પ્રવેશનમ્–હાસ્ય અને બીભત્સમાં.
પાતનમ્–કરુણમાં.
નિવર્તનમ્–શૃંગારમાં.
નિષ્કામમ્–અદ્‌ભુતમાં.
સમુદ્‌વૃત્તમ્ અને નિષ્કામમ્–રૌદ્ર રસમાં.
પ્રાકૃત–અન્ય ભાવોમાં.

પુટકર્મ: એટલે આંખનાં પોપચાંનાં ચલન. તેનાં પણ જુદાંજુદાં નવ કર્મો છે. તેનાં નામ: (૧) ઉન્મેષમ્, (૨) નિમેષમ્, (૩) પ્રસૃતમ્, (૪) કુંજિતમ્, (૫) વિવર્તનમ્, (૬) પ્રસ્ફુરિતમ્, (૭) વિહિતમ્, (૮) વિલોલિતમ્, (૯) સમમ્. એનાં લક્ષણ આ પ્રમાણે છે:
ઉન્મેષમ્: પોપચાંનો વિશ્લેષ કરવો–જુદાં કરવાં.
નિમેષમ્: પોપચાંની સમાગતા–એકઠાં કરવાં તે.
પ્રસૃતમ્: પોપચાં પ્રસારિત કરવાં–પ્રસારવાં તે.
કુંજિતમ્: પોપચાં કુંજિત કરવાં–સંકોડવાં તે.
વિવર્તનમ્: પોપચાંને ઉદ્ધત–ઊભાં કરવાં તે
પ્રસ્ફુરિતમ્: પોપચાંને સ્પન્દિત એટલે કે સંકોડવાં તથા પહોળાં કરવાં તે.
વિહિતમ્: પોપચાં સ્થગિત–બંધ કરવાં તે.
વિલોલિતમ્: પોપચાં પટપટાવવાં તે.
સમમ્: પોપચાં સ્વાભાવિક રાખવાં તે.

પોપચાંના આ નવે કર્મોનો વિનિયોગ જુદાજુદા અભિનયમાં આ મુજબ કરવાનો હોય છે:
ઉન્મેષમ્, નિમેષમ્ અને વિવર્તનમ્ (એકસાથે)–ક્રોધમાં.
પ્રસૃતમ્: અદ્‌ભુત, વીર અને હર્ષમાં.
કુંજિતમ્: અનિષ્ટ દર્શને (ખરાબ દૃશ્ય કે કુત્સિત વસ્તુ જોવામાં).
સ્ફુરિતમ્: ઈર્ષ્યામાં.
વિહિતમ્: નિદ્રા, મૂર્છા, પવન, ઉષ્ણતા, ધુમાડો, વર્ષા, નેત્રરોગમાં.
વિલોલિતમ્: અંજન (આંખ આંજવામાં), અતિપ્રકાશ, અકસ્માતમાં.
સમમ્: શૃંગારમાં.

ભ્રૂકુટિકર્મ: એટલે ભ્રમરનાં હલનચલન તે પણ સાત પ્રકારનાં છે: (૧) ઉત્ક્ષેપમ્, (૨) પાતનમ્, (૩) ભ્રુકુટિ, (૪) ચતુરમ્, (૫) કુંજિતમ્, (૬) રેચિતમ્, (૭) સહજમ્. તેનાં લક્ષણ આ પ્રમાણે છે:
ઉત્ક્ષેપમ્: ભ્રૂવોત્ક્ષતિ અનુક્રમે કે એકીસાથે ભ્રમર ઊંચી કરવી તે.
પાતનમ્: અનુક્રમે કે એકીસાથે ભ્રમર નીચી કરવી તે.
ભ્રૂકુટિ: બંને ભ્રમરનાં મૂળ એકસાથે ઊંચે ચડાવવાં તે.
ચતુરમ્: સહેજ તાણેલી, ચલાયમાન, મધુરશોભિત ભ્રમર.
કુંજિતમ્: સહેજ મૃદુ ભંગ કરી બંને ભ્રમર એકબીજાની પાસે આણવી તે.
રેચિતમ્: એક ભ્રમરનો લલિત ઉત્ક્ષેપ.
સહજમ્: સ્વાભાવિક ભ્રમર.

આ બધાં ભ્રૂકુટિકર્મનો વિનિયોગ નીચે પ્રમાણે કરવાનો કહ્યો છે:
ઉત્ક્ષેપમ્: નર્મ ચેષ્ટા, શ્રવણ, દર્શન, લીલા, વિતર્ક, સંતોષ, ક્રોધ, અદ્‌ભુત, હર્ષ વગેરેમાં.
પાતનમ્: અસૂયા, જુગુપ્સા, હર્ષ, નિદ્રા ઇત્યાદિમાં.
ભ્રૂકુટિ: અસાધારણ રૌદ્રમાં.
ચતુરમ્: શૃંગાર, વિલાસ, લીલા, સૌમ્યતા, રસ, રૂપ, ગંધ વગેરેમાં તેમજ 'કુદમિતમ્' આદિ સ્ત્રીભાવોમાં.

હવે

હવે આપણે આ મહાન રાષ્ટ્રના ભાવિને હવે ઘડી શકીએ છીએ તેમ બેડફી પણ શકીએ છીએ. સુસ્તી, દુર્લક્ષ ને કાયરતા આપણને અધોગતિએ લઈ જશે; અને તેથી જવાબદારીના સંપૂર્ણ ભાન સાથે આપણા દેશને પ્રગતિ ને સમૃદ્ધિ તરફ લઈ જવાનું કામ આપણું છે. આપણી મહેનતનાં ફળ ચાખવાને બેસી જવાનો સમય હજુ આવ્યો નથી. જગતની આંખો મીટ માંડી જોઈ રહી છે કે આપણી નવજિત સ્વતંત્રતાને આપણે કેવીક સફળતા અપાવીએ છીએ ને દેશને કેવીરીતે શાંતિ ને પ્રગતિને માર્ગે લઇ જઈએ છીએ સખ્ત કામની આ ઘડી છે. આપણી સમુખ એવડું વિશાળ કાર્યક્ષેત્ર પડ્યું છે કે જેમાં સ્વેચ્છાનુસાર સૌ શ્રમ કરી શકે છે. બધાની મદદ ને સહકાર વડે જ પ્રજા ઉત્તરોત્તર પ્રગતિ સાધી શકે છે.

—ડૉ. રાજેન્દ્રપ્રસાદ

રેંગિતમ્: ડોલન, નૃત્ય વગેરેમાં.
સહજમ્: અન્ય ભાવોમાં.

નાસા-કર્મમાં નાકની જુદીજુદી છ સ્થિતિઓ આવે છે. તે આ છે: (૧) નતા, (૨) મંદા, (૩) વિકૃષ્ટા, (૪) ઉચ્છ્વાસા, (૫) વિકૂણિતા અને (૬) સ્વાભાવિકા. તેના લક્ષણ આ પ્રમાણે કહ્યાં છે:

નતા: નસકોરાં વારંવાર ચપટાં થતા હોય તે.
મંદા: નસકોરાં સ્થિર હોય તે.
વિકૃષ્ટા: ઉત્ફુલ્લિત એટલે નસકોરાં ફૂલે તે.
ઉચ્છ્વાસા: શ્વાસ ખેંચાએલો હોય તેવાં નસકોરાં.
વિકૂણિતા: સંકોચાએલાં નસકોરાં.
સ્વાભાવિકા: સહજ ભાવોમાં રહેલાં નસકોરાં

નસકોરાંનાં આ લક્ષણોનો વિનિયોગ નીચે પ્રમાણે કહ્યો છે:

નતા: કુત્સાહ (તિરસ્કાર), અગર્વવચન, શોક, ઉદાસીન વાણી તથા અતિલોભમાં.
મંદા: ઔત્સુક્ય, વિચાર. ચિંતા, શોક અને દુઃખમાં.
વિકૃષ્ટા: તીવ્ર ગંધ, શ્વાસ, રોષ, ભય વગેરેમાં.
ઉચ્છ્વાસા: સુગંધ, દીર્ઘ શ્વાસ આદિમાં.
વિકૂણિતા: હાસ્ય, જુગુપ્સા, અસૂયા, નિંદા, પીડા ઈત્યાદિમાં.
સ્વાભાવિકા: શેષ ભાવોમાં.

કપોલ-કર્મ એટલે ગાલની છ દશાઓ આ છે: (૧) ક્ષામમ્, (૨) ફુલ્લમ્. (૩) પૂર્ણમ્. (૪) કંપિતમ્, (૫) કુંજિતમ્, (૬) સમમ્. તેનાં લક્ષણો આ મુજબ છે:

ક્ષામમ્: અવનત-બેસી ગએલા, નીચે ખેંચાએલા ગાલ.
ફુલ્લમ્: વિકસિત-પહોળા, ભરેલા, ફૂલેલા ગાલ.
પૂર્ણમ્: ઉન્નત-ઊંચા ચડાવેલા ગાલ.
કંપિતમ્: કંપિત-ધ્રુજતા ગાલ
કુંજિતમ્: સંકોચેલા ગાલ.
સમમ્: સ્થિર ગાલ.

તેનો વિનિયોગ આ પ્રમાણે છે:

ક્ષામમ્: દુઃખ, ભય, બીભત્સ આદિ ભાવોમાં.
ફુલ્લમ્: સંતોષ. પ્રહર્ષ, અદ્ભુત, આદિમાં.
પૂર્ણમ્: ઉત્સાહ તથા ગર્વમાં.
કંપિતમ્: રોષ અને હર્ષમાં.
કુંજિતમ્: રોમાંચ, સ્પર્શ, શીત, ભય, જ્વર ઈત્યાદિમાં.
સમમ્: અન્ય સર્વમાં.

અધરોષ્ઠ-કર્મમાં નીચલા હોઠની છ વિવિધ ક્રિયાઓ આવે છે: (૧) વિકર્તનમ્, (૨) કંપનમ્, (૩) વિસર્ગમ્, (૪) વિનિગુહ્મમ્, (૫) સંદષ્ટકમ્ અને (૬) સમુદ્ગમ્ તેનાં લક્ષણ આ મુજબ છે:

વિકર્તનમ્: હોઠનું ફરકવું.
કંપનમ્: હોઠનું ધ્રુજવું.
વિસર્ગમ્: હોઠ બહાર કાઢવો.
વિનિગુહ્મમ્: હોઠ અંદર લઈ જવો.
સંદષ્ટકમ્: હોઠને દાત વડે દાબવો.
સમુદ્ગમ્: હોઠ બહાર ઊંચો કરવો.

આ લક્ષણોનો વિનિયોગ નીચે મુજબ કરવાનો હોય છે:

વિકર્તનમ્: અસૂયા, વેદના, લજ્જા, અનાદર, આળસ આદિમાં.
કંપનમ્: શીત જ્વર, રોષ, ભય, વગેરેમાં.
વિસર્ગમ્: સ્ત્રીવિલાસ, બિબ્બોક, રંજન વગેરેમાં.
વિનિગુહ્મમ્: શ્રમ તથા આયાસમાં.
સંદષ્ટકમ્: ક્રોધ વગેરેમાં.
સમુદ્ગમ્: અનુકંપા, અભિનંદન, ચુંબન વગેરેમાં.

દંત-કર્મ: દાંતનાં સાત પ્રકારનાં કર્મ આ પ્રમાણે છે: (૧) કુટ્ટનમ્, (૨) ખંડનમ્, (૩) છિન્નમ્, (૪) ચિક્કિતમ્, (૫) લેહ્નમ્, (૬) દંષ્ટમ્, (૭) સમમ્. તેનાં લક્ષણ નીચે પ્રમાણે વર્ણવ્યાં છે:

કુટ્ટનમ્: દંતસંઘર્ષ-દાંત કડકડાવવા.
ખંડનમ્: દાંતનો સંસ્ફોટ કરવો, દાંત ભચડવા.
છિન્નમ્: ગાઢ સંશ્લેષ કરવો-દાંત દાબવા.
ચિક્કિતમ્: બગાસું ખાતા હોઇએ તેમ દાંત પહોળા કરવા.
લેહ્નમ્: જીભથી દાંત ચાટવા.
દંષ્ટમ્: દાંતથી નીચેનો હોઠ દાબવો.
સમમ્: સ્વાભાવિક કાર્યોમાં.

આ લક્ષણોનો વિનિયોગ નીચે મુજબ કરવાનો કહ્યો છે:

કુટ્ટનમ્: ભય, શીત, જ્વર, વ્યાધિ વગેરેમાં.
ખંડનમ્: જપ, અધ્યયન, સંલાપ, ભક્ષણ વગેરેમાં.
છિન્નમ્: વ્યાધિ, ભય, શીત, વ્યાયામ, મરણ, આળસ મરડવામાં
ચિક્કિતમ્: બગાસું ખાવામાં, રોષ કરવામાં.
લેહ્નમ્: આલોકનમાં.
દંષ્ટમ્: ક્રોધ, ઈર્ષ્યા વગેરેમાં.
સમમ્: સ્વાભાવિક ચેષ્ટાઓમાં.

ચિબુક-કર્મ એટલે દાઢીનાં સર્વ કર્મો. તે દાંતની સાથે જોડાએલી હોવાથી, દંતક્રિયાને જ અનુસરે છે

'ઉપાંગોની' આ બધી વિવિધ ક્રિયાઓ અને અભિનયમાં તેનો વિનિયોગ આપણે જોયાં. હવે આવતા લેખાંકમાં આપણે શરીરનાં વિવિધ મોટાં 'અંગો' અને તેનાં કાર્યો જોઈશું. (ચાલુ)

ઑગસ્ટની તવારીખ

તા. ૧ શ્રી વી. કે. કૃષ્ણમેનનની હિંદના લંડન ખાતેના હાઈ કમિશ્નર તરીકે નિમણૂક થઈ; ¶ સંયુક્ત રાષ્ટ્રસંઘે ઈન્ડોનેશિયાના પ્રશ્નમાં ઝડપી દરમ્યાનગીરી કરી.

તા. ૭ પૂર્વ બંગાળમાં રેલ તથા મેલેરીઆ વિભાગમાં પૂરથી ૧ લાખ માણસો સંકટગ્રસ્ત.

તા. ૧૦ મૈસુર, કોલ્હાપુર તથા દક્ષિણ રાજ્યોનું નૂતન હિંદી સંઘમાં જોડાયું.

તા. ૧૨ જુનાગઢ પાકિસ્તાનમાં જોડાયું. ¶ હિંદના વડા ન્યાયમૂર્તિ તરીકે સર હરિલાલ જેકીશનદાસ કણિયા નિમાયા.

તા. ૧૩ હૈદ્રાબાદ તથા કાશ્મીરે કોઈ સંઘમાં નહિ જોડાતાં સ્વતંત્ર રહેવાનો નિર્ણય કર્યો.

તા. ૧૪ આઝાદ હિંદના નવા પ્રધાનમંડળની જાહેરાત. રાતના બાર વાગ્યે હિંદે સંપૂર્ણ સત્તા ધારણ કર્યાનો ભવ્ય વિધિ થયો. આમ દોઢસો વર્ષથી ગુલામ બનેલું હિંદ સ્વતંત્ર બન્યું. ¶ ઇંદોર હિંદી સંઘમાં જોડાયું.

તા. ૧૫ હિંદનો સ્વાતંત્ર્યદિન. દેશભરમાં ખૂબ ધામધુમથી સ્વાતંત્ર્યોત્સવ ઊજવાયો.

તા. ૧૬ અત્યાર સુધી પરદેશમાં રહેલા હિંદના જાણીતા ક્રાંતિકારી નેતા સરદાર અજીતસિંહનું ઇટલીથી હિંદ પાછા ફર્યા બાદ હૃદય બંધ પડી જવાથી અવસાન.

તા. ૧૭ પંજાબ અને બંગાળની સરહદ નક્કી કરવા નીમેલા સીમા કમિશનનો સર સિરિલ રૅડક્લિફે આપેલો ચુકાદો બહાર પડ્યો.

તા. ૧૮ ભોપાળ હિંદી સંઘમાં જોડાયું. ¶ મુંબાઈ હાઈકોર્ટના માજી અધ્યક્ષ ને યુનિવર્સિટીના માજી કુલગુરુ ગોમનજી વાડિયાનું મૃત્યુ.

તા. ૨૦ ડૉ. એમ. એ. રૌફની બર્મા ખાતેના હિંદના હાઈ કમિશ્નર તરીકે નિમણૂક. ¶ પોતાની નાણાંની આર્થિક કટોકટીને પહોંચી વળવા ઇંગ્લંડે આજથી પાઉન્ડને ડૉલરમાં ફેરવવાની મના કરી.

તા. ૨૨ સરહદ પ્રાંતના કૉંગ્રેસવાદી પ્રધાનમંડળને બરતરફ કરી ગવર્નર કનિંગહામે મુસ્લિમ લીગને પ્રધાનમંડળ રચવા આમંત્રી.

તા. ૨૫ નેપાળમાં હિંદના એલચી તરીકે સરદાર સુરજિતસિંહજી નીમાયા.

તા. ૨૬ પંજાબમાં ખૂબ મોટા પાયા પર રમખાણ શરૂ થયાં, જેને પરિણામે હજારો માર્યા ગયા, લાખોએ હિજરત કરી.

તા. ૨૭ હિંદી સંઘની લોકસભામાં અલગ મતાધિકાર રદ કરવામાં આવ્યો.

તા. ૨૯ કોચીન રાજ્યે પ્રજાને સંપૂર્ણ જવાબદાર રાજતંત્ર આપવાની પહેલ કરી.

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ જાપાનમાં જગતનો સૌથી ભીષણ ગણાએલો ધરતીકંપ થયો, જેમાં સંખ્યાતીત જાનમાલની ખુવારી સાથે ટોકિયો ને યોકોહામાના બે મોટાં શહેરો ભસ્મીભૂત થયાં, ૧૯૨૩.

તા. ૨ પોર્ટુગીઝ ગવર્નર આલ્બુકર્કે હિંદમાં સૌ પ્રથમ કારખાનું સ્થાપ્યું, ૧૫૦૬.

તા. ૧૦ હૈદરઅલીએ કર્નલ બેલીની સરદારી હેઠળની અંગ્રેજ ટુકડીને કેદ કરી, ૧૭૮૦.

તા. ૧૨ શિકાગોની સર્વધર્મપરિષદમાં વિવેકાનંદજીનું પહેલું યાદગાર ભાષણ, ૧૮૯૩.

તા. ૧૩ રાજકીય કેદીઓ તરફ રાખવામાં આવતા ક્રૂર વર્તાવના વિરોધમાં આમરણાંત ઉપવાસ પર ઊતરેલા ક્રાંતિકારી જતીન્દ્રનાથ દાસનું ઉપવાસને લીધે મૃત્યુ, ૧૯૩૧.

તા. ૧૫ રશિયામાં ઝારશાહીનો નાશ થઈ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ, ૧૯૧૭.

તા. ૧૭ માનવ મગજની શ્રેષ્ઠકૃતિ ગણાતા અમેરિકાના રાજબંધારણની જાહેરાત, ૧૭૮૭.

તા. ૧૮ દિલ્હીના ઘેરા પછી અંગ્રેજ સેનાપતિ હડસને હુમાયૂંની કબરમાં સંતાએલા મુગલ સમ્રાટ બહાદુરશાહને કેદ કર્યાં ને એના બે પુત્ર તથા એક પૌત્રનો વધ કર્યો. ૧૮૫૭.

તા. ૧૯ શિવાજીના નૌકાદળે અંગ્રેજોને નૌકાયુદ્ધમાં સખત હાર આપી, ૧૬૭૯.

તા. ૨૧ સ્કૉટલૅન્ડના શીર્ષકવિ તથા નવલકથાકાર વૉલ્ટર સ્કૉટનું અવસાન, ૧૮૩૨.

તા. ૨૯ ઈંગ્લંડના વડા પ્રધાન ચેમ્બરલેઈન, ઇટાલીના મુસોલિની, જર્મનીના હિટલર ફ્રાન્સના દલાદિયે વચ્ચે મ્યુનિક કરારો થયા જે અનુસાર હિટલરની ભૂખ સંતોષવા ઝેકોસ્લોવાકિયામાંનો કેટલોક પ્રદેશ આપી દેવાયો, ૧૯૩૮.



આ માસની વ્યક્તિવિશેષ

સૅમ્યુઅલ જૉનસન

અંગ્રેજી ભાષાનો સૌ પહેલો આધારભૂત શબ્દકોષ રચનાર ઈંગ્લંડના આ નામી સાહિત્યકારનો જન્મ ૧૭૦૯ની ૧૮મી સપ્ટેમ્બરે લિચફીલ્ડ ગામમાં એક ગરીબ બુકસેલરને ત્યાં થએલો. જન્મથી જ કદરૂપા તથા બિહામણા દેખાવનો જૉનસન શાળામાં હોશિયાર વિદ્યાર્થી ગણાતો. ૧૭૨૮માં તે ઑક્સફર્ડ કૉલેજમાં દાખલ થયો, પણ ગરીબીને કારણે ૧૭૩૧માં ડિગ્રી મેળવ્યા વગર જ કૉલેજ છોડી દેવી પડી. જીવનનિર્વાહ માટે એક શાળા ચલાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યા પછી ૨૮ વર્ષની વયે નજીવાં નાણાં સાથે તેણે લંડનનો રસ્તો લીધો. ત્યાં 'જેન્ટલમેન્સ મૅગેઝીન' પત્રમાં તેને નોકરી મળી. ૧૭૩૮માં તેની 'લંડન' નામની કૃતિ બહાર પડી જેને લીધે તે સાહિત્યકાર તરીકે પ્રકાશમાં આવ્યો અને ૧૭૪૪માં તેણે લખેલું 'સૅવેજ કવિનું જીવનચરિત્ર' તેની જોરદાર ભાષાને કારણે ખૂબ લોકપ્રિય બન્યું. ૧૭૪૭માં તેણે અંગ્રેજી ભાષાનો સંપૂર્ણ શબ્દકોશ બનાવવાનું ભગીરથ કાર્ય માથે લીધું અને પૂરાં આઠ વર્ષ સુધી તનતોડ મહેનત કરી, ૧૭૫૫માં બે મોટા ભાગમાં તેને પ્રસિદ્ધ કર્યો, જે ખૂબ જ વખણાયો અને તેને પ્રથમ પંક્તિના સાહિત્યકારનું સ્થાન મળ્યું.

૧૭૫૦થી ૧૭૫૨ સુધી તેણે 'રૅમ્બલર' નામનું અર્ધ–સાપ્તાહિક ચલાવ્યું. તેમાં આવેલા તથા ૧૭૫૮માં 'આઈડલર' શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થએલા તેના નિબંધો તેની વિશિષ્ટ શૈલીના શ્રેષ્ઠ નમૂના ગણાય છે. પણ આ સાહિત્યપ્રવૃત્તિએ તેને બહુ ન્યાલ કરી નાખેલો નહિ. વચ્ચે એક વખત તો એવો હતો કે તેની મૃત્યુ પામેલી માતાના દફનવિધિ માટે પણ તેની પાસે પૂરતા પૈસા નહોતા. તેથી એક જ અઠવાડિયામાં 'રાસેલાસ' (Rasselas) નામની તેની પ્રખ્યાત નવલકથા લખી નાખી ફક્ત ૧૦૦ પૌંડમાં વેચીને તેણે પૈસા ઊભા કરેલા! પણ ૧૭૬૨થી તો ઈંગ્લંડના રાજા તરફથી તેની કદર તરીકે દર વર્ષે ૩૦૦ પૌંડનું પેન્શન તેને મળવા લાગ્યું, જેથી આર્થિક ભીંસમાં વીતતા તેના જીવનને કંઈક રાહત મળી. ૧૭૬૪માં તેણે સાહિત્યકારોના એક પ્રભાવશાળી સભા (કલબ) સ્થાપી જેમાં ગોલ્ડસ્મિથ, બર્ક અને ગિબન જેવા નામાંકિત લેખકો ભાગ લેતા.

૧૭૮૧માં ૭૩ વર્ષની ઉંમરે તેણે કવિઓનાં જીવનચરિત્રોના ૧૦ ભાગ બહાર પાડ્યા જે તેની લેખિનીનું સામર્થ્ય તથા વિચારોની પ્રગલ્ભતા બતાવે છે. ૧૭૮૪ની ૧૩મી ડિસેમ્બરે આ શ્રેષ્ઠ સાહિત્યકારનું મૃત્યુ થયું ને તેને વેસ્ટમિન્સ્ટર ઍબેમાં દટાવાનું માન મળ્યું.



મધુકરી

વિકટ હજી છે ચઢાવ વસમા દુર્ગમ છે પથ સામા,
ક્લાન્ત શ્રાન્ત જનતાને કાજે દુર્લભ માર્ગ-વિસામા.
ડગ તોય ભરી નિર્ભય,
અંતે પામીશું જય,
પ્રબલ પૌરુષે પ્રપંચીઓનાં કરશું ફુડ નકામાં.
ધપશું પુણ્ય પ્રકાશે ઉજ્જ્વલ નવસર્જન-આરે,
નવસૌભાગ્ય અર્ચીશું જનની જન્મભૂમિ ભાલે.

(પ્રસ્થાન) —નાથાલાલ દવે

સૂરતનો હાકેમ ખુદાવંદખાન

સૂરતની વિશિષ્ટતાઓમાં 'સૂરતનો કિલ્લો' પણ ગણનાને યોગ્ય ગૌરવ ધરાવે છે અને બહારગામના મુસાફરોને માટે શહેરની જોવાલાયક પ્રાચીન ઇમારતોમાં એ કિલ્લાનું સ્થાન પણ મહત્ત્વનું છે. એ કિલ્લાનો બંધાવનાર ખ્વાજા આકા સફર ખુદાવંદખાન નામનો સૂરતનો બાદશાહી હાકેમ હતો. મૂળ તો એ તુર્કસ્તાન અને બસર દેશના સેનાપતિ અમાર સલમાનનો નોકર હતો, તેથી એ 'સલમાની' નામથી ઓળખાતો. તુર્કસ્તાનમાંથી બે સરદારો ગુજરાતમાં આવીને વસ્યા હતા: એક અમાર મુસ્તફા, જેને બહાદુરશાહ તરફથી 'રૂમીખાન'નો ખિતાબ બક્ષવામાં આવ્યો હતો, અને બીજો આ ખ્વાજા સફર. જેને ગુજરાતના સુલતાન મહમ્મદ ત્રીજા તરફથી 'ખુદાવંદખાન'નો ખિતાબ બક્ષવામાં આવ્યો હતો. ઉમરાવ તરીકે એણે જે ઊંચું પદ પ્રાપ્ત કર્યું હતું તેથી સૂરતના હાકેમ તરીકે એની નિમણૂક થઈ હતી. જન્મે એ યુરોપી હતો. એનો પિતા આલ્બેનિયાનો અને માતા ઈટાલીની હતી. મુસલમાની ધર્મ એણે પાછળથી સ્વીકાર્યો હતો.

એ વખતે ફિરંગીઓએ આપણા દેશમાં જબરો પગપેસારો કર્યો હતો. એમની ચાંચિયા તરીકેની પ્રવૃત્તિઓએ એ વખતે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું. ઈ. ૧૫૩૦માં ફિરંગીઓ નૌકાનો કાફલો લઈને તાપી નદી આગળ આવ્યા અને તેમણે રાંદેર તેમજ સૂરત બંનેને આગ લગાડીને સળગાવી મૂકવાનો જે ભીષણ પ્રયત્ન કર્યો તેમાં રાંદેરની જાહોજલાલીને તેમણે હંમેશનો ફટકો લગાવ્યો. પશુબળ વાપરવા ઉપરાંત છળકપટનો પણ તેઓ ઉપયોગ કરતા. આપણા આજના ચરિત્રના નાયકને પણ એવાં છળકપટથી એમણે પોતાના પક્ષમાં લઇ લીધો હતો અને દીવનું રક્ષણ કરવાનું કાર્ય એને સોંપ્યું હતું પણ થોડા વખતમાં જ ખ્વાજા સફરનું મન એ નવા શેઠિયાઓ ઉપરથી ઊઠી ગયું અને ઇ. સ. ૧૫૩૮માં એણે તેમની નોકરીનો ત્યાગ કર્યો.

ત્યાર પછી ગુજરાતના સુલતાન મહમ્મદને જ પોતાની સેવા એણે અર્પણ કરી અને સૂરતના હાકેમ તરીકે એની નિમણૂક થઈ. એ હકૂમત દરમિયાન જ સૂરતનો કિલ્લો એણે બંધાવ્યો (ઇ. સ. ૧૫૪૦). એ કિલ્લો બંધાવતાં ખુદાવંદખાનને અટકાવવાને ફિરંગીઓએ ઘણા પ્રયત્ન કર્યા. યુદ્ધસામગ્રીથી સંપન્ન નૌકાદળનો જોરશોરથી ઉપયોગ કરી એની સામે તોપનો સખત મારો ચલાવ્યો. તેમાં ન ફાવ્યા ત્યારે લાંચરુશ્વત આપીને ફોડવાનો પ્રયત્ન આદર્યો. તે પણ નિષ્ફળ ગયો ને સૂરતનો એ કિલ્લો બંધાયો જ.

'તબકત-ઈ-અકબરી'માં નિઝામુદીન અહમદ આ કિલ્લા વિષે સવિસ્તર માહિતી પૂરી પાડે છે: 'એ કિલ્લો નાનો પણ ઘણો મજબૂત અને રક્ષણસાધનસંપન્ન છે. ગુજરાતના સુલતાન મહમ્મદના નોકર સફર આકાએ ફિરંગીઓના હુમલાઓને અટકાવવા માટે અરબી સમુદ્રના કિનારા ઉપર હી. સને ૯૪૭માં એ બંધાવ્યો. તેણે અનુભવી કારીગરો ને બાહોશ ઇજનેરોની મદદ મેળવીને કિલ્લાની મજબૂતી માટે બરાબર ગોઠવણ કરી હતી. બે બાજુએ તેમણે કિલ્લાની વીસ વાર પહોળી ખાડી કરી છે; અને તેને નદીની સાથે જોડી

આ માસનું પંખી

૨૧-જળકુકડી



સાપના જેવી બિહામણી પોતાની લાંબી પાતળી ડોક જ પાણીની સપાટી ઉપર કાઢી, બાકીનું શરીર પાણીમાં રાખી તળાવ યા નદીમાં તરતું દેખાતું આ કાળા રંગનું પંખી ગુજરાતમાં આખું વરસ જોવામાં આવે છે. શરીરનો રંગ બદામી ઝાંયવાળો કાળો; ગાલ, દાઢી તથા ગળું ધોળાશપડતાં; પીઠ ઉપર ચળકતા રૂપેરી પટ્ટા; લાંબી, ફાચર જેવી પૂંછડી; પગ કાળા તથા તેનાં ચારેચાર આંગળાં વચ્ચેથી સંધાએલાં. પણ આ પંખીની વિશિષ્ટતા તો છે તેની લાંબી, ગોળ નળી જેવી, પણ છેડેથી તીક્ષ્ણ ભાલા જેવી ચાંચ અને શરીરના પ્રમાણમાં લાંબી પેલી ડોક.

પાણીમાં અત્યંત ઝડપથી તરી શકતા આ પંખીનો મુખ્ય ખોરાક છે માછલાં. પણ તેની ચાંચ માછલાંને 'પકડવાના' ઉપયોગની નહિ હોવાથી તે એક અભિનવ પદ્ધતિનો ઉપયોગ કરે છે. માછલી દેખાતાં જ તે શિકારી કૂતરાની માફક પાછળ પડી પોતાની ભાલા જેવી ચાંચ તેના શરીરની આરપાર પરોવી દે છે. પછી પાણીની બહાર આવી તે પરોવાએલી માછલીને ચાંચથી છૂટી કરવા તેની લાંબી ડોક ઉપયોગમાં લે છે. જેમ આપણી આંગળીએ ચોંટેલો વડગુંદાનો ઠળીઓ આપણે ઝટકો મારીને કાઢી નાખીએ છીએ, બરાબર તેજ રીતે જળકુકડી પાણીદાર કમાન જેવી પોતાની લાંબી ડોકને ઝટકો મારીને માછલીને હવામાં અદ્ધર ઉછાળે છે અને નીચે પડતાં તો પોતાની ચાંચમાં ઝીલી લઇ ગળી જાય છે. (અને ગળવામાં પણ માછલીનું માથું નીચે ગળામાં પહેલું આવે એ રીતે ઝાટકા વખતે તેને ફેરવી દે છે) કેવો અદ્ભુત ભક્ષ્યવિધિ!

પાણી પાસે કે પાણીમાં જ ઊગેલા ઝાડ ઉપર આ પંખી પોતાના માળા બાંધે છે અને ૩ થી ૪ લંબગોળ લીલાશપડતાં ઇંડાં મૂકે છે. આખું ચોમાસું તેનો સંતાનોત્પત્તિ કાળ છે.

(શ્રી 'વનેચર'ના લેખ પરથી સંપાદિત)

દીધી છે તથા અહીં તેમણે પથ્થર, ચૂનો અને પાકી ઈંટોની દીવાલ ઊભી કરી છે. કિલ્લાની દીવાલ પંદર વાર પહોળી અને વીસ વાર ઊંચી છે, બબ્બે પથ્થરોને એક બીજા સાથે લોઢાના પટા વડે જડી લીધા છે અને વચ્ચેના ગાળાઓમાં તથા સાંધાઓમાં સીસાનો રસ રેડયો છે કોટના કાંગરાઓ અને બાકોરાઓ તેમણે એવી ચતુરાઇથી મૂક્યાં છે કે જોનાર આશ્ચર્યચકિત થયા વગર રહે નહીં. કિલ્લાના દરેક બુરજ ઉપર ચોખંડી બાંધી છે. આ ચોખંડી ફિરંગીઓની જ વિશિષ્ટ રચના છે. તેથી જ્યારે શસ્ત્રબળ વડે આ કિલ્લો બંધાતો અટકાવવામાં ફિરંગીઓ ન ફાવ્યા ત્યારે આ ચોખંડી તો ન જ બાંધવામાં આવે તે માટે તેઓએ મોટીમોટી રકમો આપવા માંડી; પણ ખુદાવંદખાને તેમની માગણીઓને તુચ્છકારી કાઢી.'

કિલ્લામાં તોપોમાં 'સુલેમાની' તોપો ખાસ ગણનાપાત્ર છે. ઈસ્તંબુલના તુર્ક સુલતાન સુલેમાનના હુકમથી એ તોપો બનાવવામા આવી હતી તેથી એ સુલેમાની તોપો તરીકે ઓળખાતી હતી. ઈ. સ. ૧૫૩૮મા સુલેમાન પાશાના નેતૃત્વ હેઠળ ફિરંગીઓની વિરૂદ્ધ લડવાને માટે જે નૌકાદળ હિંદુસ્તાનમાં આવ્યું તેની સાથે એ તોપો પણ હિંદુસ્તાનમાં આવી. એ નૌકાદળના સરદારે દીવને ઘેરો ઘાલવાનું છોડી દઇને વિદાય લીધી ત્યારે આપણા કિનારા ઉપર ઉતારાયલી આ તોપો એણે અહીં જ રહેવા દીધી. એમાંની કેટલીક તોપો ખુદાવંદખાને સૂરત મોકલાવી સૂરતના કિલ્લા ઉપર એ ગોઠવી. અકબરે ગુજરાત પર ચઢાઈ કરીને સૂરતના કિલ્લાને ઘેરો ઘાલ્યો ત્યારે એ તોપો કિલ્લામાં જ હતી. ઈ. સ. ૧૫૭૩ના જાન્યુઆરીની અગિયારમી તારીખે એ કિલ્લાને જે ઘેરો ઘલાયો તે એક મહિનો અને સત્તર દિવસ સુધી રહ્યો ઘેરા દરમિયાન કિલ્લામાંની તોપોથી બાદશાહની છાવણીને નુકશાન ન પહોંચે તે માટે ગોપીતળાવની નજીકમાં એ છાવણી બસેડવાની ફરજ પડી હતી. પણ ત્યાં આગળ પણ કિલ્લામાં તોપના ગોળાઓ આવ્યા વગર રહેતા નહોતા; અને ખુદાવંદખાનનો બાંધેલો કિલ્લો એટલો મજબૂત હતો કે એને સર કરવાનું કામ બાદશાહને માટે પણ ઘણું ભારે થઈ પડ્યું હતું અને અંતે ૧૫૭૩ ની ૨૭ મી ફેબ્રુઆરીએ બાદશાહે કિલ્લો સર કર્યો ત્યાં તેમણે સુલેમાની તોપો જોઈ. આ તોપોનું કદ અને તેનું દૂર સુધી પહોંચવાનું સામર્થ્ય જોઇને બાદશાહ ચકિત થયા. એ તોપો એમણે સૂરતથી આગ્રા મોકલાવી દીધી બાકીની તોપો મુજાહિદખાન જુનાગઢ લઇ ગયા.

એ પછી દીવના કિલ્લાને ઘેરો ઘાલવાનું સાહસ તેણે ઉપાડયું અને તેમાં મોખરે રહી દોરવણી આપવાનું મહાકાર્ય પણ ખુદાવંદખાને જ કર્યું હતું. બીજા ઘેરા વખતે કિલ્લામાંથી એક તોપનો ગોળો છૂટ્યો તેણે એના પ્રાણ લીધા ઈ. સ. ૧૫૪૬માં એનું મૃત્યુ થયું એ પછી દીવની લડાઇનું નેતૃત્વ એના બીજા પુત્ર મુહરરમને મળ્યું. તેની આજ્ઞાથી ખુદાવંદખાનના શબને સૂરત લઇ જવામાં આવ્યું. ગુજરાતની સલ્તનતના અંતિમ કાળના ઈતિહાસમાં શૂરવીર સેનાધ્યક્ષ તરીકે એનું નામ સદા ઝળકતું રહેશે. મુલ્લાવાડમાં ખુદાવંદખાનનો જે રોજો છે તેનું શિલ્પકામ ભવ્ય પ્રકારનું છે. એ રોજો અને એની અંદર કોતરેલો લેખ સૂરતના એક મહાન પુરૂષનું સંસ્મરણ આપણને કરાવી રહ્યાં છે. (ગુજરાતમિત્ર)—પ્રા. મોહનલાલ પા. દવે.

રાષ્ટ્રધ્વજ પરનું અશોક ચક્ર

આઝાદ હિંદના રાષ્ટ્રધ્વજનું વિશિષ્ટ ચિહ્ન તે એના વચલા સફેદ પટામાં શોભતું આસમાની ચક્ર છે. આ ચક્રનું પ્રતીક મૌર્ય સમ્રાટ અશોકના સારનાથ-સ્તંભ પરના ધર્મચક્ર પરથી પસંદ કરવામાં આવ્યું છે. સારનાથ (એટલે સારંગનાથ) હિંદનાં બૌદ્ધ તીર્થોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એક પૂર્વ જન્મમાં બુદ્ધ ભગવાન આ સ્થળે સારંગ-નાથ એટલે હરણોના નાયક રૂપે અવતર્યા હતા. તે સમયના કાશીરાજને રોજ પોતાના આહાર માટે તે અરણ્યના એક હરણનો સંહાર કરવાની લત લાગી હતી. એક દિવસ ગર્ભવતી હરણીનો વારો આવતાં એ બે જીવ બચાવવા તેને બદલે સારંગનાથ પોતે રાજાનું ભક્ષ્ય બનવા તૈયાર થયા. તેમનામાં સ્વાર્પણની આ ભાવના જોઇને રાજાનાં મોહનાં પડળ દૂર થયાં ને તેને પોતાના કૃત્ય માટે શરમ આવી. હવે તેને ભાન આવ્યું કે મનુષ્યના રૂપમાં હોવા છતાં વસ્તુતઃ પશુ તો પોતે જ છે. પછી તે ક્રૂર હિંસા તજી અહિંસાના પરમ માર્ગે વળ્યા. આ સારનાથ ગૌતમબુદ્ધના પોતાના જીવનમાં પણ અગત્યનું સ્થળ બની ગયું, કેમકે બોધિગયામાં સંબોધીજ્ઞાન પ્રગટ થયા પછી બુદ્ધ ભગવાને પોતાના પરમ જ્ઞાનનો પ્રથમ ઉપદેશ આ સ્થળે આપ્યો. આ ઉપદેશનો ઉદ્દેશ ધર્મચક્ર-પ્રવર્તનનો હતો. धर्मो रक्षति रक्षितः – અર્થાત્ ધર્મનું તમે રક્ષણ કરો ને ધર્મ તમારૂં રક્ષણ કરશે, એવો ધર્મનો સૂક્ષ્મ ભાવ સ્ફુટ કરવાને ચક્રનું રૂપક યોજવામાં આવ્યું છે. તેને 'ધર્મચક્ર' કહે છે. ધર્મચક્ર એટલે ગોળ ગતિમાન ચક્રની જેમ સદાસર્વદા ગતિમાન રહેતો ધર્મ.

સારનાથ કાશીતીર્થથી ચારપાંચ માઈલ દૂર છે. ત્યાં ધર્મ-ચક્ર પ્રવર્તનના ઉપદેશના સ્થાન પર ધર્મરાજિકા-સ્તૂપનું સ્મારક છે. તેની ઉત્તરે રાજા અશોકે એક ઊંચો સ્તંભ ઊભો કરાવ્યો હતો. હજી ત્યાં તે સ્તંભ અનેક ટુકડાઓમાં ખંડિત થએલી દશામાં ખડો છે. મૂળ સ્તંભ ૫૫ ફૂટ જેટલો ઊંચો હતો. સ્તંભ પર બ્રાહ્મી લિપિમાં પ્રાકૃત ભાષામાં ધર્મલેખ કોતરવામાં આવ્યો છે. આ સ્તંભનો શિરોભાગ સ્તંભના દંડભાગથી છૂટો પડી ગયો છે ને હાલ સારનાથ સંગ્રહસ્થાનમાં જોવા મળે છે. આને સ્તંભનું સિંહ-શિખર કહે છે. તેમાં સહુથી નીચે અનેક પાંખડીઓવાળા ઊલટા કમળની સુંદર આકૃતિ કોતરેલી છે. કમળની ઉપર એક ગોળાકાર ફલકની પટી છે. તે પર કુલ આઠ આકૃતિઓ કોતરી છે, જેમાં એકાંતરે ગોળ વિશાળ ચક્રની ને દરેક બબ્બે ચક્ર વચ્ચે ગતિમાન પશુની આકૃતિ છે. દરેક ચક્રને ચોવીસ આરા છે. પશુઓમાં ગજ, વૃષભ, અશ્વ ને સિંહ છે. આ ચાર પશુઓ ચાર દિશાનાં રક્ષક મનાય છે,—ગજ પૂર્વનું, અશ્વ દક્ષિણનું, વૃષભ પશ્ચિમનું ને સિંહ ઉત્તરનું, ચક્ર એ ધર્મચક્રનું પ્રતીક છે. ચાર દિશાએ ચાર ગતિમાન પશુઓ ને એકાંતરે એકાંતરે ચક્રની આકૃતિ એમ સૂચવે છે કે ભગવાન બુદ્ધે પ્રવર્તાવેલું ધર્મચક્ર ચારે દિશામાં સતત ગતિમાન રહે.

આ આઠ આકૃતિઓવાળા ફલકની ઉપર ચાર દિશામાં ચાર સિંહની ઊભી ભવ્ય આકૃતિઓ સ્તંભ-શિખરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે એમની ગર્વિષ્ઠ આંખ, મુખની બહાર લટકતી જીભ, દેહ પર પ્રસરેલ કેશવાળી ને સુંદર સ્નાયુબદ્ધ પગ એ ભારતીય શિલ્પકલાની અનુપમ કૃતિ છે. આટલું સિંહશિખર સાત ફુટ ઊંચુ છે. પણ અગાઉ આ સિંહનાં શિર પર વળી એક મોટું ભવ્ય ધર્મચક્ર રહેતું. હાલ તેના કેટલાક ટુકડા રહ્યા છે તે પરથી જણાય છે કે એ વિશાળ ચક્રનો વ્યાસ ૨॥ ફૂટનો હતો. તેને પહોળી ઉપસેલી પરિધની



સારનાથ-સ્તંભનો ધર્મ-ચક્રાંકિત શિરોભાગ.

પછી, ચોવીસ સુંદર આરા ને નાનું ધરીકેન્દ્ર હશે એમ કલ્પના ચક્રની આકૃતિઓ પરથી ફલિત થાય છે આ છે અશોકના સારનાથ સ્તંભનું ધર્મચક્ર. અગાઉ મૂળ સ્તંભ સળંગ સંપૂર્ણ દશામાં ખડો હશે. ત્યારે તેના શિખર પર આ ધર્મચક્ર કેવું ભવ્ય ને મનોહર જણાતું હશે.

આ ધર્મચક્રની આકૃતિનાં દર્શન સાથે બે મહાન વિભૂતિઓનાં સંસ્મરણ સંકળાએલાં છે: એક હતા મહર્ષિ ને બીજા હતા રાજર્ષિ. બંનેનો સંદેશ હતો અહિંસા વ્રતનો, જીવનનાં સુખશાંતિનો. ગૌતમ બુદ્ધે આ પરમ ધર્મનું ચક્ર સારનાથની ચોપાસ આર્યાવર્તમાં પ્રવર્તાવ્યું; રાજા અશોકે આ ચક્ર દેશદેશાવરમાં પ્રસરાવ્યું. આ ધર્મ એ માનવતાનો ધર્મ હતો, અહિંસાની સહિષ્ણુતાનો ધર્મ હતો, સત્યની વિશુદ્ધિનો ધર્મ હતો. એ ધર્મનું શુદ્ધ સ્વરૂપ બાહ્ય ઉપચારનું નહિ, પણ આંતરિક આચારનું હતું એવું આ ધર્મચક્ર હવે અર્વાચીન આઝાદ હિંદના ધ્વજનું પ્રતીક બને છે. માનવતાનો પરમ ધર્મ સર્વ દેશમાં, સર્વ યુગમાં સનાતન છે ને સનાતન રહેશે. પરંતુ જે ભારતદેશે તેનાં સહુથી સ્ફુટ દર્શન કર્યાં છે ને કરાવ્યાં છે તે દેશના વારસો પૂર્વજોનું આ ગૌરવ ટકાવી રાખે, મહાત્માજી દ્વારા સંજીવન પામેલો સત્યોપાસનાનો એ પુરાતન ધર્મ દેશમાં તેમજ દેશાવર પ્રસરતો રહે ને અંતરની સમજમાં ઊતરેલી સંસ્કૃતિના આચરણમાં માનવજાતિ પગલાં માંડે તો ને ત્યારે રાષ્ટ્રધ્વજના આ નૂતન પ્રતીકને વંદન કરનાર હિંદ પોતાના ધર્મચક્ર માટે સાચું ગૌરવ ધારણ કરી શકશે. (પ્રજાબંધુ) —હરિપ્રસાદ શાસ્ત્રી

ગુજરાતનાં શાકભાજી તથા ફળોમાં વિટામિન 'સી'

'કુમાર'ના ૨૮૧ મા અંકમાં વિટામિન 'સી' વિષે સામાન્ય માહિતી આવી ગઈ છે. ખોરાકમાં જો આ વિટામિન ન હોય તો સ્કર્વી (scurvy) નામનો ભયંકર રોગ થાય છે એટલું જ નહિ પણ જો આ વિટામિનનું પ્રમાણ ખોરાકમાં ઓછું હોય તો માણસ જલદી થાકી જાય છે, સાંધામાં કળતર થાય છે અને દાંત તથા પેઢાંઓમાં વિકૃતિ ઉત્પન્ન થઈ પાયોરિયા થાય છે. વળી આ વિટામિન ઘા રૂઝાવવામાં તથા હાડકું સાંધવામાં અગત્યનો ભાગ ભજવે છે.

આવું આ અગત્યનું વિટામિન આપણા ગુજરાતના રોજિંદા વપરાશની શાકભાજીમાં તથા ફળફળાદિમાં કેટલું છે તથા રાંધવાથી તે નાશ પામે છે કે કેમ તે પર ડૉ. એચ. જી. પંડ્યા, ડૉ. સી. સી. શાહ અને ડૉ. કે. જી. નાયક એ ત્રણ પ્રખ્યાત વૈજ્ઞાનિકોએ ઘણું મહત્ત્વનું શાસ્ત્રીય સંશોધન કર્યું છે. તેમણે કુલ ૩૬ જાતનાં શાકભાજી તથા ૨૭ જાતનાં ફળોની વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ કરીને તેમાં વિટામિન 'સી'નું પ્રમાણ કેટલું છે તે નક્કી કર્યું છે. તેમના એ સંશોધનનો મહત્ત્વનો સારાંશ 'ગુજરાત સંશોધન મંડળ'ના ત્રૈમાસિકમાંથી ઉતારીએ છીએ.

કંકોડાં, સરગવો, ફ્લાવર તથા કારેલાંમાં વિટામિન 'સી' ખૂબ જ પ્રમાણમાં છે. તે જ પ્રમાણે લીલાં પાંદડાંવાળી ભાજી (જેવી કે મૂળાની, મેથીની, પાલખની, સુવાની, પોઈની)માં, તેમજ કોથમીર મરચાં તથા કોબીમાં યે તે સારા પ્રમાણમાં છે. આ બધાં શાકભાજી ગુજરાતમાં પુષ્કળ થાય છે તથા પ્રમાણમાં સસ્તાં હોવાથી ગરીબ લોકોને આશીર્વાદ સમાન છે. આમ કેટલાંક ન ધારેલાં શાકભાજીમાં વિટામિન 'સી' ઘણા મોટા પ્રમાણમાં મળી આવ્યું છે.

જે ૨૭ ફળો તપાસવામાં આવ્યાં હતાં તેમાં આમળાં અને જમરૂખમાં આ વિટામિન ખૂબ મોટા પ્રમાણમાં જણાઇ આવ્યું છે. આ બંને ફળો સસ્તાં અને સહેલાઈથી મળી શકે તેવાં છે. જગતના કોઈ પણ ફળ કરતાં આમળાંમાં 'સી' વિટામિન સૌથી વધારે છે અને તેની સવિશેષ મહત્તા તો એ છે કે સૂકવેલાં આમળાં તથા ચૂર્ણમાં પણ વિટામિન સારા પ્રમાણમાં જળવાઇ રહે છે, જે બીજાં ફળોની બાબતમાં નથી. દૂધમાં વિટામિન 'સી' સારા પ્રમાણમાં નહિ હોવાથી ડૉક્ટરો નાનાં બાળકો તથા માંદાં માણસોને લીંબુ, ટમેટાં અને મોસંબીનો રસ લેવાની ભલામણ કરતા હોય છે; પણ આ ફળો આખા વરસ દરમિયાન મળતાં નથી, એટલું જ નહિ પણ પ્રમાણમાં મોંઘાં પણ છે. આથી મધ્યમ વર્ગનાં માણસોને તો તે અલભ્ય હોય છે. એમને માટે આમળાં શ્રેષ્ઠ છે. રોજનાં એકથી બે આમળાં યા તેનો રસ પૂરતો છે. ઓરસ આમલી, પોપૈયાં, બોર, અને નારંગીમાં પણ આ વિટામિન સારા પ્રમાણમાં છે.

આપણે ત્યાં ઘણાંખરાં શાકભાજી બાફીને કે તેલમાં વઘારીને જ ખાવાનો રિવાજ છે. આજે સર્વસાધારણ સિદ્ધાંત તો એવો જ છે કે વિટામિન ગરમીથી નાશ પામે છે. આ રીતે રસોઇમાં ખરેખર બધાં વિટામિન નાશ પામે છે કે રહે છે, ને રહે છે તો કેટલાં, તે બાબત પણ સંશોધન કર્યું છે જેમનામાં વિટામિન 'સી' ખૂબ પ્રમાણમાં છે એવી ૧૫ શાકભાજીઓમાં બાફ્યા પહેલાં, અને મીઠાવાળા પાણીમાં બાફ્યા બાદ, મીઠા વગરના પાણીમાં બાફ્યા પછી તથા તેલમાં વઘારી રહ્યા પછી તેમાં કેટકેટલું વિટામિન 'સી' બાકી રહે છે તેની કાળજીપૂર્વક નોંધ કરી. આ રીતે સંશોધન કર્યા પછી તેમને જણાઈ આવ્યું કે ગરમીથી વિટામિન 'સી' સંપૂર્ણરીતે નાશ પામે છે એ વાત ખોટી છે ઊલટું, કેટલીક શાકભાજીઓમાં ૯૦થી ૨૦ ટકા સુધી વિટામિન જળવાઈ રહે છે. પદાર્થ બાફવા મૂકતાં પહેલાં થોડું મીઠું ઉમેરવાથી વધારે પ્રમાણમાં વિટામિન 'સી' જળવાઈ રહે છે. ગુજરાતના તો ઘણાંખરાં ઘરોમાં મીઠું નાખીને પછી જ શાક બાફવાનો રિવાજ હોવાથી વિટામિન 'સી' જાળવી રાખવામાં મદદ થાય છે.

ગુજરાતના ગરીબ તેમજ તવંગર લોકોમાં અથાણું તથા મુરબ્બો ખાવાનો રિવાજ છે. આ પદાર્થોમાં વિટામિન 'સી' જળવાઈ રહે છે કે કેમ તે બાબત સંશોધન કરતાં જણાયું કે મુરબ્બો કે અથાણું કર્યા પછી માત્ર આમળાના મુરબ્બામાં જ વિટામિન 'સી' બે મહિના રહે છે. બાકીના બધામાં તો માત્ર થોડાંક અઠવાડિયામાં જ તે નાશ પામે છે.

એક તંદુરસ્ત માણસને રોજના ૬૦ મિલિગ્રામ વિટામિન 'સી'ની જરૂર પડે છે. કયો પદાર્થ રોજ કેટલા તોલા લેવાથી જોઇતું વિટામિન મળી શકે તે નીચે બતાવેલું છે: કંકોડાં: ૨ તોલા, સરગવો તથા ફ્લાવર: ૪॥, કારેલાં: ૫, મૂળાની ભાજી: ૬॥, મેથી, પાલખ અને સુવાની ભાજી: ૯, આમળાં: ૧, જમરૂખ: ૪॥, મોસંબી: ૮॥, પોપૈયું: ૯, બોર: ૧૦ અને લીંબુ: ૨૭ તોલા.

વિટામિન 'સી'ને અંગેની આ મહત્ત્વની બાબતો જો આપણે બરાબર સમજી લઇએ તો માંદા પડવાનો સંભવ ઊભો જ ન થાય અને જો પડીએ તો વિટામિન 'સી'નાં ઇન્જેક્શન તથા શક્તિવર્ધક દવાઓ પાછળ પૈસાનો ધુમાડો કરવાની જરૂર ન રહે.

માખી મારવાના ઉપાય

ચોમાસા પછીના દિવસોમાં જ્યારે કૉલેરા આદિ રોગો ત્રાસ વર્તાવી રહે છે ત્યારે મૅલેરિયાના મચ્છરોનો નાશ કરવાનું કામ જેટલું અગત્યનું છે તેટલું જ અગત્યનું કામ કૉલેરા આદિ બીજા રોગો ફેલાવનારી માખીઓ મારવાનું પણ છે. ગંદકી પર બેસીને પછી ખાદ્ય પદાર્થ ઉપર આવી બેસતી માખી ગંદકી, ઝેર અને રોગના જંતુઓ ખાદ્ય પદાર્થ ઉપર મૂકતી જાય છે. કૉલેરાનો ફેલાવો માખી આ જ રીતે કરે છે. એથી ઘરમાંથી માખીનો નાશ કરવા નીચે સૂચવેલા ઉપાયો સારી એવી મદદ કરશે.

(૧) વિષ: બે ચમચા ફૉર્મેલિન, બે ચમચા સાકર અને ...

પાઈન્ટ દૂધ પાણીમાં ઉકાળવાં. તે મિશ્રણમાં બ્લૉટિંગ પેપરના ટુકડા બોળી એક રકાબીમાં મૂકી રાખવા. અથવા એક ટિનના ડબ્બામાં રાખી એ મિશ્રણમાં પલાળેલી ઊની વાટ ઢાંકણા બહાર રાખવી. માખીઓ તે તરફ આકર્ષાશે પણ તે ચાટતાં વેંત જ મરી જશે. આ મિશ્રણ ઝેરી હોવાથી નજીકમાં કોઇ ખાદ્ય પદાર્થ ન રાખવાની ખાસ સાવચેતી રાખવી તથા વાપર્યા પછી વાસણ ને હાથ ખૂબ સાફ કરવાં.

(૨) ધૂપ: કડવા લીમડાનો ધુમાડો માખીઓ અને મચ્છરોને દૂર કરવા અકસીર છે. થોડા ઉકળતા પાણીના વાસણમાં કારબોલિક ઍસિડનાં વીસ ટીપાં નાખવાથી તેની વરાળમાં માખીઓ મરી જશે. માખી-નાશક અગરબત્તીઓ નીચે મુજબ બની શકે: પાંચ ભાગ પાયરેદ્રમ અને એક ભાગ લાકડાનો વહેર, એ બંનેને છાણ અગર ઘઉંના લોટની કણેકમાં બાંધી તેમાં બે ભાગ પોટૅશ્યમ નાઈટ્રેટ મેળવવું. પછી એની અગરવાટ વણી લેવી. ૧૦૦ ઘનફૂટ જગ્યા માટે આવી ૧॥ ઔંસ અગરબત્તી બસ થશે.

(૩) ફુવારો: ૧ પૌંડ પાયરેદ્રમને ૧ ગૅલન કેરોસીન ને ૩ ઔંસ યુકેલિપ્ટસ તેલમાં મેળવવું. એ મિશ્રણ ફૂવારાથી છાંટવાથી માખીઓ નાશ પામશે. ૧૦૦ ઘનફૂટ જગ્યામાં એક ઔંસ મિશ્રણ બસ થશે.

(૪) લેપ: પાંચ ભાગ એરંડિયામાં ૮ ભાગ રાળ નાખી તેને મદ અગ્નિ ઉપર ગરમ કરતાંકરતાં ખૂબ હલાવવું. એકરસ થયા પછી કાગળ, દોરી થાંભલા કે એવી કોઈ પણ વસ્તુ ઉપર તેનો લેપ કરવો અને તે વસ્તુ ઘરમાં એક ખૂણે રાખી મૂકવી. તે પર બેસતાંવેંત માખી ત્યાં ચોંટી જશે અને ઊખડી નહિ શકતાં અંતે મરી જશે. (સૃષ્ટિજ્ઞાન)

વનસ્પતિ ઉગાડવાની એક નવી પદ્ધતિ

વનસ્પતિને જમીનમાં જ ઉગાડવાની ક્રિયા આપણને એટલી સુપરિચિત થઈ ગઇ છે કે જમીન—માટી સિવાય પણ વનસ્પતિ ઊગી શકે એ કલ્પના પ્રથમ નજરે ચમત્કારિક લાગે છે. જોકે પાણીમાં કેટલીક વનસ્પતિ ઊગેલી આપણે જોઇએ છીએ. પણ ઘણી વાર તેનાં યે મૂળ તો નીચે માટીમાં જ હોય છે. જમીન અથવા માટી વનસ્પતિને બે રીતે ઉપયોગી થાય છે: એક તો તે વનસ્પતિને જોઈતાં પોષણતત્ત્વો પૂરાં પાડે છે અને બીજું તે તેને ઊભા રહેવાનો આધાર આપે છે.

માટીમાંથી વનસ્પતિ કયાં કયાં પોષણતત્ત્વો લે છે એ વૈજ્ઞાનિકોએ શોધી કાઢયું છે, તથા એ પોષણતત્ત્વો માટીમાંથી જ મળવાં જોઇએ એવું નથી એમ પણ તેમણે સિદ્ધ કરી બતાવ્યું છે! પ્રયોગશાળામાં વનસ્પતિને આવશ્યક પોષણતત્ત્વોનું દ્રાવણ કરીને એક વાસણમાં રાખવામાં આવે છે અને તેમાં જ વનસ્પતિ ઉગાડવામાં આવે છે. આ જ પ્રયોગ ખૂબ મોટા પ્રમાણમાં કરવાની કલ્પના ૧૯૩૭માં કૅલિફોર્નિયામાં ડૉ. ગૅરિકને આવી. તેમણે એક છીછરો હોજ બાંધીને તેના પાણીમાં ટમાટાને જરૂરી ક્ષારોનું દ્રાવણ કર્યું. હોજ ઉપર એક જાળી પાથરી, જેનાં છિદ્રોમાંથી ટમાટાના છોડ ઉપર આવે એવી યોજના હતી. છોડના મૂળને પ્રકાશથી નુકસાન ન થાય તે માટે જાળી ઉપર કોલસાનો ભૂકો, લાકડાનો વહેર ઇત્યાદિ પાથર્યું. આ પ્રમાણે વ્યવસ્થા કરીને તેમણે હોજના પાણીમાં ટમાટાના છોડ સફળરીતે ઉગાડી બતાવ્યા. હોજના પાણીમાં ક્ષારોનું પ્રમાણ ઓછું થાય કે તરત તેને બદલીને બીજું દ્રાવણ ઉમેરવામાં આવતું. આ માટી વગર વનસ્પતિ ઉગાડવાની પદ્ધતિને ડૉ. ગૅરિકે 'હાયડ્રૉપૉનિકસ' એ નામ આપ્યું. આ પદ્ધતિથી માટી કરતાં ઘણો વધારે પાક આવે છે એમ તેમનું કહેવું છે.

પણ આ પદ્ધતિમાં મુખ્ય વાંધો એ હતો કે છોડનાં મૂળ હમેશાં પાણીમાં ડૂબેલાં રહેવાથી મૂળને પ્રાણવાયુ મળતો નહિ. આ મુશ્કેલી પણ વૈજ્ઞાનિકોએ દૂર કરી. નીચેના દ્રાવણની સપાટી ચોવીસે કલાક મૂળને અડીને ન રાખતાં થોડો જ વખત રાખીને બાકીનો વખત તેને મૂળથી નીચે રાખવામાં આવવા લાગી. આથી વચ્ચેના સમયમાં મૂળને ખૂબ પ્રમાણમાં પ્રાણવાયુ મળવા લાગ્યો.

આ અભિનવ પદ્ધતિનો ઘણે ઠેકાણે ઉપયોગ થયો છે અને તેનાથી સરસ પાક તૈયાર થઇ શકે છે એમ સાબિત થયું છે. પણ ખૂબ મોટા પ્રમાણમાં હજુ તેનો ઉપયોગ થવાનો છે. વળી તેનાથી ખર્ચનું પ્રમાણ શું આવે છે તે પણ હજુ નક્કી થયું નથી.

આ પદ્ધતિનો ફાયદો એ છે કે તેનાથી મનુષ્યનાં ઘણાંખરાં કષ્ટ ઓછાં થઇ જશે. ખેતર સાફ કરવું, ખેડવું, કોસ અગર હાથથી પાણી પાવું ઈત્યાદિ ઘણી બાબતોની જરૂર નહિ રહે. આ પદ્ધતિમાં ઘણીખરી ક્રિયા યંત્રની સહાયતાથી જ થાય છે. વરસાદ પડે કે ન પડે, જમીન ખડકાળ હોય કે રેતાળ, તોપણ આ પદ્ધતિથી પાક ઉત્પન્ન કરી શકાશે. કાચનાં ઘરોમાં યોગ્ય ગરમી તથા ભેજ ઉત્પન્ન કરીને અનિષ્ટ હવામાનની અસર પણ દૂર કરી શકાશે. આમ આ પદ્ધતિ માનવજાતને મહાન આશીર્વાદ સમી નીવડશે એવી માન્યતા છે.

ઇંગ્લંડના પ્રો. સ્ટાઉટને આ પદ્ધતિ પર ખૂબ સંશોધન કર્યું છે. અત્યારે તેઓ આફ્રિકાના રણમાં આ બાબત પ્રયોગ કરવા ગયા છે. છેલ્લા યુદ્ધ દરમિયાન એ રણમાં ઘણાં નવાં વિમાની મથકો બાંધવામાં આવેલાં હોવાથી ત્યાં ઘણા કારીગરો તથા સૈનિકોને રહેવું પડે છે. આ સૈનિકોને ટમાટા, ભાજીપાલો, ફળફળાદિ આદિ તાજા મળતાં નથી; કારણકે રણમાં તે પાકતાં નથી અને ઇજિપ્તમાંથી એરોપ્લેનમાં લાવતાં લાવતાં તે ખરાબ થઈ જાય છે. એટલે જો રણમાં જ વિમાની મથકની આસપાસ ફળો કે શાકભાજી ઉગાડી શકાય તો તે લોકોનું જીવન ખૂબ સુખમય થઇ શકે. આ પદ્ધતિ દ્વારા તે હવે બની શકશે. ગયા મહાયુદ્ધમાં અમેરિકનોએ અસેશન, વેક આદિ બેટો ઉપર આ પદ્ધતિનો ઉપયોગ કરીને 'માટી વગરના બગીચા' (હાઇડ્રોપોનિક ગાર્ડન્સ) તૈયાર કર્યા હતા.

જોકે માટી સિવાય હવે આપણું બધુંજ ચાલી શકશે એમ કહેવાનો વખત હજી આવ્યો નથી તોપણ વિશિષ્ટ પરિસ્થિતિમાં 'વગર માટીનો પાક' શકય છે એ વસ્તુ સાબિત તો થઈ છે. (અંગ્રેજી પરથી)

કેદમાં નાખવામાં આવેલી શોધો

સમાજને હાનિકર્તા મનુષ્યોને કેદ રાખવામાં યા દેશનિકાલ કરવામાં આવે છે તેમ કેટલીક વૈજ્ઞાનિક શોધોને (તે માનવજાતને ઉપકારક હોવા છતાં)પણ કાયમ માટે કેદમાં નાખવામાં આવી છે! એ જાણીને ઘણાને આશ્ચર્ય થશે

ઇ. ૧૯૨૮માં ઑસ્ટ્રિયાના રસાયણશાસ્ત્રી ડૉ. ફર્ડિનાન્ડે એક એવી દીવાસળીની શોધ કરી કે જે ૪૦૦૦ વખત વાપરી શકાય! આ શોધની ખબર પડતાં જ સ્વીડનના દીવાસળી ઉદ્યોગના બેતાજ બાદશાહ ક્રુગરે ૬૫ લાખ રૂપિયા આપીને તે શોધ તે વૈજ્ઞાનિક પાસેથી વેચાતી લઈ લીધી અને કાયમને માટે તેને તાળું મારી દીધું!!

એક વૈજ્ઞાનિકે એવી દવાની શોધ કરી હતી કે જે શરીરના કોઈ પણ ભાગ ઉપર લગાડવામાં આવે તો તે ભાગ ઉપર કદી વાળ જ ન ઊગે! આથી અસ્ત્રા અને બ્લેડોનાં કારખાનાંના માલિકોએ મોંમાગ્યા પૈસા આપી તે શોધ ખરીદી લીધી અને તેને તાળું દઇ પૂરી દીધી. એક બાઇએ એવું 'લુબ્રિકેટીંગ ઑઈલ' શોધી કાઢયું કે જે યંત્રમાં ઊંજવાથી યંત્રમાં ઘર્ષણથી થતી ઉષ્ણતા જ ઉત્પન્ન ન થાય; વળી તેના ઉપયોગથી યંત્રો પણ લાંબો સમય ટકે. તેલ તથા યંત્રોના કારખાનાંના માલિકોને તે શોધ ધંધાની દૃષ્ટિએ હાનિકારક લાગવાથી તેને વેચાતી લઈ કાયમને માટે કેદમાં પૂરી દીધી.

ઈન્દ્ર-વંશસ્થ

કાપે, અરે ! ચૂસી દમી કુચા કરે
મનુષ્યને શેરડી તો રસે ભરે !

—રમણલાલ સોની

મૂળરાજ બીજાની વીર માતાએ પરાક્રમપૂર્વક હરાવેલો શાહબુદ્દીન ઘોરી ભારે નુકસાની ખમીને ગઝની પાછો ફર્યો ત્યારે તેને કેટલાક દરબારીઓએ ગઝનીમાં તે વખતે રહેતા એક કોટ્યાધીશ પટ્ટણી વેપારીને લૂટી લેવાની સલાહ આપી જેથી યુદ્ધનું બધું નુકસાન ભરપાઇ થઈ જાય. પણ માનધન શાહબુદ્દીને તેનો ઇન્કાર કરીને કહ્યું, 'આવી રીતે જો હું પરદેશી વેપારીને લૂટીશ તો મારા રાજ્યમાં વેપાર કરવા કોણ આવશે ? યુદ્ધનું નુકસાન તો જ્યાં તે થયું હોય ત્યાંથી જ વસૂલ લેવું જોઇએ.'

કહેવતોના અર્થ : 'ભાંગ્યું તો યે ભરૂચ'– ગમે તેવી પરિસ્થિતિમાં પણ મહત્તા કે મૂળગત સ્વભાવને ટકાવી રાખીને પોતાની શક્તિ તથા ગૌરવનો પરચો બતાવી રહેવા માટે વપરાતી આ કહેવત, આપણા આજે પણ ટકી રહેલા અતિપ્રાચીન અને પુરાણપ્રસિદ્ધ નગર ભરૂચના ઉદાહરણમાં ઉચિત રીતે જ વ્યક્ત થઇ છે. એને મળતી બીજી કહેવતો : 'કોહ્યાં તોપણ સાગનાં લાકડાં'; 'એરંડાની લાકડી તો ય ઉતરડ જોગ તો ખરી જ'; 'વાંકો તોપણ ઘઉંનો રોટલો'; 'નાનો તોપણ રાઇનો દાણો.' નીચેના દોહરામાં આવી ઘણી ઉક્તિઓ ગૂંથેલી છે :

નાનો પણ કણ રાઇનો, પાંખી તો યે મૂછ,
ઘરડો તો ય ગરાસિયો, ભાંગી તો ય ભરૂચ.
ઘરડો તોપણ બળદિયો, તોફાની પણ ગાય,
વકરેલો પણ વાણિયો, રૂઠેલી પણ માય.
મોળો તોપણ મહીપતિ, શઠ પણ સત્તાધીશ,
સૂતેલો પણ કેસરી, ઊંઘેલો પણ ફણીશ.

અનેકાર્થી શબ્દ: **કાવો**=ઉકાળો, કાઢો; બુંદદાણાનો ઉકાળો; ઘોડાને ગોળ ચક્કરમાં ફેરવવો તે; છળ, પ્રપંચ.

ગણિત-ગમ્મત : એકથી માંડીને કોઈ પણ રકમ સુધીના અંકોનો સરવાળો જાણવો હોય તો એને માટે એક ઘણી જ સહેલી રીત છે. જે રકમ સુધીનો સરવાળો કરવો હોય તેનો તથા તેની પછીની રકમનો ગુણાકાર કરી, આવેલા ગુણાકારની રકમને બે વડે ભાગતાં જે આવે તે સરવાળાનો જવાબ. દા. ત. એકથી દસ સુધીના અંકનો કુલ સરવાળો $\frac{૧૦ \times ૧૧}{૨}$=૫૫ —પી. એ. વ્યાસ

કનુ–બાપુજી, હું એક રૂપિયાનો બચાવ કરી આપું તો તમે મને આઠ આના આપો?

બાપા–જરૂર.

કનુ–તો લાવો આઠ આના. કેમકે તમે કહેલું કે હું છ માસિકમાં પાસ થઈશ તો તમે મને એક રૂપિયો આપશો. હું તેમાં નાપાસ થયો છું, એટલે તમારો એ રૂપિયો બચ્યો ને ?

બલૂનની શોધ માટે યુરોપિયનો ગર્વ લે છે, પણ ખરું જોતાં તેમણે તે શોધ કરી તેની ૫૦૦ વર્ષ પહેલાં ચીનના લોકોએ તે શોધી કાઢ્યું હતું. ૧૭મી સદીમાં ચીનમાં રહેતા એક યુરોપિયન મિશનરીએ લખ્યું છે કે ઇ. ૧૩૦૬માં શહેનશાહ ફો-કીનના રાજ્યારોહણનો સમારંભ બલૂનો ઉડાડીને ઊજવ્યો હતો.



દિલ્હીની ગાદીએ થઈ ગએલા પઠાણ રાજ્યકર્તાઓમાં સૌથી સમર્થ સુલતાન શેરશાહ સૂરીએ ૧૫૪૦માં હુમાયૂને હાંકી કાઢીને જે પાંચ વર્ષ રાજ્ય કર્યું તે દરમ્યાન તેણે મહાન રાજ્યકર્તાનું સર્વ રચનાત્મક અને વહીવટી કૌશલ દાખવ્યું હિંદી ચલણી નાણાંને પણ તેણે જ સ્થિર રૂપ આપ્યું, જેને અકબરે સંપૂર્ણતાએ પહોંચાડયું. તેણે જ ત્રાંબા અને રૂપાના સિક્કાઓને 'દામ' અને 'રૂપિયો' નામ આપીને તેનાં વજન, અનુક્રમે ૧૭૮ અને ૩૩૦ ગ્રેન નક્કી કર્યાં ને ચલણના અરધા, ચોથા, આઠમા અને સોળમા ભાગ નક્કી કર્યા જે આજ પર્યંત ચાલુ છે. ઉપરનું ચિત્ર હિંદના એવા પહેલા રૂપિયાનું છે. તેમાં એક બાજુએ વચલા ચોરસમાં કલીમા કોતરેલ છે અને તેની પાછળ (જમણી તરફના ચિત્રમાં) ચોકઠામાં 'શેરશાહ સુલતાન ખલ્લાદ અલ્લાહુ મુલ્કહુ ૯૪૮' લખેલું છે તથા તેની નીચે નાગરી લિપિમાં 'શ્રી શેરશાહી' કોતરેલું છે.




કલાકણિકા : દક્ષિણ હિંદના રૂપાના જડતરકામવાળો આ ત્રાંબાનો લોટો તાંજોરની કારીગરીનો નમૂનો છે. એમાં ભરચક સુશોભનવાળા વચલા પટ્ટાના એકએક ગોખમાં વિષ્ણુના દશ અવતારની એકેક મૂર્તિ છે.



તમે ગમે તેવા મોટા ચિત્રકાર હો પણ જો તમને કહેવામાં આવે કે એવાં ત્રણ સસલાં દોરો કે જેમની વચ્ચે ફક્ત ત્રણ જ કાન વહેંચી આપવા છતાં દરેકને બબ્બે કાન હોય એમ દેખાય, તો તમે જરૂર ના પાડવાના. પણ કુશળતાપૂર્વક તેની ગોઠવણી કરવાથી તે શક્ય છે. જુઓ ઉપરનું ચિત્ર.

રશિયાની વાર્ષિક આવક ૧૬૫૦૦ કરોડ રૂપિયા છે, અમેરિકાની ૭૦૦૦૦ કરોડ છે, જ્યારે હિંદની માંડ ૫૦૦ કરોડ રૂપિયા છે.



હિન્દ સ્વતંત્ર થયું તેની નવી ટિકિટો તો તૈયાર થતાં વાર લાગશે; પણ તે દરમ્યાન, એ સ્વાતંત્ર્યદિનની તારીખ–૧૫મી ઑગસ્ટથી હિન્દની બધી પોસ્ટ ઑફિસોમાંથી વહેંચાતા કાગળો પર એ પ્રસંગના સ્મરણમાં ઉપર પ્રમાણેની 'જય હિન્દ'ની પોસ્ટ માર્ક (ટપાલની છાપ) મારવાની શરૂ થઇ હતી.

૧ બુદ્ધિધન	અ. ચુનીલાલ વર્ધમાન
૨ દામોદર મહેતા	બ. કનૈયાલાલ મુનશી
૩ પ્રતાપમલ્લ	ક. ધૂમકેતુ
૪ ગૌતમ	ડ. ગોવર્ધનરામ
૫ વલીમહંમદ	ઈ. શરદબાબુ
૬ કીર્તિદેવ	ફ. ઝવેરચંદ મેઘાણી
૭ ઈન્દ્ર	ગ. રમણલાલ વ. દેસાઈ

(૩) નીચેની લીટી કોઈ ગુપ્ત ભાષામાં લખેલી નથી કે નથી તે કોઇ ભારે કોયડો. તેનો ઉકેલ તદ્દન સાદો છે. તમે ઉકેલી શકશો?

જે વાવિચા રોત મેસેવ શોતે વુંજતમા રુંજી વનબન શેગા ટેહંમે શજી ચાવિ ચારોસે વો.

(૪) તમારા સામાન્ય જ્ઞાનને કસતા થોડાક પ્રશ્નો નીચે આપ્યા છે. (ક) કૂતરાની દોડવાની સૌથી વધુ ઝડપ કેટલી ? (ખ) શેમાં તરવું વધુ સહેલું—નદીમાં કે દરિયામાં? (ગ) એવું કયું પ્રાણી છે કે જેને જન્મે છે ત્યારે પૂંછડી હોય છે પણ પગ હોતા નથી અને મૃત્યુ પામે છે ત્યારે પગ હોય છે પણ પૂંછડી હોતી નથી? (ઘ) જગતમાં સૌથી વધુ પ્રાણવાયુ કોણ પેદા કરે છે ? (ચ) એક મોટરનું વજન વિષુવવૃત્ત પર ૨૫ મણ હોય તો તે જ મોટરને ધ્રુવ ઉપર જઈ જોખવામાં આવે તો વજન ઓછું થશે કે વધારે ? (છ) જીવાણુઓ (Bacteria)નો રંગ કયો હોય છે ? (જ) કાચબાને કેટલા દાંત હોય છે (ઝ) કલકત્તાથી સુએઝની નહેરમાં થઈ લંડન જવા માટે તમે આગબોટમાં મુસાફરી કરો તો કયા કયા સમુદ્રોમાંથી પસાર થવું પડશે?

(૫) તમે નીચેના ઠેકાણે જાઓ તો તમારે કયાં વાહનો વડે અવરજવર કરવી પડશે ? (ક) સ્વિટ્ઝર્લૅન્ડ (ખ) અરબસ્તાન (ગ) શાંઘાઇ (ઘ) શ્રીનગર.

કસોટીના જવાબ: (૧) રબ્બર=1 પૈસો, પેન્સિલ=સવા બે આના, ચોપડી=છા આના; (૨) 1-ડ, ૨-ક, ૩-અ, ૪-ગ, ૫-ફ, ૬-બ, ૭-ઈ; (૩) જેવા વિચારો તમે સેવશો તેવું જ તમારું જીવન બનશે. માટે હંમેશ ઊંચા વિચારો સેવો; (૪) (ક) કલાકના ૩૫ માઇલ (ખ) દરિયામાં (ગ) દેડકો (ઘ) જગતનો ૦ ટકા પ્રાણવાયુ વનસ્પતિ-ઝાડ પેદા કરે (ચ) ઓછું-પાંચ શેર (છ) તે રંગવિહીન હોય છે. (જ) દાંત જ હોતા નથી (ઝ) બંગાળનો ઉપસાગર, હિંદી મહાસાગર, અરબી સમુદ્ર, એડનનો અખાત, રાતો સમુદ્ર, ભૂમધ્ય સમુદ્ર, બિસ્કેનો ઉપસાગર, આટલાંટિક મહાસાગર, ઈંગ્લીશ ખાડી; (૫) (ક) પૈડાં વગરની સ્લેજ ગાડી (ખ) ઊંટ (ગ) રીક્ષા (ઘ) હોડી.



નાવલી નદી: [illegible] ચિત્ર [illegible] સાવર–કુંડલાની [illegible] નદીનું છે. સાવર ને કુંડલા બંને જુદાંજુદાં ગામો છે ને નાવલી એ બંને ગામોની વચ્ચેથી વહી જાય છે. આ નદીની વિશિષ્ટતાઓ અજબ છે. એની વધુમાં વધુ લંબાઈ ચાર માઈલની છે; પહોળાઈ માંડ દસ હાથ; અને ઊંડાઈ? ઊંધે માથે માથોડું! એથી યે વધુ અજાયબીની વાત એ છે કે એ નદી જમીનમાંથી નીકળે છે અને જમીનમાં જ સમાઇ જાય છે! છતાં ખૂબીની વાત એ છે કે ગમે તેવા દુકાળમાં પણ એ સુકાતી નથી. એને વિષે એવી દંતકથા છે કે પહેલાં ગામને છેડે દેવીનું એક દહેરું હતું. એક ચારણ એ દેવીની ભક્તિ કરતો. એક-વાર ભારે દુકાળ પડ્યો ને લોકો પાણી વગર તરફડવા લાગ્યા. ચારણે દેવીને રીઝવવા તપ આદર્યું. દેવી પ્રસન્ન થતાં ચારણે માગ્યું કે 'કદી ન સુકાય એવી એક નદી આપો.' દેવીએ કહ્યું: 'ભલે; પાછળ જોયા વગર ચાલ્યો જજે. તારી પાછળપાછળ એક નદી ચાલી આવશે; પણ જોજે, પાછળ જોતો નહિ.' ચારણે પાછળ જોયા વિના ચાલવા માંડ્યું ને એક ભાગોળથી બીજી ભાગોળ સુધીનો રસ્તો કાપી નાંખ્યો. પણ ચારણના મનમાં અશ્રદ્ધા પ્રકટી કે દેવીની વાત સાચી તો હશે ને? ખાત્રી કરવા એણે પાછું જોયું: પાછળ આવતી નદી ત્યાં જ અટકી ગઇ અને એનું પાણી જમીનમાં સમાવા લાગ્યું. ત્યારથી નાવલી નદી એક ભાગોળથી નીકળી બીજી ભાગોળ સુધી સાવર અને કુંડલાની વચ્ચેથી નિરંતર એકધારા પ્રવાહે વહી જાય છે અને થોડે દૂર જઈ ભૂમિમાં સમાઈ જાય છે. (ફોટો અને લેખ–**યોગેન્દ્ર પ્રિયદર્શી**)

અમેરિકન ટિકિટશતાબ્દીનું 'ફર્સ્ટ ડે કવર': ટિકિટસંગ્રહના શોખમાં 'ફર્સ્ટ ડે કવર'(First day Cover–પહેલા દિવસના પાકીટ)નું પણ એક ખાસ મહત્ત્વ ગણાય છે. 'ફર્સ્ટ ડે કવર' એટલે કોઈ વિશિષ્ટ પ્રસંગના સ્મરણમાં કાઢવામાં આવેલી ટિકિટો વાપરીને પહેલે જ દિવસે પોસ્ટ કરવા માટે ખાસ તૈયાર કરવામાં આવેલું પાકીટ. અમેરિકામાં આવા 'ફર્સ્ટ ડે કવર' ખૂબ પ્રચલિત છે. આ બાજુમાં આપેલું 'ફર્સ્ટ ડે કવર' એટલા માટે વિશિષ્ટ છે કે તે ખુદ અમેરિકન સરકારી ટપાલખાતાએ કાઢેલું ઑફિશિયલ 'ફર્સ્ટ ડે કવર' છે ને અમેરિકામાં ટપાલની ટિકિટ ચાલુ થયાને આ વર્ષે સો વરસ પૂરાં થયાં તેના સ્મરણમાં એ શતવર્ષી ઊજવવાને તા. ૧૭થી ૨૯મી મે ૧૯૪૭ના દિવસોમાં ત્યાં ભરાએલા 'ઈન્ટરનૅશનલ ફિલૅટેલિક એક્ઝીબીશન' (આંતરરાષ્ટ્રીય ટિકિટસંગ્રહ પ્રદર્શન)ના ટાંકણે તે ખાસ બહાર પાડવામાં આવ્યું છે. અમેરિકાએ ૧૮૪૭માં પહેલવહેલી જે બે ટિકિટો (એક પાંચ સેન્ટની–બેન્જામિન ફ્રાંકલિનના ચિત્રવાળી ને બીજી દસ સેન્ટની–જ્યૉર્જ વૉશિંગ્ટનના ચિત્રવાળી) બહાર પાડેલી તે બંને ટિકિટો ફરી એકીસાથે છાપેલું નાનું શીટ આ પ્રસંગે અમેરિકન ટપાલખાતાએ બહાર પાડ્યું છે તે આ કવર પર ચોડેલું છે. તેની ડાબી બાજુએ મથાળે અમેરિકન રાજ્યમુદ્રાના ગરુડની છાપ નીચે શતાબ્દી તારીખ ને પ્રદર્શનનો ઉલ્લેખ, વચ્ચે જ્યૉર્જ વૉશિંગ્ટનની છબિ તથા ટિકિટની છાપ ને નીચે 'ઑફિશિયલ ફર્સ્ટ ડે કવર' એટલા અક્ષરો છે. ટપાલની છાપમાં પણ પ્રદર્શનનો ઉલ્લેખ છે.(શ્રી હરિલાલ બૅંકર-વઢવાણ કૅમ્પ-ના સંગ્રહમાંથી)

